Sunday, 09 November 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષ: ૨૨ ● અંકઃ ૨૮૧ ● સંવત-૨૦૮૨ કારતક વદ પાંચમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD



કેટલાક લોકો સફળતાના માત્ર સપના જોવે છે, જ્યારે અન્ય વ્યક્તિ જાગે છે અને આકરી મહેનત કરે છે. -મહાત્મા ગાંધીજી

## જાહેર થયેલા ચૂંટણી પરિણામોમાં

# દમણ-દીવ જિ.પં., સરપંચો અને દમણ, સેલવાસ ન.પા.માં ભાજપનો જય જયકાર

**દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલનો દમણ ન.પા. અને જિ.પં.માં સફાયોઃ મતદારોએ વિકાસની રાજનીતિ ઉપર મારેલી મહોર**













**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૮**

આજે જાહેર થયેલા ચૂંટણી પરિણામોમાં દમણ અને દીવ જિલ્લા પંચાયત, ગ્રામ પંચાયતના સરપંચો તથા દમણ ન.પા.માં ભાજપનો જય જયકાર થવા પામ્યો છે અને અપક્ષ સાંસદ શ્રી ઉમેશ પટેલની અપક્ષ પેનલનો સફાયો થયો છે અને મોટી દમણની બે ગ્રામ પંચાયતો અને બે જિલ્લા પંચાયત બેઠકો ઉપર ભાજપને મળેલા જ્વલંત વિજયે ફરી એકવાર વિકાસની રાજનીતિ ઉપર મહોર મારી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દમણમાં જિલ્લા પંચાયત, નગરપાલિકા અને ગ્રામ પંચાયતોના સરપંચની ચૂંટણીમાં ભાજપે ભવ્ય વિજય મેળવ્યો છે. આ ભવ્ય વિજય બાદ દમણમાં ભાજપના કાર્યકરો અને સમર્થકોમાં ઉજવણીનો માહોલ સર્જાયો છે. વિજયની ઉજવણી કરવા માટે કાર્યકરોએ બેન્ડવાજા અને ડીજેના તાલ સાથે વિજય સરઘસ કાઢ્યું હતું. દમણ જિલ્લા પંચાયતમાં મરવડ બેઠક, નગરપાલિકામાં વોર્ડ નંબર ૧૨ અને ભીમપોર ગ્રામ પંચાયતના સરપંચની બેઠક પર અપક્ષ ઉમેદવારોએ ભાજપને હાર આપી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પ્રચંડ વિજય બાદ, ભાજપના પ્રદેશ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાએ એક પત્રકાર પરિષદમાં જનતાનો આભાર માનતા જણાવ્યું કે, પ્રદેશના લોકોએ વિકાસને પસંદ કર્યો છે, તેથી જ અમે જિલ્લા પંચાયતમાં ૧૫, નગરપાલિકામાં ૧૪ અને સરપંચની ૧૫ બેઠકો જીતી છે. આ દરમિયાન, તેમણે જણાવ્યું હતું કે, મરવડ જિલ્લા પંચાયત બેઠક ભાજપે ગુમાવી તેના કારણો શોધી કાઢવામાં આવશે અને તપાસ કરવામાં આવશે.

દરમિયાન, પ્રદેશ ભાજપ પ્રભારી શ્રી દુષ્યંતભાઈ પટેલે જણાવ્યું હતું કે, દમણના લોકોને વિકાસ ગમ્યો છે. દાનહ અને દમણ-દીવમાં ભાજપે પ્રચંડ બહુમતીથી શાનદાર વિજય મેળવ્યો છે, જેના માટે લોકોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે દમણ જિલ્લા પંચાયતમાં અપક્ષ ઉમેદવાર શ્રીમતી ધર્મિષ્ઠાબેન સુરેશભાઈ પટેલે મરવડમાં ભાજપના શ્રીમતી રીટાબેન સતીષ પટેલને હાર આપી છે. દુણેઠામાં ભાજપના ઉમેદવાર શ્રીમતી મીનાક્ષીબેન શંકરભાઈ પટેલે અપક્ષ ઉમેદવારો વિદ્યા બડે અને શ્રીમતી વિમરાબેન હરીશ ભાનુશાલીને હરાવ્યા છે.

દમણ જિલ્લા પંચાયતની દાભેલ બેઠક પર ભાજપના ઉમેદવાર શ્રીમતી પટેલ તોરલ ભૂપેન્દ્ર અપક્ષ ઉમેદવાર શ્રીમતી કિંજલ મનુભાઈ પટેલને હરાવ્યા હતા. સોમનાથ બેઠક ઉપર ભાજપના ઉમેદવાર શ્રીમતી પટેલ રીનાબેન હરીશભાઈએ અપક્ષ ઉમેદવાર શ્રી પટેલ મયંકકુમાર જગનભાઈને અંદાજે ૧૪૦૦ મતોથી હરાવ્યા હતા.

- (વધુ પાના નં.૨ પર)

## પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ટ્વીટ કરી સંઘપ્રદેશમાં ભાજપને મળેલા પ્રચંડ વિજયને વધાવ્યો

**મહેનતુ કાર્યકર્તાઓની પાયાના સ્તરે કરેલા પ્રયાસની કરેલી પ્રશંસા**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવી દિલ્હી, તા.૦૮**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ટ્વીટ કરી દાદરા નગર હવેલી, દમણ અને દીવમાં ભાજપને મળેલા પ્રચંડ વિજયને વધાવ્યો હતો. તેમણે પોતાના એક્સ ઉપરના સંદેશમાં દાદરા નગર હવેલી, દમણ અને દીવના મારા ભાઈઓ અને બહેનોનો આભાર કે તેમણે કેન્દ્ર શાસિત પ્રદેશમાં યોજાયેલી સરપંચ, જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓમાં ભાજપને અસાધારણ સમર્થન આપ્યું છે. આ કેન્દ્ર શાસિત પ્રદેશનો આપણાં પક્ષના વિકાસ એજન્ડા સાથે મજબૂત જોડાણ દર્શાવે છે. હું આપણા મહેનતુ કાર્યકર્તાઓની પાયાના સ્તરે તેમના પ્રયાસો માટે પ્રશંસા કરૂં છું.

## સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો જ્વલંત વિજય બદલ ગૃહમંત્રી અમિતભાઈ શાહે લોકોનો માનેલો આભાર



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવી દિલ્હી, તા.૦૮**

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે આજે ટ્વીટ કરી દાદરા નગર હવેલી, દમણ અને દીવમાં ભાજપને મળેલા પ્રચંડ વિજયને વધાવ્યો હતો. તેમણે ટ્વીટ કરતા જણાવ્યું હતું કે, દાદરા નગર હવેલી, દમણ અને દીવના લોકોનો સરપંચ, જિલ્લા પંચાયત અને કાઉન્સિલરની ચૂંટણીમાં ભાજપમાં દર્શાવેલા વિશાળ વિશ્વાસ બદલ હૃદયપૂર્વક આભાર માનું છું. તમારો ટેકો ભાજપની પ્રગતિ પ્રત્યેની પ્રતિબદ્ધતામાં વિશ્વાસ દર્શાવે છે. અમારા સમર્પિત કાર્યકર્તાઓને તેમના અથાક પ્રયાસો બદલ અભિનંદન. પ્રધાનમંત્રી શ્રી @narendramodiજીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, અમે બંને કેન્દ્ર શાસિત પ્રદેશોને સુશાસન અને વિકાસનું મોડેલ બનાવવાનું ચાલુ રાખીશું.

## દાનહ અને દમણ-દીવમાં જિ.પં., સરપંચ અને ન.પા.ની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાવવા બદલ રાષ્ટ્રીય ભાજપ અધ્યક્ષ જે.પી.નડ્ડાએ કર્યા વખાણ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવી દિલ્હી, તા.૦૮**

દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપના થયેલા પ્રચંડ વિજયને રાષ્ટ્રીય ભાજપ અધ્યક્ષ શ્રી જે.પી.નડ્ડાએ વધાવ્યો હતો. તેમણે એક્સ ઉપર ટ્વીટ કરતા જણાવ્યું હતું કે, સરપંચ, જિલ્લા પંચાયત અને કાઉન્સિલરની ચૂંટણીમાં ભાજપ પર વિશ્વાસ મૂકવા બદલ હું દાદરા નગર હવેલી, દમણ અને દીવના લોકોનો આભાર માનું છું.

આ વિજય સ્પષ્ટપણે દર્શાવે છે કે જનતા માનનીય પ્રધાનમંત્રી શ્રી @narendramodiજીના વિઝન સાથે મજબૂત રીતે ઉભી છે, જેમના પ્રયાસો જીવન બદલી રહ્યા છે અને પાયાના સ્તરે શાસનને મજબૂત બનાવી રહ્યા છે.

હું દરેક @BJP4DnNH કાર્યકર્તાને આ સફળતા સુનિશ્ચિત કરવામાં તેમના અથાક પ્રયાસો બદલ અભિનંદન અને પ્રશંસા કરૂં છું.

## સંઘપ્રદેશની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં

# દાનહમાં જિ.પં., ગ્રા.પં. અને સેલવાસ ન.પા.માં ભાજપનો ભગવો લહેરાયો

**■ સેલવાસ ન.પા.માં વોર્ડ નં.૬ના ઉમેદવાર રજનીબેન શેટ્ટીનો ૨૩૨૭ મતે થયો વિજય ■ દાનહ જિ.પં.ના સભ્યોની ૨૬ બેઠકોમાંથી ફક્ત બે જ બેઠકો ભાજપે ગુમાવીઃ ૨૬માંથી ૨૪ બેઠકો પર ભાજપનો થયેલો વિજયઃ સરપંચ પદના ઉમેદવારોમાં પણ ૨૬માંથી ૧૬ ભાજપ સમર્થિત ઉમેદવારો બન્યા વિજેતા**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૮**

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં ગત તા.૫મી નવેમ્બરના રોજ સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી થઈ હતી. જેનું આજે પરિણામ આવ્યું હતું. જેમાં દાનહમાં જિ.પં., ગ્રા.પં. અને ન.પા.માં પણ ભારતીય જનતા પાર્ટીનો ભગવો લહેરાયો છે. દાનહમાં જિલ્લા પંચાયત, ગ્રામ પંચાયત અને સેલવાસ નગરપાલિકાની થયેલી ચૂંટણીમાં સૌથી વધુ ભાજપના ઉમેદવારોએ જીત મેળવી છે. જો કે, સેલવાસ નગરપાલિકામાં ૧૫ વોર્ડમાંથી ૧૪ વોર્ડના સભ્યો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. ફક્ત વોર્ડ નંબર ૬માં જ ચૂંટણી યોજાઈ હતી જેમાં ભાજપના ઉમેદવાર પૂર્વ ન.પા. પ્રમુખ શ્રીમતી રજનીબેન શેટ્ટી ૨,૩૨૭ મત મેળવી વિજેતા બની છે. જેથી સેલવાસ નગરપાલિકામાં સંપૂર્ણ બહુમતી ભાજપને મળી છે.

દાનહ જિલ્લા પંચાયતના સભ્યોની ૨૬ બેઠકોમાંથી ફક્ત બે જ બેઠકો ભાજપે ગુમાવી છે અને ૨૪ બેઠકો પર વિજય મેળવ્યો છે. સરપંચ પદના ઉમેદવારોમાં પણ ૨૬માંથી ૧૬ ભાજપ સમર્થિત ઉમેદવારો વિજેતા બન્યા છે, જ્યારે કોંગ્રેસ પાર્ટીના ૦૬ ઉમેદવારો અને ભારતીય આદિવાસી પાર્ટીના એક ઉમેદવારની જીત થઈ છે.

આજે આવેલા ચૂંટણીના પરિણામ બાદ પ્રદેશ ભાજપ પ્રભારી શ્રી દુષ્યંતભાઈ પટેલ અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાની અધ્યક્ષતામાં અટલ ભવનથી ભવ્ય વિજયરેલી કાઢવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ જોડાયા હતા.

## દીવ જિલ્લા પંચાયતની ત્રણ બેઠકોની થયેલી ચૂંટણીમાં ત્રણેય બેઠકો ઉપર ભાજપના ઉમેદવારોનો થયેલો વિજય

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૦૮**



દીવજિલ્લામાં ગત તા.૦૫ નવેમ્બરના બુધવારના રોજ યોજાયેલી દીવ જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો માટે શાંતિપૂર્ણ મતદાન બાદ, આજે દીવ કલેક્ટર કચેરી સ્થિત મતગણતરી કેન્દ્ર પર મત ગણતરી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

મત ગણતર જિલ્લા પંચાયત વોર્ડ નં.૨/૮, વોર્ડ નં. ૩/૮ અને વોર્ડ નં. ૬/૮માં પડેલા મતોની ગણતરી કરવામાં આવી હતી. ગણતરી બાદ, ત્રણેય વોર્ડમાં ભાજપના ઉમેદવારોને વિજયી જાહેર કરવામાં આવ્યા હતા. વોર્ડ નં.૨/૮માં ભાજપના ઉમેદવાર શ્રી નાનજી બાબુ સોલંકીને, વોર્ડ નં.૩/૮માં ભાજપના ઉમેદવાર શ્રીમતી કોટિયા રંજીતાબેનને અને વોર્ડ નં. ૬/૮માં ભાજપના ઉમેદવાર શ્રી દીપક દેવજીને વિજયી જાહેર કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ૨/૮મી જિલ્લા પંચાયત બેઠક માટે કુલ ૨,૩૦૪ મત મળ્યા હતા, જેમાંથી ભાજપના ઉમેદવાર શ્રી નાનજી બાબુને ૨,૦૩૬ મત મળ્યા હતા અને તેઓ જંગી વિજયી બન્યા હતા. તેવી જ રીતે, ૩/૮મી જિલ્લા પંચાયત બેઠક માટે કુલ ૧,૬૦૩ મત મળ્યા હતા, જેમાંથી ભાજપના ઉમેદવાર શ્રીમતી રંજીતા કોટિયાને ૧,૨૮૦ મત મળ્યા હતા અને તેઓ વિજયી બન્યા હતા. ૬/૮મી જિલ્લા પંચાયત બેઠક માટે કુલ ૪૭૧ મત મળ્યા હતા, જેમાંથી ભાજપના શ્રી દીપક દેવજીને ૨૬૫ મત મળ્યા હતા અને તેઓ વિજયી બન્યા હતા.

ચૂંટણી પરિણામોની જાહેરાત બાદ, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દીવ, શ્રી રાહુલ દેવ બુરાએ ત્રણેય વિજેતા ઉમેદવારોને ચૂંટણી પ્રમાણપત્રો અર્પણ કર્યા હતા. આમ, દીવમાં સમગ્ર જિલ્લા પંચાયત ચૂંટણી પ્રક્રિયા વિધિવત રીતે પૂર્ણ થઈ હતી.

## પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં પ્રશાસક પ્રફુલભાઈ પટેલના વિકાસના વિઝનના કારણે

# સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ભાજપનો ભવ્ય વિજય

**કેન્દ્ર શાસિત પ્રદેશના લોકોએ નવા અને વિકસિત ભારત પ્રત્યેની દર્શાવેલી પ્રતિબદ્ધતાઃ તમામ મુખ્ય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને પ્રચંડ બહુમતીથી જીતીને ભાજપને સોંપી સત્તાની ચાવી**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૮**

ગત તા.૫મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં થયેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીના આજે પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. જનતાએ કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના ત્રણેય જિલ્લાઓમાં ભાજપને બહુમત સાથે પ્રચંડ વિજય અપાવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલની વિકાસની રાજનીતિના કારણે, ભાજપે દમણ જિલ્લા પંચાયતમાં ૧૬માંથી ૧૫ બેઠકો, દમણ નગરપાલિકામાં ૧૫માંથી ૧૪ બેઠકો, દીવ જિલ્લા પંચાયતમાં ૮માંથી ૮ બેઠકો, સેલવાસ નગર પાલિકામાં ૧૫માંથી ૧૫ બેઠકો, દાદરા નગર હવેલી જિલ્લા પંચાયતમાં ૨૬માંથી ૨૪ બેઠકો, દમણ જિલ્લાની ૧૬ ગ્રામ પંચાયતોમાંથી ૧૫, દાદરા નગર હવેલીમાં ૨૬ ગ્રામ પંચાયતોમાંથી ૧૬, દીવ જિલ્લામાં ૨ ગ્રામ પંચાયતમાં જીત મેળવી છે. કેન્દ્ર શાસિત પ્રદેશના લોકોએ નવા ભારત અને વિકસિત ભારત પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી છે અને તમામ મુખ્ય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સત્તાની ચાવીઓ ભાજપને સોંપી દીધી છે.

- (વધુ પાના નં.૨ પર)




## સુવિચાર - સદ્વિચાર

ભુલોથી શીખવું એ જ સાચું શિક્ષણ છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### એવું કાંઈ નહીં!

હવે પહેલો વરસાદ અને બીજો વરસાદ અને છેલ્લો વરસાદ
એવું કાંઈ નહીં!
હવે માટીની ગંધ અને ભીનો સંબંધ અને મઘમઘતો સાદ
એવું કાંઈ નહીં!
સાવ કોરુંકટાક આભ, કોરાંકટાક મોભ, કોરાંકટાક બધાં નળિયાં,
સાવ કોરી અગાસી અને તેય બારમાસી, હવે જળમાં ગણો તો
ઝળઝળિયાં!
કાળું ભમ્મર આકાશ મને ઘેઘુર બોલાશ સંભળાવે નહીં;
મોર આઘે મોભારે ક્યાંક ટહુકે તે મારે ઘેર આવે નહીં.
આછા ઘેરા ઝબકારા, દૂર સીમે હલકારા લઈને આવે ઉન્માદ
એવું કાંઈ નહીં!
હવે પહેલો વરસાદ અને બીજો વરસાદ અને છેલ્લો વરસાદ
એવું કાંઈ નહીં!
કોઈ ઝૂકી ઝરૂખે સાવ કજળેલા મુખે વાટ જોતું નથી;
કોઈ ભીની હવાથી શ્વાસ ઘૂંટીને સાનભાન ખોતું નથી.
કોઈના પાલવની ઝૂલ, ભીની ભીની થાય ભૂલ, રોમેરોમે સંવાદ
એવું કાંઈ નહીં!
હવે પહેલો વરસાદ અને બીજો વરસાદ અને છેલ્લો વરસાદ

- ભગવતીકુમાર શર્મા

## આજની જોક

આળસુ માણસે ખુશ થઈને તેના મિત્રને કહ્યું : કુદરત મારી જુદી જુદી રીતે મદદ કરી રહ્યું છે. હાથ-પગ નથી હલાવવા પડતા અને કામ થઈ જાય છે. મારે ઝાડ કાપવાના હતા, એટલામાં તોફાને મદદ કરી, હું કચરાનો ઢગલો સળગાવવાનું વિચારી રહ્યો હતો કે એટલી વારમાં આકાશમાંથી વીજળી પડી અને કચરામાં આગ લાગી ગઈ.

મિત્રઃ તો હવે શું પ્રોગ્રામ છે.?

આળસુ બોલ્યોઃ મારે જમીનમાંથી બટાટા અને ગાજર કાઢવાના છે, ભુકંપની રાહ જોઈ રહ્યો છું.

## કબીર વાણી

**કબીર! કેવલ નામકે, જબ લગ દિવે બાત;**
**તેલ ઘટા બાતી બુજી, તબ સોવે દિન રાત.**

**- અર્થાત-**

હું કબીર કેહવાઉં છું, તે જ્યાં સુધી આ દીવો બળતો રહેલો છે ત્યાં સુધીજ; એકવાર તે દીવા માંહેનું તેલ ઘટ્યું ને બત્તિ બુજાઈ ગઈ, ત્યારે તો પછી રાત ને દિવસ ઉંઘવાનુંજ છેજ.

## આજનો દિન વિશેષ

### શ્રીમદ્ રાજચંદ્ર




શ્રીમદ્ રાજચંદ્ર (૯ નવેમ્બર ૧૮૬૭ - ૯ એપ્રિલ ૧૯૦૧), જેને પરમ કૃપાલુ દેવ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે જૈન કવિ, રહસ્યવાદી, દાર્શનિક, વિદ્વાન અને ભારતના એક મુખ્ય સુધારક હતા. મોરબી નજીકના ગામ વાવનિયામાં જન્મેલા, તેમણે સાત વર્ષની ઉંમરે તેમના ભૂતકાળના જીવનનું સ્મરણ મેળવ્યું. તેમણે અવધાન કર્યું, જે એક સ્મૃતિ અને સ્મરણ કસોટી હતી જેનાથી તેમને લોકપ્રિયતા મળી, પરંતુ પાછળથી તેમણે તેમના આધ્યાત્મિક કાર્યોને આગળ ધપાવવા માટે તેને નિરુત્સાહિત કર્યા. તેમણે આત્મા-સિદ્ધિ-શાસ્ત્ર સહિત ઘણી દાર્શનિક કવિતાઓ લખી. તેમણે ઘણા પત્રો અને ભાષ્યો પણ લખ્યા અને કેટલાક ધાર્મિક ગ્રંથોનો અનુવાદ પણ કર્યો. તેઓ જૈન ધર્મ પરના તેમના ઉપદેશો અને મહાત્મા ગાંધીને તેમના આધ્યાત્મિક માર્ગદર્શન માટે જાણીતા છે.

## સન્ડે સ્પેશિયલ : પ્રેરક પ્રસંગ

### મનોબળ

સુપ્રસિદ્ધ હિન્દી કવિયત્રી મહાદેવી વર્માના શરૂઆતના દિવસોનો પ્રસંગ છે. એકવાર એમના મનમાં બૈદ્ધ ભિક્ષુણી બનવાનો વિચાર આવ્યો પણ છેવટની ઘડીએ એમનો વિચાર બદલાઈ ગયો, આમ કેમ બન્યું એ એમના જ શબ્દોમાં સાંભળીએ..

ત્યારે હું કૉલેજના પ્રથમ વર્ષમાં ભણતી હતી. મનમાં વિચાર આવ્યો કે ભિક્ષુણી બની જાઉં. મેં લંકાના બૌદ્ધ-વિહારમાં પત્ર લખ્યો. એમને જણાવ્યું કે હું ભિક્ષુણી બનવા માગું છું. દીક્ષા માટે લંકા આવું કે આપના કોઈ ભિક્ષુ ભારત આવશે ?

એમણે જવાબ આપ્યો, 'અમે ભારત આવીએ છીએ. નૈનીતાલમાં રોકાઈશું. તમે ત્યાં આવીને મળો.' મેં ભિક્ષુણી બનવાનો નિશ્ચય કરી લીધો. મારી બધી મિલ્કત દાન કરી દીધી. જ્યારે નૈનીતાલ પહોંચી અને જ્યારે જોયું તો ત્યાં અંગ્રેજો જેવો ઠાઠમાઠ છે, મને થયું, આ કેવો ભિક્ષુ છે. ભાઈ, આવો જ ઠાઠમાઠ રાખવો હોય તો ભિક્ષુ શા માટે બનવું? ખેર, તો પણ હું ગઈ.

સિંહાસન પર ગુરુજી બેઠા હતા. એમણે ચહેરાને પંખાથી ઢાંકી રાખ્યો હતો. એમને જોવા હું આગળ વધી. એમણે મ્હોં ફેરવી ફરી ચહેરો ઢાંકી દીધો. હું જોવાનો પ્રયત્ન કરતી અને તે ચહેરો ઢાંકી દેતા. કેટલીયે વાર આમ બન્યું અને અમને ગુરુનો ચહેરો જોવા ન મળ્યો. જ્યારે મંત્રીવર અમને વળાવવા બહાર સુધી આવ્યા, ત્યારે અમે એમને પૂછ્યુંઃ 'ગુરુજી મ્હોં પર પંખો કેમ રાખે છે ?'

એમણે જવાબ આપ્યો, 'તે સ્ત્રીનું મ્હોં જોતા નથી.'

મેં મારા સ્વભાવ પ્રમાણે એમને સ્પષ્ટ કહી દીધું, 'જુઓ, આવી નિર્બળ વ્યક્તિને અમે ગુરુ નહીં બનાવીએ. આત્મા ન તો સ્ત્રી છે, ન તો પુરુષ. ફક્ત માટીના શરીરને જ આટલું મહત્વ કે આ જોવાય અને આ ન જોવાય ?'

પછી હું પાછી આવી. એમના ઘણા પત્રો આવ્યા, વારેવારે પુછાવતા - 'આપ ક્યારે દીક્ષા લેશો ?'

મેં કહ્યું 'હવે શું દીક્ષા લઈએ. આવા નિર્બળ મનોબળવાળા અમને શું આપશે ?' અને આ રીતે મહાદેવીજી બૌદ્ધ ભિક્ષુણી બનતાં બનતાં રહી ગયાં, અને મહાદેવીના રૂપમાં હિન્દી જગતને મળ્યો છાયાવાદનો એક મહાન સ્તંભ.

### મનપા એ ૨ શાળાઓને મર્જ કરવાની ફરજ પડી છે

# અમદાવાદ શહેરમાં મનપા સંચાલિત ૯૩ શાળાને લાગ્યા તાળા

## છેલ્લા ૫ વર્ષમાં પડી હોય તો ૨૦ જેટલી શાળાઓ એવી છે કે જેને છેલ્લા ૫ વર્ષમાં મર્જ કરવાની ફરજ પડી હોય




**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ, તા.૦૮**

વિદ્યાર્થીઓની સંખ્યા મનપા સંચાલિત શાળામાં વધી રહી છે ત્યારે હકીકત સામે આવી છે કે, જેનાથી અવાક બની જશો કારણ કે શહેરમાં ૪૦૦ પૈકી ૯૩ શાળાને તાળા લાગી ગયા છે અને હવે એ શાળામાં મનપા આંગણવાડી શરુ કરી ૧૦૦ કરોડનો ફાયદો મેળવશે, આમ અલગ અલગ કારણોસર મનપા સંચાલિત ૯૩ શાળા બંધ કરવામાં આવી છે અને વિદ્યાર્થીઓના અભ્યાસ સાથે ચેડાં કરવામાં આવ્યા છે.

એક વકીલ દ્વારા RTI કરવામાં આવી ત્યારે આ વાતનો ખુલાસો થયો છે કે ૯૩ જેટલી શાળા બંધ કરી દેવામાં આવી છે, જેમાં મોટા ભાગની શાળાઓ મધ્ય ઝોન એટલે કે જુના અમદાવાદમાં આવેલી શાળાઓ છે, એક તરફ મહાનગર પાલિકા છેલ્લા ૫ વર્ષથી એવો દાવો કરતુ આવ્યું છે કે, શહેરમાં મનપા સંચાલિત શાળાઓમાં એડમિશન વધી રહ્યા છે પરંતુ ૧૦ વધારે શાળાઓ એવી છે કે જેને બંધ કરવાની ફરજ છેલ્લા ૫ વર્ષમાં પડી હોય તો ૨૦ જેટલી શાળાઓ એવી છે કે જેને છેલ્લા ૫ વર્ષમાં મર્જ કરવાની ફરજ પડી હોય. જેમાં કારણ આપવામાં આવ્યું છે કે, કાતો મકાન જર્જરિત હતું અથવા તો શાળામાં સંખ્યા ઓછી હોવાના કારણે ૨ શાળાને મર્જ કરવાની ફરજ પડી હોય તો મોટા ભાગની શાળામાં ભાડાના મકાન હતા અને જર્જરિત હોવાના કારણે બંધ કરવામાં આવ્યા હોય તો ૫૦ ટકા સ્કૂલ એવી છે જેમાં સંખ્યા સરકારના નિયમ મુજબ ના હોવાના કારણે બંધ કરવાની ફરજ પડી તો બીજી તરફ મહાનગર પાલિકા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કહી રહ્યા છે કે, ૯૩ જેટલી શાળાઓ વર્ષોથી બંધ પડી હતી જેમાં ઘણા મકાનો એવા હતા કે કોઈ સંસ્થા દ્વારા મનપાને શાળા ચલાવવા માટે દાનમાં આપવામાં આવ્યા હોય. જે ઘણા વર્ષોથી શાળા ચાલતી હતી પરંતુ એ મકાનો બંધ છે હવે એ તમામ જગ્યા પર મહાનગર પાલિકા દ્વારા આંગણવાડી ચલાવવામાં આવશે સરકાર ઘણી જગ્યાઓ પર ભાડાના મકાનમાં આંગણવાડી ચલાવે છે તેના ભાડા પેટે અથવા તો કેટલાક વિસ્તારમાં આંગણવાડી નથી તો એવા સ્થળો પર આંગણવાડી બનાવવા માટે ખર્ચ કરવો પડતો હોય ત્યારે આ મકાનોને રિનોવેટ કરી ત્યાં જ આંગણવાડી ચાલુ કરવામાં આવશે જેથી મનપા ને આશરે ૧૦૦ કરોડથી વધુનો ફાયદો થશે, એક તરફ સ્માર્ટ સ્કૂલો વધારવા માટે વાતો કરવામાં આવે છે બીજી તરફ સરકારી સ્કૂલો સતત ઘટી રહી છે તો મહાનગર પાલિકા સંચાલિત સ્કૂલોમાં સંખ્યા સતત વધી રહી છે ત્યારે મહાનગર પાલિકા દ્વારા સ્કૂલોની સંખ્યામાં વધારો કરવો જરૂરી બની ગયું છે ભલે મનપાના બંધ પડેલા મકાનોમાં આંગણવાડી ચલાવવામાં આવે પરંતુ વિદ્યાર્થીઓના અભ્યાસ માટે વ્યવસ્થા ઉભી કરવામાં આવે તે પણ જરૂરી છે.

### કૃષિ વિભાગની તૈયારીઓ પૂર્ણ

# રાજ્યમાં આજથી ૯૭ કેન્દ્રો પર ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ

## રાજ્યના કુલ ૩૦૦ કેન્દ્રો પરથી ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવશે, જેથી રાજ્યના વધુ ખેડૂતો આ યોજનાનો લાભ લઈ શકે



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ, તા.૦૮**

ગુજરાતના ખેડૂતો માટે એક મહત્વપૂર્ણ સમાચાર છે, કારણ કે રાજ્યમાં આજથી (રવિવારથી) ટેકાના ભાવે કૃષિ પેદાશોની ખરીદીનો ઔપચારિક પ્રારંભ થવા જઈ રહ્યો છે.

શરૂઆતમાં, રાજ્યભરમાં કુલ ૯૭ કેન્દ્રો પરથી ખરીદીની કામગીરી હાથ ધરવામાં આવશે. આ ખરીદી પ્રક્રિયા ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવો મળે તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારની એક મહત્વની પહેલ છે. આ ૯૭ કેન્દ્રો પર પ્રારંભિક ખરીદી બાદ, સોમવારથી રાજ્યના કુલ ૩૦૦ કેન્દ્રો પરથી ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવશે, જેથી રાજ્યના વધુ ખેડૂતો આ યોજનાનો લાભ લઈ શકે.

ટેકાના ભાવની ખરીદીમાં પારદર્શિતા જળવાઈ રહે અને કોઈ પણ પ્રકારની ગેરરીતિ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ખરીદી કેન્દ્રો પર લગાવવામાં આવેલા CCTV કેમેરાનું લાઈવ સ્ટ્રીમિંગ સીધું રાજ્યના કૃષિ વિભાગમાં કરવામાં આવશે. એટલે કે, સમગ્ર ખરીદી પ્રક્રિયા પર કૃષિ વિભાગની ચાંપતી નજર રહેશે. આ ઉપરાંત, ખરીદી કેન્દ્રો પરના વહીવટને સુવ્યવસ્થિત રાખવા માટે ક્લાસ-૧ અને ક્લાસ-૨ કક્ષાના અધિકારીઓની હાજરી ફરજિયાત કરવામાં આવી છે. આ નિર્ણય દ્વારા સરકાર ખરીદી પ્રક્રિયામાં ભ્રષ્ટાચારની શક્યતાઓને ન્યૂનતમ કરવા માંગે છે. કૃષિ વિભાગ દ્વારા આ ખરીદી પ્રક્રિયાને સફળ બનાવવા માટે સંપૂર્ણ સજ્જતા દર્શાવવામાં આવી છે. ૩૦૦ જેટલા કેન્દ્રો પર ખરીદી શરૂ થતાં લાખો ખેડૂતોને રાહત મળશે. CCTV સર્વેલન્સ અને ઉચ્ચ અધિકારીઓની હાજરી માત્ર પારદર્શિતા જ નહીં, પરંતુ ખેડૂતોને ઝડપી અને સરળતાથી તેમના પાક વેચવામાં પણ મદદ કરશે. આ વ્યવસ્થા દ્વારા સરકાર એ સંદેશ આપવા માંગે છે કે ટેકાના ભાવની ખરીદી પ્રક્રિયામાં કોઈ શરતચૂક કે અનિયમિતતા ચલાવી લેવામાં આવશે નહીં અને ખેડૂતોના હિતોનું સર્વોચ્ચ ધ્યાન રાખવામાં આવશે.

# ઈજાગ્રસ્ત દર્દીનો સયાજી હોસ્પિટલમાં બારીમાંથી કૂદીને આપઘાતનો પ્રયાસ

## બાબુરાવ પવાર મોર્નિંગ વોક માટે નિકળ્યા હતા તે દરમિયાન અજાણ્યા કાર ચાલકે તેમને ટક્કર મારતા પગમાં ઈજા પહોંચી હતી




**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**વડોદરા, તા.૦૮**

વડોદરાના ન્યુ વીઆઈપી રોડ પર આવેલા ખોડીયાર નગર નજીક વ્રજધામ સોસાયટીમાં રહેતા ૬૫ વર્ષના દયાનંદભાઈ બાબુરાવ પવાર ગત ૫મી તારીખે મોર્નિંગ વોક માટે નિકળ્યા હતા તે દરમિયાન અજાણ્યા કાર ચાલકે તેમને ટક્કર મારતા પગમાં ઈજા પહોંચી હતી.

અકસ્માતમાં તેઓને પગમાં ફેક્ચર થતા સારવાર માટે સયાજી હોસ્પિટલમાં પાંચમી તારીખે દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ સારવાર હેઠળ હતા તે દરમિયાન આજે સવારે ૬:૦૦ વાગે સર્જીકલ બિલ્ડિંગના પહેલા માળેથી બારીમાંથી નીચે ભૂસકો મારીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જો કે તેઓનો બચાવ થઈ ગયો હતો હોસ્પિટલના સ્ટાફે દોડીને તેઓને ફરીથી હોસ્પિટલમાં દાખલ કરી સારવાર શરૂ કરી છે. આપઘાતના પ્રયાસનું કારણ હજી સુધી જાણી શકાયું નથી.

# એમ્વી ફોટોવોલ્ટેઈક પાવર લિમિટેડનો આઈપીઓ મંગળવાર, ૧૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ખૂલશે




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**અમદાવાદ, તા.૦૮**

એમ્વી ફોટોવોલ્ટેઈક પાવર લિમિટેડ મંગળવાર, ૧૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ તેના રૂપિયા ૨ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેરના પ્રારંભિક જાહેર ભરણાંને ખૂલ્લું મૂકવાનો પ્રસ્તાવ રજૂ કરે છે. એન્કર ઈન્વેસ્ટર માટે બિડિંગની તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના એક કાર્યકારી દિવસ પહેલાની એટલે કે સોમવાર,૧૦ નવેમ્બર, ૨૦૨૫ છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ ગુરૂવાર, ૧૩ નવેમ્બર, ૨૦૨૫ છે.

ઓફર માટે પ્રાઈસ બેન્ડ રૂપિયા ૨ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દીઠ રૂપિયા ૨૦૬થી રૂપિયા ૨ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દીઠ રૂપિયા ૨૧૭ સુધી નક્કી કરવામાં આવ્યો છે. રૂપિયા ૨ની ફેસ વેલ્યુના ઓછામાં ઓછા ૬૯ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ રૂપિયા ૨ની ફેસ વેલ્યુના ૬૯ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાય છે.

ઓફરમાં રૂપિયા ૨૧,૪૩૮.૬૨ મિલિયન (રૂપિયા ૨,૧૪૩.૮૬ કરોડ) સુધીના ઈક્વિટી શેરના નવા ઈશ્યૂ અને વર્તમાન શેરધારકો, મંજુનાથ દોન્તી વેંકટરથનૈયા અને શુભા મંજુનાથ દોન્તી (પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ) દ્વારા રૂપિયા ૭,૫૬૧.૩૮ મિલિયન (રૂપિયા ૭૫૬.૧૪ કરોડ) સુધીની ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે.

કંપનીના ઈક્વિટી શેર્સ સૂચિત રીતે BSE લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (BSE અને NSE પર એક સાથે, 'સ્ટોક એક્સચેન્જ') પર લિસ્ટ કરવામાં આવશે.

JM ફાઈનાન્શિયલ લિમિટેડ, IIFL કેપિટલ સર્વિસીસ લિમિટેડ (અગાઉ IIFL સિક્યોરિટીઝ લિમિટેડ તરીકે જાણીતી), જેફરીઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ આ ઈશ્યૂ માટેના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

# અમદાવાદમાં કમળા-કોલેરા માટેના ૨૭ હાઈરિસ્ક એરિયા જાહેર કર્યા

**(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૦૮:** અમદાવાદમાં સતત વધી રહેલા પાણીજન્ય અને મચ્છરજન્ય રોગના કેસને લઈ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ ઈન્ચાર્જ મેડીકલ ઓફિસરને ગુરૂવારે અધિકારીઓ સાથેની બેઠકમાં ખખડાવી નાંખ્યા હતા. કમિશનરે કહ્યું, તમે ઓછા કેસ બતાવીને રોગચાળો કાબૂમાં છે એમ બતાવવાની કોશીશ ના કરતા. આમ કરવાથી તમે પોતે ખોટા સાબિત થશો. શહેરમાં આવેલા ખાનગી પ્રેકટિસનર ઉપરાંત હોસ્પિટલોમાંથી પણ મચ્છર અને પાણીજન્ય રોગના ક્યાં-કેટલા દર્દી નોંધાય છે એ વિગતો જાહેર કરવાનુ રાખજો.

ચોમાસુ પુરુ થયા પછી કમળા અને કોલેરા માટેના ૨૭ હાઈરીસ્ક એરીયા હેલ્થ વિભાગ તરફથી જાહેર કરાયા છે. અમદાવાદમાં આ વર્ષે ચોમાસાનો સમય દિવાળી પછી પણ લંબાયેલો જોવા મળ્યો હતો. શહેરીજનો શરદી, ખાંસી, તાવ ઉપરાંત વાઈરલ ફિવર જેવા રોગથી મોટી સંખ્યામાં બીમાર પડી રહયા છે. આ જ સ્થિતિ પાણીજન્ય રોગમાં પણ જોવા મળી રહી છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના નિયમ મુજબ પાણીના સેમ્પલ ૯૫% સુધી ફીટ આવે તો તેને પીવાયોગ્ય ગણાય છે. મ્યુનિ.કમિશનરે ઈન્ચાર્જ મેડીકલ ઓફિસર ભાવિન સોલંકી પાસે પાણીના સેમ્પલ પૈકી કેટલા સેમ્પલમાં કલોરીન નીલ આવ્યુ અને કેટલા સેમ્પલ અનફીટ થયા એ વિગત માંગતા મેડીકલ ઓફિસરની સ્થિતિ કફોડી બની હતી. કેમકે અત્યાર સુધી તેઓ વીકલી રિવ્યૂ બેઠકમાં પાણીજન્ય રોગના કેસ વધવા મામલે ઈજનેર વિભાગ ઉપર ઠીકરુ ફોડતા હતા. તેમણે જ આપેલી વિગત મુજબ વર્ષ-૨૦૨૫માં અત્યાર સુધીમાં કુલ ૫.૨૨ લાખ સેમ્પલ હેલ્થ વિભાગે લીધા હતા. આ પૈકી ૭૫૧ એટલે કે ૦.૧૪% સેમ્પલમાં કલોરીન જોવા મળ્યુ નહોતુ. પાણીના સેમ્પલ અનફીટ છે કે કેમ તે તપાસવા આ વર્ષમાં અત્યાર સુધીમાં કુલ ૬૬,૮૫૩ પાણીના સેમ્પલના ટેસ્ટ કરાતા ૫૭૮ એટલે કે માત્ર ૦.૮૬% પાણીના સેમ્પલ અનફીટ જાહેર કરાયા છે. જે વિસ્તાર પાણીજન્ય રોગના કેસ માટે હાઈરીસ્ક શ્રેણીમાં મુકાયા છે તે તમામ એરીયામાં હેલ્થ અને ઈજનેર વિભાગને પાણી અને ડ્રેનેજની લાઈનના લીકેજીસ શોધી સમારકામ કરાવવા માટે મ્યુનિ.કમિશનરે કડક તાકીદ કરી હતી.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**દમણ-દીવ જિ.પં., સરપંચો...**

મગરવાડામાં ભાજપના ઉમેદવાર શ્રી પટેલ શીતલકુમાર નટુભાઈએ અપક્ષ ઉમેદવાર શ્રી કમલેશ જોગીભાઈ પટેલને હરાવ્યા હતા. દમણવાડા જિલ્લા પંચાયત બેઠક પર ભાજપના ઉમેદવાર શ્રી મુકેશ હરિનાથ ગોસાવીએ અપક્ષ ઉમેદવાર શ્રી પટેલ કિશોરચંદ્ર રમલભાઈને હરાવ્યા હતા. દમણ નગરપાલિકાના ત્રણ વોર્ડમાંથી, વોર્ડ નં. ૬માં ભાજપના ઉમેદવાર શ્રી અસ્પી દમણિયાએ અપક્ષ ઉમેદવાર શ્રી સન્ની દમણિયાને હરાવ્યા. વોર્ડ નં. ૭માં, ભાજપના ઉમેદવાર શ્રીમતી કપિલા સુરેશભાઈ ઓડે અપક્ષ ઉમેદવાર શ્રીમતી મંજુબેન પ્રવીણભાઈ પટેલને હરાવ્યા અને વોર્ડ નં.૧૨માં અપક્ષ ઉમેદવાર શ્રી જયંતિલાલ મિત્તલે ભાજપના ઉમેદવાર શ્રી લક્ષ્મણભાઈ(લખમ) ટંડેલને લગભગ ૩૦૦ મતોથી હાર આપી છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવમાં...**

અત્રે ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી. નડ્ડા સહિત અન્ય નેતાઓએ કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં ૧૨૪ જિલ્લા પંચાયત, દમણ અને સેલવાસ નગરપાલિકા અને ગ્રામ પંચાયતોના સરપંચોની બેઠકોમાંથી ૧૦૯ બેઠકો પર ભાજપની પ્રચંડ જીત બદલ ટ્વીટ કરીને તેમની પ્રશંસા પણ કરી છે. તમામ નેતાઓએ કેન્દ્ર શાસિત પ્રદેશના લોકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી અને ભાજપના કાર્યકરોની મહેનતની પ્રશંસા કરી હતી.

પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીના પરિણામો અંગે પી.એમ. મોદીના ટ્વીટને ફરીથી પોસ્ટ કરતા લખ્યું, કે 'માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી, તમારા પ્રેરણાદાયી નેતૃત્વ, રાષ્ટ્ર પ્રત્યે અપ્રતિમ સમર્પણ અને વિકાસ પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાને કારણે દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં ભારતીય જનતા પાર્ટીને ભવ્ય વિજય મળ્યો છે. તમારા દૂરંદેશી માર્ગદર્શન, રાષ્ટ્રીય ઉત્થાન પ્રત્યે અતૂટ પ્રતિબદ્ધતા અને રાષ્ટ્રનિર્માણ માટેના અથાક પ્રયાસોને કારણે તમારો હૃદયપૂર્વક આભાર અને અભિનંદન.'

દાદરા નગર હવેલી અને દમણ-દીવ ભાજપના નેતાઓ આ જબરદસ્ત વિજયથી ખૂબ જ ખુશ છે. કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના ભાજપ પ્રભારી શ્રી દુષ્યંતભાઈ પટેલ, પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ અગરિયા અને પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી જિગ્નેશ ડાહ્યાભાઈ પટેલે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મળેલી જબરદસ્ત જીતનો શ્રેય પી.એમ. મોદી અને પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના વિકાસના દ્રષ્ટિકોણને આપ્યો છે.

મત ગણતરી પૂર્ણ થયા બાદ આયોજીત પત્રકાર પરિષદમાં, પ્રદેશ ભાજપ પ્રભારી શ્રી દુષ્યંતભાઈ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્ર શાસિત પ્રદેશના લોકોએ પી.એમ. મોદીના વિકાસના પ્રયાસોને મંજૂરી આપી છે. તેમણે ઉમેર્યું હતું કે પી.એમ. મોદીના સક્ષમ માર્ગદર્શન હેઠળ કેન્દ્ર શાસિત પ્રદેશમાં પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલા વિકાસના પ્રયાસોને લોકોનો ટેકો મળ્યો છે. ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાએ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ભાજપની જંગી જીત માટે પી.એમ. મોદીના નેતૃત્વ, કેન્દ્ર શાસિત પ્રદેશમાં નોંધપાત્ર વિકાસ, જાહેર સમર્થન અને પક્ષના કાર્યકરોની મહેનતને શ્રેય આપ્યો હતો.

અત્રે નોંધનીય છે કે, કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના ભાજપ પ્રભારીના સક્ષમ માર્ગદર્શન અને પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયા, ભાજપ મહામંત્રી શ્રી જીગ્નેશ પટેલ અને પ્રદેશ અને જિલ્લા ભાજપની ટીમોએ ભાજપની જીત સુનિશ્ચિત કરી હતી.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને જિલ્લા હોમગાર્ડના સંયુક્ત ઉપક્રમે યોગ શિબિર યોજાઈ








(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**વલસાડ, તા.૦૮**

‘‘સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત’’ અભિયાન અંતર્ગત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને હોમગાર્ડ વિભાગ વચ્ચે રાજ્ય કક્ષાએ થયેલા એમઓયુ મુજબ હોમગાર્ડમાં કાર્યરત જવાનોની શારીરિક અને માનસિક તંદુરસ્તી સુદ્રઢ બની રહે તે હેતુસર ગુજરાતના દરેક જિલ્લાઓમાં યોગ શિબિર, યોગ સંવાદ અને યોગ ટ્રેનિંગનું આયોજન થઈ રહ્યું છે.

તા.૮ નવેમ્બરના રોજ શનિવારે ઉમરગામ તાલુકાના ભીલાડ સ્થિત સ્વામિનારાયણ સ્કૂલના પટાંગણમાં યોગ શિબિર અને સંવાદનું આયોજન હોમગાર્ડના જવાનો માટે કરવામાં આવ્યું હતું. શિબિર દરમ્યાન આસન, પ્રાણાયામ, ધ્યાન, ભોજન શૈલી અને દિનચર્યા વિષયમાં જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ ઝોન કો-ઓર્ડિનેટર પ્રીતિબેન પાંડેની અધ્યક્ષતામાં સંપન્ન થયો હતો. જિલ્લા કો-ઓર્ડીનેટર શ્રીમતી પ્રીતિબેન વૈષ્ણવ દ્વારા યોગ બોર્ડ દ્વારા ચલાવવામાં આવતી ટ્રેનિંગ વિષયમાં સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

સંપૂર્ણ કાર્યક્રમનું સુવ્યવસ્થિત સંકલન જિલ્લા હોમગાર્ડ વિભાગના સ્ટાફ ઓફિસર નિધિબેન કાવૈયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સ્વામિનારાયણ ગુરુકુળના સ્વરૂપ સ્વામી, સ્કૂલના ઈંગ્લિશ મીડિયમના આચાર્યશ્રી હિના દિક્ષિત, ગુજરાતી મીડિયના આચાર્યશ્રી પ્રતિમાબેન, સ્કૂલના સંચાલકશ્રી દિવ્યેશભાઈ, ભીલાડ પંચાયતના સભ્ય વર્ષા શાહ, વિશ્વ હિન્દુ પરિષદ વિભાગના વિશેષ સંપર્ક પ્રમુખશ્રી પિયુષ શાહ, હિંસા નિવારણ સંઘના ગૌતમ કિતાવત, ડિમ્પલ કિતાવત, ભીલાડના ઓફિસર કમાન્ડિંગ વિનોદ આરેયકર અને ઉમરગામના ઓફિસર કમાન્ડિંગ દિનેશ પટેલ, યોગ બોર્ડના યોગ કોચ વિપુલ ભંડારી અને યોગ ટ્રેનર ચિશીલભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ જિલ્લામાં નવેમ્બર માસના સ્વાગત કાર્યક્રમ માટે તા.૧૦ નવેમ્બર સુધીમાં પ્રશ્નો મોકલી આપવા

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**વલસાડ, તા.૦૮**

રાજ્યમાં નાગરિકોના ગ્રામ્ય કે તાલુકા કક્ષાના પ્રશ્નો/ફરીયાદો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે મુખ્યમંત્રીશ્રીએ ‘‘જિલ્લા સ્વાગત, તાલુકા સ્વાગત’’ કાર્યક્રમ ચાલુ કર્યો છે. માહે-નવેમ્બર - ૨૦૨૫ માસમાં સ્વાગત કાર્યક્રમ હેઠળ અરજીઓ મંગાવવામાં આવી છે.

નવેમ્બર-૨૦૨૫ માસનો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૬/૧૧/૨૦૨૫ને બુધવારના રોજ તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૭/૧૧/૨૦૨૫ને ગુરૂવારનાં રોજ યોજાશે. આ કાર્યક્રમમાં રજૂઆત કરવા માંગતા અરજદારોએ પોતાના પ્રશ્નો/રજૂઆતોનાં નિકાલ માટેની વિગતવાર અરજી, જરૂરી આધાર પુરાવાઓ સહિત અરજીઓ ‘મારી અરજી તાલુકા સ્વાગત/જિલ્લા સ્વાગતમાં લેવી’ તેવા મથાળા હેઠળ તા.૧૦/૧૧/૨૦૨૫ સુધીમાં બિનચૂક રજૂ કરવા વિનંતી છે.

ઉપરોક્ત અરજીઓ પૈકી તાલુકા કક્ષાએ નિકાલ કરવા પાત્ર ગ્રામ/તાલુકાની અરજીનો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૬/૧૧/૨૦૨૫ને બુધવારે જે-તે તાલુકાની મામલતદાર કચેરીમાં સવારે ૧૧-૦૦ કલાકે યોજાશે, જેથી અરજી કરનાર અરજદારોને જે-તે મામલતદાર કચેરી દ્વારા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહેવાની જાણ કરવામાં આવશે. તેઓએ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી રજૂઆત કરવાની રહેશે.

ઉપરોક્ત અરજીઓ પૈકી જિલ્લા કક્ષાએ નિકાલ કરવા પાત્ર અરજીઓનો જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૭/૧૧/૨૦૨૫ને ગુરૂવારે કલેકટર કચેરી, વલસાડનાં સભાખંડમાં સવારે ૧૧.૦૦ કલાકે યોજાશે. આ કામે જે તે અરજદારોને કલેક્ટર કચેરી દ્વારા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહેવાની જાણ કરવામાં આવશે. તેઓએ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી રજૂઆત કરવાની રહેશે.

ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં કોર્ટ કેસ/ સબ જ્યુડીશીયલ બાબતો/ માહિતી અધિકારી હેઠળની અરજીઓ/ સેવાકીય બાબતો/ કોઇ ખાતાની નિમણુંકની બાબતો, સર્વિસ મેટર અને અરજદારની સહી વગરની અરજીઓ લેવામાં આવશે નહી, જેની સબંધકર્તાઓએ નોંધ લેવી. સ્વાગત કાર્યક્રમમાં અરજદારશ્રી બે થી વધુ પ્રશ્ન રજૂ કરી શકશે નહી.

# ઉમરગામના ફણસા ગામમાં રાસાયણિક ખેતીથી સ્વાસ્થ્યને થતા નુકસાન અંગે ખેડૂતોને સમજણ અપાઈ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**વલસાડ, તા.૦૮**

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કાલય કલસ્ટરમાં આવેલા ફણસા ગામમાં આત્મા પ્રોજેક્ટ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવી હતી, જેમાં કોમ્યુનિટી રિસોર્સ પર્સન મોનિકાબેન તથા કૃષિ સખી નિશાબેન દ્વારા પ્રાકૃતિક ખેતીની માહિતી આપવામાં આવી હતી. જેમાં રાસાયણિક ખાતરો અને ઝેરી દવાઓના ઉપયોગના કારણે લોકોના સ્વાસ્થ્ય ઉપર થઈ રહેલી માઠી અસર વિશે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આવા સંજોગોમાં પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર શ્રેષ્ઠ વિકલ્પ હોવાનું માર્ગદર્શન ખેડૂતમિત્રોને આપવામાં આવ્યું હતું.




પ્રાકૃતિક ખેતીથી રસાયણમુક્ત ઉત્પાદન લઈ શકાય છે તથા આવનારી પેઢીને વારસામાં ઝેરમુક્ત અને ઉપજાઉ જમીન આપી શકાય છે તે અંગે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી.

# ધરમપુરના પૈખેડ ગામમાં પ્રાકૃતિક ખેતીના પાંચ આયામોની તાલીમ યોજાઈ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**વલસાડ, તા.૦૮**

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના પૈખેડ ગામમાં નેશનલ મિશન હેઠળ પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં કોમ્યુનિટી રિસોર્સ પર્સન કમલેશભાઈ અને કૃષિ સખી નીરૂબેન દ્વારા પ્રાકૃતિક ખેતી વિશે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી. પ્રાકૃતિક ખેતીના પાંચ આયામ જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, આચ્છાદાન અને મિશ્ર પાક પદ્ધતિ વિશે ખેડૂતોને સમજણ આપવામાં આવી હતી. સાથે સાથે જીવામૃત કેવી રીતે બનાવવું અને પ્રાકૃતિક ખેતી કરવાથી થતા ફાયદા વિશે પણ સમજણ આપવામાં આવી હતી.

**ત્રણ વર્ષમાં ૨૦ ટકાનો વધારો ઝીંકાયો**

# ધોરણ ૧૦ અને ધો.૧૨ ની પરીક્ષા ફીમાં તોતિંગ વધારો

**ધો.૧૦ની અગાઉ લેવાતી ફીમાં ૨૦નો વધારો કરી ૪૨૫ રૂપિયા થયા : ધો.૧૨ સામાન્ય પ્રવાહની ફીમાં ૨૫ રૂપિયાનો વધારો**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૦૮**

GSHEBએ ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ફીમાં વધારો કર્યો છે. ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ફીમાં કરાયો ૫ ટકાનો વધારો કર્યો. તો ધો.૧૦ની અગાઉ લેવાતી ફીમાં ૨૦નો વધારો કરી ૪૨૫ રૂપિયા થયા. ધો.૧૨ સામાન્ય પ્રવાહની અગાઉ લેવાતી ફીમાં ૨૫ રૂપિયાનો વધારો કરાયો. આમ, પરીક્ષા ફીમાં સતત વધારો કરતા ત્રણ વર્ષમાં ૨૦ ટકાનો વધારો થયો.

મોંઘવારીનો માર ઓછો હતો, ત્યાં હવે લોકો પર તેમના સંતાનોની ફીનો વધારો ઝીંકવામાં આવનાર છે. ગુજરાત શિક્ષણ બોર્ડે વર્ષના અંતમાં ફી વધારાનો મોટો નિર્ણય લીધો છે. ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા જાહેરાત કરાઈ કે, આગામી ફેબ્રુઆરી મહિનામાં બોર્ડની પરીક્ષા યોજાનારી છે. ત્યારે એ પહેલા GSHEBએ ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ફીમાં કર્યો વધારો ઝીંક્યો છે. ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ફીમાં ૫ ટકાનો વધારો કરાયો છે. પરીક્ષા ફીમાં સતત વધારો કરતા ત્રણ વર્ષમાં ૨૦ ટકાનો વધારો થયો છે.

આ વધારાની સીધી અસર લાખો વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ પર પડશે. પરીક્ષા ફીમાં સીધો ૧૦ ટકાનો વધારો વાલીઓના બજેટને મોટી અસર કરશે. ગુજરાત બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાની તારીખો જાહેર થઈ ગઈ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાની તારીખો જાહેર કરી દેવામાં આવી છે.

**કઈ સ્ટ્રીમની ફીમાં કેટલો વધારો**

ધો.૧૦ની અગાઉ લેવાતી ફીમાં ૨૦નો વધારો કરી ૪૨૫ રૂપિયા કરાયા છે.

૧૨ સામાન્ય પ્રવાહની અગાઉ લેવાતી ફીમાં ૨૫ રૂપિયાનો વધારો

ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ફી હવે ચૂકવવી પડશે ૫૯૦ રૂપિયા

ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની અગાઉ લેવાતી ફીમાં ૩૦ રૂપિયાનો વધારો

ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ફી હવે ચૂકવવી પડશે ૭૨૫ રૂપિયા

# ઉમરેઠ પંથકમાં વિધર્મીએ સગીરાને પ્રેમજાળમાં ફસાવી ગર્ભવતી બનાવી

**વારંવાર ઘરે જઈ દુષ્કર્મ ગુજારતો, યુવકે પ્રેગ્નન્સી ટેસ્ટની કિટ અને ગર્ભ નિકાલની ગોળીઓ પણ આપી**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**આણંદ, તા.૦૮**

ઉમરેઠ પંથકની એક સગીરાને વિધર્મી યુવકે પ્રેમ જાળમાં ફસાવી અવારનવાર તેણીના ઘરે જઈ દુષ્કર્મ ગુજારતા સગીરા ગર્ભવતી બની હતી. આ બનાવ અંગે ખંભોળજ પોલીસે વીધર્મી યુવક વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. ઉમરેઠ પંથકના એક ગામમાં રહેતી ૧૬ વર્ષીય સગીરા ગત ઓક્ટોબર માસમાં રાત્રિના સુમારે જમ્યા બાદ ગોળીઓ લઈ રહી હતી. તેણીની વિધવા માતા જોઈ જતા માતાએ કઈ ગોળીઓ લઉં છું તેમ પૂછ્યું હતું પરંતુ સગીરા મૌન રહી હતી. ત્યારબાદ અવારનવાર પૂછપરછ કરતા સગીરાએ માસિક નહીં આવ્યું હોવાનું જણાવ્યું હતું. જેથી તેનું કારણ પૂછતા એકાદ વર્ષ પૂર્વે શહેબાઝ અનવરભાઈ મલેક તેણીને મળી પ્રેમનો પ્રસ્તાવ મુકતા તેણીએ હા પાડી હતી તેમ કહ્યું હતું. ત્યારબાદ બીજા દિવસે તેણી ઘરે એકલી હતી ત્યારે શહેબાઝ ત્યાં આવી પહોંચ્યો હતો અને તેણી સાથે દુષ્કર્મ ગુજાર્યુ હતું. ત્યારબાદ અવારનવાર શહેબાઝ મલેકે તેણીના ઘરે તેમજ ઘર પાછળ આવેલા ખેતરમાં તેણી સાથે દુષ્કર્મ આચર્યુ હોવાથી ગર્ભવતી બની હતી. શહેબાઝ મલેકે પ્રેગ્નન્સી ટેસ્ટની કિટ આપતા તપાસમાં પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. ગર્ભનો નિકાલ થાય તે માટે શહેબાઝે ગોળીઓ લાવી આપી હોવાની કબુલાત કરતા વિધવા માતા કલ્પાંત કરી ઉઠી હતી. તેણીએ ખંભોળજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સહેબાઝ મલેક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**સરકારે ખેડૂતો સાથે અન્યાય કર્યો : ચેતન માલાણી**

# સાવરકુંડલા તાલુકા ભાજપ મહામંત્રીએ પાર્ટીના પદ પરથી આપ્યું રાજીનામું



(સંપૂર્ણ સમાચાર સેવા)
**સાવરકુંડલા, તા.૦૮**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અસરગ્રસ્ત ખેડૂતોની સહાયતા માટે અત્યાર સુધીનું સૌથી મોટું આશરે ૧૦ હજાર કરોડનું ઐતિહાસિક સહાય પેકેજ જાહેર કર્યુ છે. પરંતુ આ પેકેજથી ખેડૂતો નારાજ છે. આવામાં સરકાર સહાયની જાહેરાતથી નારાજ થઈને સાવરકુંડલા તાલુકા ભાજપ મહામંત્રી ગુજરાતની રાજનીતિમાં હડકંપ મચી ગયો છે. અમરેલીના ભાજપના મોટા નેતા ચેતન મલાણીએ રાજીનામું આપ્યું છે. તેમણે દસ હજાર કરોડના સરકારના સહાય પેકેજને ગણાવી ખેડૂતની મશ્કરી ગણાવી છે.

ચેતન માલાણી સાવરકુંડલાના પૂર્વ મહામંત્રી, APMC ના ડાયરેક્ટર છે. ખેડૂતો સાથે સરકારે અન્યાય કર્યાનો લગાવ્યો ચેતન માલાણીએ આરોપ લગાવ્યો છે. કમોસમી વરસાદે ખેડૂતોની માઠી દશા બેસાડી દીધી છે. ખેડૂતો સરકાર તાત્કાલિક સર્વે કરે અને સહાય આપે તેવી માંગ કરી રહ્યા હતા, ત્યારે ગઈકાલે સરકારે રૂપિયા ૧૦,૦૦૦ કરોડનું રાહત પેકેજ જાહેર કર્યુ છે. જેને લઈને અમરેલી જિલ્લાના ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે. ખેડૂતોની માંગ છે કે સરકાર દેવા માફ કરે અથવા રાહત પેકેજ જે જાહેર કર્યુ ખાતર બિયારણ મજુરીનો ખર્ચ ખેડૂતોને હવે પોસાય તેમ નથી. સરકાર રાહત એક જ બાબતે ફરીથી વિચારી અને ખેડૂતને યોગ્ય વળતર મળે તેવી માંગ કરી રહ્યા છે.

# ગુજરાતમાં કેન્સરના કેસમાં ચિંતાજનક વધારો જોવાયો: વાર્ષિક ૧.૪ લાખથી વધુ નવા દર્દીઓ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા.૦૮**




ગુજરાત રાજ્યમાં કેન્સરના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. આરોગ્ય વિભાગના આંકડાઓ રાજ્યની ગંભીર સ્થિતિ દર્શાવે છે. ૭મી નવેમ્બર ’રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ’ નિમિત્તે ગુજરાતમાં કેન્સરના વધતા કેસો અને સરકાર દ્વારા લેવાઈ રહેલા પગલાં પર એક નજર કરીએ.

ગુજરાતમાં દર વર્ષે આશરે ૧.૪ લાખથી વધુ નવા કેન્સરના કેસ નોંધાઈ રહ્યા છે. આરોગ્ય ખાતાના આંકડા મુજબ છેલ્લા કેટલાક વર્ષોમાં નવા દર્દીઓની સંખ્યામાં સતત વધારો થયો છે. જેની વાત કરીએ તો વર્ષ ૨૦૨૦માં ૬૯,૬૬૦ નવા કેસ, વર્ષ ૨૦૨૧માં ૭૧,૫૦૭ નવા કેસ અને વર્ષ ૨૦૨૨માં ૭૩,૩૮૩ નવા કેસ નોંધાયા છે. આ વૃદ્ધિનું મુખ્ય કારણ નિષ્ણાતોના મતે ધૂમ્રપાન, તમાકુ, અસ્થિર જીવનશૈલી અને વધતા પ્રદૂષણને આભારી છે. ચિંતાજનક બાબત એ છે કે હવે માત્ર વયસ્કોમાં જ નહીં, પરંતુ યુવાનોમાં પણ કેન્સરનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે. એક અંદાજ મુજબ, અમદાવાદ શહેરમાં માથા અને નાકના કેન્સરના આશરે ૪૭% દર્દીઓ ૫૦ વર્ષથી ઓછી ઉંમરના છે, જેનું મુખ્ય કારણ ગુટકા, તમાકુ, માવા અને પાન-મસાલાનો ઉપયોગ છે.

કેન્સરના ગંભીર ભારણનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, વર્ષ ૨૦૨૪-૨૫ના અરસામાં પીએમ-જેએવાય (પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના) અંતર્ગત ૨,૮૮,૦૬૨ કેન્સરના દર્દીઓને વિવિધ હોસ્પિટલોમાં દાખલ કરીને સારવાર આપવી પડી હતી. આ આંકડાનો અર્થ છે કે ગુજરાતમાં રોજના સરેરાશ ૭૯૦ જેટલા કેન્સરના દર્દીઓને સારવાર માટે દાખલ કરવા પડ્યા હતા.

વર્ષ ૨૦૨૨-૨૩થી ૨૦૨૪-૨૫ના ત્રણ વર્ષમાં રાજ્યમાં બે લાખથી વધુ સેશન દ્વારા ૭૮ હજાર જેટલા દર્દીઓને વિના મૂલ્યે કિમોથેરાપી સારવાર પણ આપવામાં આવી છે, જે સરકારી યોજનાઓનો મહત્વનો લાભ દર્શાવે છે.

કેન્સરના વધતા કેસોનો સામનો કરવા અને દર્દીઓને સરળતાથી સારવાર મળી રહે તે માટે ગુજરાત સરકાર કવાયત કરી રહી છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૫-૨૬માં વધુ સાત નવા ડે કેર કિમોથેરાપી સેન્ટર શરૂ કરવામાં આવશે. અત્યારે રાજ્યના તમામ જિલ્લાઓમાં ૩૫ ડે કેર કિમોથેરાપી સેન્ટર કાર્યરત છે. આ નવા કેન્દ્રો શરૂ થવાથી અંતરિયાળ વિસ્તારના કેન્સરના દર્દીઓનો અમદાવાદ, જામનગર, રાજકોટ, વડોદરા જેવા સ્થળોની સરકારી હોસ્પિટલો ખાતે કિમોથેરાપીની સારવાર માટે આવવા-જવાનો ખર્ચ અને સમય બચશે.

રાજ્ય સરકાર દ્વારા આ સેવાઓ માટે સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતેના ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI)સાથે કરાર કરવામાં આવ્યા છે. GCRI દ્વારા રાજ્યના ચાર સેટેલાઈટ સેન્ટર (અમદાવાદ, સિદ્ધપુર, રાજકોટ અને ભાવનગર) ખાતેથી નજીકની જિલ્લા હોસ્પિટલોના ડેકેર કિમોથેરાપી સેન્ટરમાં જરૂરી સારવાર, દવાઓ અને ટેલિ-કન્સલ્ટન્સી સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

# મનુષ્યનું પતન થવાનું કારણ શું?

વર્તમાન પ્રવાહ

**તંત્રી લેખ**

# અમેરિકાના સૌથી ધનિક શહેર ન્યૂયોર્કના મેયર તરીકે મમદાનીની જીતથી ટ્રમ્પના સમર્થકોમાં ફરી વળ્યું નિરાશાનું મોજુ

## ભારતે પણ મમદાની સામે સાવધ રહેવું પડશે

**અ**મેરિકાના ધનિક શહેર ન્યૂયોર્કના મેયર તરીકે ૫૦ ટકાથી વધુ મત મેળવી ચૂંટાઈ આવેલા જોહરાન મમદાનીના વિજયથી ટ્રમ્પ વિરોધીઓ ખુશખુશાલ બની ગયા છે. પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાનું તેમને સમર્થન હતું અને ડેમોક્રેટિક પક્ષમાં તેમના વિજયથી નવી તાજગી આવી છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વિજેતા બનેલા મેયર મમદાનીના પ્રખર વિરોધી છે. મમદાનીની જીતથી ટ્રમ્પના સમર્થકોમાં નિરાશાનું મોજું ફરી વળ્યું છે. આવતાં વર્ષે યોજાનારી સેનેટની ચૂંટણીમાં ઉત્સાહિત ડેમોક્રેટ જો જીતી જાય તો ટ્રમ્પને અમેરિકી સંસદમાં મુશ્કેલી પડી શકે છે. આથી જ ટ્રમ્પ તેમના વિરોધમાં એટલી હદ સુધી



ઢળી ગયા છે કે, જો મમદાની મેયર બનશે તો તેઓ ન્યૂયોર્કને અપાતા ફંડમાં કાપ મૂકશે. હવે મમદાની ચૂંટાઈ આવ્યા છે ત્યારે ટ્રમ્પ અમેરિકાના આ સૌથી મોટા ધનિક શહેર સાથે કેવો વર્તાવ કરશે એ જોવાનું છે. તો ભારતે પણ મમદાની સામે સાવધ રહેવું પડશે. આમ તો અમેરિકાના એક શહેરના મેયર સાથે અન્ય કોઈ સાર્વભૌમ દેશને કોઈ સંબંધ હોતા નથી, પણ જોહરાન મમદાની ભારતીય મૂળના છે. તેમના માતા મીરા નાયર પ્રખ્યાત ફિલ્મકાર છે, તો પિતા મહેમૂદ મમદાની વર્ષો પહેલાં યુગાન્ડામાં વસી ગયા હતા, તેઓ કોલંબિયાના જાણીતા પ્રોફેસર છે, પણ અમેરિકી ભારતીયો માટે ભલે આપણે પીઠ થાબડતા હોઈએ પણ તેઓ ભાગ્યે જ પોતાના મૂળની ચિંતા કરે છે. આથી અગાઉ કાશ પટેલે એફ.બી.આઈ.ના હેડ હોવા છતાં અવૈધ ભારતીયોને બેડીઓ બાંધી મોકલવામાં સંકોચ નહોતો કર્યો, તો તુલસી ગાબાર્ડ પણ વખત આવ્યે ભારતની તરફેણમાં નથી હોતા. તો મમદાની પાસેથી પણ માત્ર ભારતીય હોવાનો ગર્વ કરવા સિવાય ખાસ કોઈ ફાયદો નથી. ઊલટું તેઓ તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઘોર વિરોધી છે. તેમણે સીએએનોય જાહેરમાં વિરોધ કર્યો હતો. ન્યૂયોર્કમાં લગભગ અઢી લાખ ભારતીયો વસે છે. તેમણે પણ મમદાનીને મત આપ્યો જ હશે, એટલે જ અમેરિકી ભારતીયોમાંથી ઘણાએ તેમના વિજયનો આનંદોત્સવ મનાવ્યો હતો. પ્રવાસી ભારતીયોએ તો તેને નવા યુગની શરૂઆત ગણાવી છે. મમદાનીએ પણ વિજયી ભાષણમાં પહેલા વડાપ્રધાન જવાહરલાલ નેહરુના ટ્રસ્ટ વિથ ડેસ્ટિનીનો ઉલ્લેખ કર્યો હતો, પણ તેમ છતાં તેમના ભારતવિરોધી વલણને જોતાં ઘણા ભારતીયો તેની વિરોધમાં પણ ગયા છે. જો મમદાની ભારતવિરોધી વલણ જાળવી રાખશે તો ત્યાં ભારતીયોની ચિંતા આપણને જાગે એ સ્વાભાવિક છે. એ ઉપરાંત મમદાની ઈઝરાયલના પ્રખર વિરોધી પણ રહ્યા છે. તેઓ નરેન્દ્ર મોદી અને બેન્જામીન નેતાન્યાહુને વિરોધના એક જ પલડાંમાં રાખે છે. ન્યૂયોર્ક યૂનાઈટેડ નેશન્સનું હેડ કવાર્ટર પણ છે તો અમેરિકી અર્થતંત્ર માટેય મહત્ત્વનું છે. આ શહેરની અગત્યતા જ મમદાનીને મહત્ત્વના વ્યક્તિ બનાવી દીધા છે.

### યુરલ્સ ક્રૂડ ઓઈલનો ભાવ પ્રતિ બેરલે ૪ ડોલર ઘટ્યો

# અમેરિકાના પ્રતિબંધોને કારણે રશિયાએ ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો કર્યો

## રશિયાની મોટી કંપની યુરલ્સ ક્રૂડ ઓઇલનો ભાવ ડિસેમ્બર ડિલિવરીના બ્રેન્ટ ઓઇલના ભાવ કરતાં લગભગ પ્રતિ બેરલે ૪ ડોલર ઘટી ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મોસ્કો, તા.૦૮:** રશિયા અને અમેરિકા પણ અત્યારે એકબીજાના વિરોધમાં ચાલી રહ્યાં છે. ડોનાલ્ડ ટ્રમ્પના પ્રતિબંધો હવે રશિયાની મુખ્ય તેલ કંપનીઓ પર અમલમાં આવવા લાગ્યા છે. રશિયાના તેલના બે સૌથી મોટા ખરીદદારો ભારત અને ચીને ટ્રમ્પ દ્વારા પ્રતિબંધિત રશિયન તેલ કંપનીઓ રોઝનેફ્ટ અને લુકોઈલ પાસેથી તેમની ખરીદી ઓછી કરી હોવાના અહેવાલો મળ્યાં છે.



વેપારમાં સતત આવી રહેલા ઘટાડાના કારણે રશિયાએ તેલના ભાવમાં ઘટાડો કર્યો હોવાના પણ અહેવાલો મળ્યા છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે રશિયાએ ભારત અને ચીનને તેલની ખરીદી પર ડિસ્કાઉન્ટ વધારી દીધુંછે. ખાસ કરીને વાત કરવામાં આવે તો રશિયાની મોટી કંપની યુરલ્સ ક્રૂડ ઓઇલનો ભાવ ડિસેમ્બર ડિલિવરીના બ્રેન્ટ ઓઈલના ભાવ કરતાં લગભગ પ્રતિ બેરલે ૪ ડોલર ઘટી ગયો છે. અમેરિકાના રાષ્ટ્રપતિએ રશિયાની તેલ કંપની લ્યુકોઈલ અને રોઝનેફ્ટ પર કડક પ્રતિબંધો લગાવ્યાં હતાં. એટલું જ નહીં, ૨૧ નવેમ્બર સુધી આ કંપનીઓ પાસેથી તમામ પ્રકારનો વેપાર બંધ કર્યો હતો. જેની અસર હવે જોવા મળી રહી છે. જોકે, તેના કારણે ભારતને ફાયદો થશે તેવુ નિષ્ણાતો માની રહ્યાં છે. ભારતની પાંચ કંપનીઓ રશિયન તેલ આયાતમાં આશરે ૬૫% હિસ્સો ધરાવે છે. જેમાં અમેરિકાના પ્રતિબંધો બાદ મુખ્ય ભારતીય રિફાઈનર્સ – હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન, મેંગલોર રિફાઈનરી અને પેટ્રોકેમિકલ્સ, HPCL-મિત્તલ એનર્જી અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે ડિસેમ્બર ડિલિવરી માટે રશિયન તેલના ઓર્ડર અટકાવી દીધા હતાં. આ સાથે ચીનની પણ સરકારી તેલ કંપનીઓએ રશિયા પાસેથી તેલની ખરીદી થોડા સમય માટે બંધ કરી દીધી હતી. આ કારણે રશિયાને મોટું નુકસાન થઈ રહ્યું છે. શાયદ એટલા માટે અત્યારે તેલની ખરીદી પર છૂટ આપવામાં આવી રહી છે. અત્યારે રશિયામાં સ્થિતિ ખૂબ જ વિકટ બની છે. રશિયાનું બજાર હવે બે વિભાગમાં વેચાઈ ગયું છે. જે કંપનીઓ પર પ્રતિબંધ નથી તે કંપનીઓનું તેલ ઊંચી કિંમતે વેચાઈ રહ્યું છે, જ્યારે જે કંપની પર પ્રતિબંધ નથી તેઓ ખરીદી પર છૂટ આપવા માટે મજબૂર બની છે. થોડી સમયમાં રશિયાના રાષ્ટ્રપતિ ભારતના પ્રવાસે આવતા હોવાની વાતો ચાલી રહી છે, તેમાં ભારતમાં રશિયાના તેલની માંગ ઘટતી હોવાના અહેવાલો મળી રહ્યાં છે. અમેરિકાએ ભારત પર દબાણ કર્યું હતું કે, ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરે પરંતુ ભારતે તેનો જવાબ આપી દીધો હતો. છતાં પણ અમેરિકા અત્યારે ભારત અને ચીન પર રશિયાનું તેલ નહીં ખરીદવા માટે દબાણ કરી રહ્યું છે. આ મામલે વિશ્લેષકોનું કહેવું છે કે વધતી જતી ડિસ્કાઉન્ટની શરતો રશિયાની આર્થિક સ્થિતિને વધુ નબળી બનાવી શકે છે, પરંતુ મૂળ વાત એ છે કે રશિયા પાસે બીજો કોઈ વિકલ્પ પણ નથી.

**શ્રી**મદ્ ભગવદ્ ગીતા(૨/૬૨૬૩)માં ભગવાન કહે છે કે, વિષયોનું ચિંતન કરનારા મનુષ્યની તે વિષયોમાં આસક્તિ જન્મે છે, આસક્તિથી કામના ઉત્પન્ન થાય છે. કામનામાં વિઘ્ન આવવાથી ક્રોધ જન્મે છે. ક્રોધથી મોહ (મૂઢતા) આવે છે. મૂઢતાથી સ્મૃતિ ભ્રષ્ટ થઈ જાય છે. સ્મૃતિ ભ્રષ્ટ થવાથી બુદ્ધિ એટલે કે વિવેક નાશ પામે છે. બુદ્ધિનો નાશ થવાથી મનુષ્યનું પતન થાય છે.

વિષયોનો પરીત્યાગ, ઈચ્છારહિત જીવન કે જે સહજમાં પ્રાપ્ત થતું નથી, કારણ કે આ ઈચ્છાઓનો સંબંધ અનેક વાસનાઓની સાથે છે. આ વાસનાઓ જ કર્મનું મૂળ છે. જે સમયે જીવ તમામ વિષયોથી વિરક્ત બની જાય છે તે સમયે તે પોતે જ પોતાની રક્ષા કરી લે છે, એટલે ખૂબ જ સાવધાનીની સાથે એ જોતા રહેવું જોઈએ કે સમગ્ર જગત કાળરૂપી અજગરથી ભયગ્રસ્ત છે. વાસ્તવમાં વિષયોથી મુક્તિ થઈ જવાથી જ માનવ વાસ્તવમાં મુક્ત થઈ જાય છે. વિષયો અને ઈન્દ્રિયોના સંયોગથી જે સુખની અનુભૂતિ થાય છે તે ક્ષણિક અને પરિણામમાં વિષ બરાબર છે. આ સત્યને હૃદયમાં ઉતારી લેવાથી મનમાં વિષયોના પ્રત્યે વૈરાગ્યનો ભાવ આવી જાય છે.

વિષયોનો ઉપભોગ કરવાથી શાંતિ મળતી નથી પણ અગ્નિમાં ઘી નાખીએ તેમ જ્વાળાઓ વધતી જ જાય છે. વારંવાર વિષયોનું સેવન કરતા રહેવાથી ચિત્ત તે વિષયમાં ઘુસી જાય છે. આ વિષયો ચિત્ત દ્વારા સંકલ્પ વિકલ્પ કરવાથી જ પેદા થાય છે. સાધકે પરમાત્મામાં તન્મય થઈને ચિત્તને સ્થિર કરી વિષયોનું ચિંતન ન કરવું તથા તૃષ્ણારહીત થઈને વિષયો પરથી દૃષ્ટિને હટાવીને અંતર્મુખ બની જવું જોઈએ. વિષયો વિષયુક્ત લાડુ સમાન છે. દોષમાં વિષયો કાળા સર્પના વિષથી પણ વધુ તીવ્ર છે, કેમ કે વિષ તો ખાવાવાળાને જ મારે છે પરંતુ વિષયોને આંખથી દેખવાવાળાને પણ છોડતા નથી.

જેમ ઘણી બધી સ્ત્રીઓ(પત્નીઓ) એક પતિને પોતાની તરફ ખેંચે છે તેવી જ રીતે જીવને પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો પોતપોતાના વિષયો તરફ ખેંચે છે. પરમાત્માએ મનુષ્ય શરીરની રચના એવી બુદ્ધિથી કરી છે કે જે બ્રહ્મસાક્ષાત્કાર કરી શકે છે. જો કે આ મનુષ્ય શરીર અનિત્ય છે પરંતુ તેનાથી પરમ પુરૂષાર્થની પ્રાપ્તિ પણ થઈ શકે છે. મૃત્યુ તેનો દરેક પળે પીછો કરી રહ્યું છે માટે અનેક જન્મો પછી મળેલો આ અત્યંત દુર્લભ મનુષ્ય જન્મ પામીને બુદ્ધિમાન પુરૂષોએ જેટલું બની શકે તેટલું વહેલું મૃત્યુ પહેલાં મોક્ષ માટે પ્રયત્ન કરવો જોઈએ. વિષયભોગ તો અન્ય તમામ યોનિઓમાં પ્રાપ્ત થાય છે જ પરંતુ મોક્ષ માટે ફક્ત મનુષ્ય જન્મ જ છે, માટે વિષયભોગોમાં અમૂલ્ય જીવન ખોવું ન જોઈએ. આ શરીરનું ફળ વિષય નથી. સ્વર્ગનું સુખ પણ સ્વલ્પ સમયવાળું તથા નાશવાન છે અને અંતમાં દુ:ખ આપનારૂં છે. જે મનુષ્ય શરીર પામીને વિષયોમાં મન લગાવી દે છે તે મૂર્ખ અમૃતના બદલે વિષને પ્રાપ્ત કરે છે. જે માનવ પારસમણીને છોડીને પથરાને પકડે છે તેને કોઈ સમજદાર કહેતું નથી.


ભગવાનનું ચિંતન નહી થવાથી વિષયોનું જ ચિંતન થાય છે કારણ કે જીવની એક તરફ પરમાત્મા છે અને બીજી તરફ સંસાર છે. જ્યારે આપણે પરમાત્માનો આશ્રય છોડી દઈએ છીએ ત્યારે સંસારનો આશ્રય લઈને સંસારનું જ ચિંતન કરીએ છીએ કેમકે સંસાર સિવાય ચિંતનનો બીજો કોઈ વિષય રહેતો નથી. આ રીતે ચિંતન કરતાં કરતાં મનુષ્યની તે વિષયમાં આસક્તિ રાગ અને પ્રીતિ ઉત્પન્ન થઈ જાય છે. આસક્તિ પેદા થવાથી મનુષ્ય તે વિષયનું સેવન કરે છે. વિષયોનું સેવન પછી ભલે તે માનસિક હોય કે શારીરિક હોય, તેનાથી જે સુખ થાય છે તેનાથી વિષયોમાં પ્રીતિ પેદા થાય છે. પ્રીતિથી તે વિષયોનું વારંવાર ચિંતન થવા લાગે છે. વિષયોમાં રાગ પેદા થવાથી તે વિષયોને(ભોગોને) પ્રાપ્ત કરવાની કામના પેદા થઈ જાય છે કે તે ભોગોવસ્તુઓ મને મળે. કામનાને



**ગીતામૃતમ્..**

આલેખન:
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી તા. શહેરા, જિ. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

અનુકૂળ પદાર્થો મળતા રહેવાથી લોભ પેદા થઈ જાય છે અને કામના પુર્તિની સંભાવના થઈ રહી હોય પરંતુ તેમાં કોઈ વિઘ્ન નાખે તો તેના ઉપર ક્રોધ આવી જાય છે. ભગવાનમાં આકર્ષણ થવું એ પ્રેમ અને સંસારમાં આકર્ષણ થવું એ આસક્તિ કહેવાય છે. વસ્તુમાં ઉત્તમતા અને પ્રીતિ દેખાવવી એ આસક્તિ છે. મમતા સ્પૃહા વાસના આશા વગેરે દોષો આસક્તિના કારણે જ થાય છે. મારૂં મનગમતું થાઓ આ જ કામના છે. નાશવાન પદાર્થોની ઈચ્છા જ કામના છે. ઉત્પત્તિ વિનાશશીલ પદાર્થોની કામના, પ્રીતિ અને આકર્ષણ જ તમામ પાપોનું મૂળ છે. કામનામાં વિઘ્ન આવતાં કામ જ ક્રોધમાં પરિણમે




છે. અમારી ઈચ્છાનુસાર જ્યારે કોઈ કાર્ય ન થાય ત્યારે મનમાં તણાવ કુંઠા સંઘર્ષ તથા અસંતોષની સ્થિતિ પેદા થાય છે. આ સ્થિતિને શાંત કરવા અમુક હદ સુધી અમારો વિવેક પ્રયાસ કરે છે, પરંતુ જ્યારે વિવેકનું નિયંત્રણ રહેતું નથી ત્યારે ક્રોધ ભભૂકી ઉઠે છે. ક્રોધ અને હિંસાના પ્રભાવમાં વ્યક્તિ પૈશાનિક ભાવનાથી પ્રેરાઈને ન કરવાનાં કાર્ય(અનર્થ) કરી બેસે છે. ઘણીવાર વિવેકની ખામીના કારણે અમારી અંદર વૈમનસ્ય, વિરોધ, કટુતા, ઈર્ષા, શત્રુતા, બદલાની ભાવના વગેરે હિંસાનાં સુક્ષ્મરૂપ અમારી અંદર અંકુરના રૂપમાં હોય છે તે પણ ક્રોધનું રૂપ ધારણ કરી લે છે.

નીતિન્યાયની વિરૂદ્ધ કામ કરવાવાળાને જોઈને ક્રોધ આવે તો નીતિન્યાયમાં રાગ છે. અપમાન તિરસ્કાર કરવાવાળા ઉપર ક્રોધ આવે તો માનસત્કારમાં રાગ છે. નિંદા કરવાવાળા ઉપર ક્રોધ આવે તો પ્રસંશામાં રાગ છે. દોષારોપણ કરવાવાળા ઉપર ક્રોધ આવે તો નિર્દોષતાના અભિમાનમાં રાગ છે. કામ ક્રોધ લોભ અને મમતાથી સંમોહ(મૂઢતા) થાય છે. કામથી જે સંમોહ થાય છે તેમાં વિવેકશક્તિ ઢંકાઈ જવાથી મનુષ્ય ન કરવાના કામ કરી બેસે છે. ક્રોધથી જે સંમોહ થાય છે તેમાં મનુષ્ય પોતાના મિત્રો અને પૂજ્યજનોને ઉલ્ટી સીધી વાતો કહી બેસે છે. લોભથી જે સંમોહ થાય છે તેમાં સત્ય અસત્ય, ધર્મ અધર્મનો વિચાર રહેતો નથી અને તે કપટ કરીને લોકોને ઠગી લે છે. મમતાથી જે સંમોહ થાય છે તેમાં સમભાવ રહેતો નથી અને પક્ષપાત થઈ જાય છે.

મોહના કારણે જ સંસાર સત્ય લાગે છે અને નિરાકાર બ્રહ્મનો અનુભવ થતો નથી. મોહનો અર્થ છે વસ્તુના વાસ્તવિક જ્ઞાનનો અભાવ. આ અવસ્થામાં બે પ્રકારની સ્થિતિઓ ઉત્પન્ન થાય છે. પ્રથમમાં અમે અવસ્તુને વસ્તુ માની લઈએ છીએ, જેમ કે દોરડાને સાપ સમજી લેવો તેને ભ્રમ કહેવામાં આવે છે. બીજામાં વસ્તુની યર્થાથતાના સંબંધમાં સંદેહ રહે છે કે દોરડું છે કે સાપ! **મોહ અમારી આંખોની સામે એવું આવરણ લાવી દે છે કે જેના કારણે અમે વસ્તુના વાસ્તવિક સ્વરૂપને જોઈ શકતા નથી.** આ મોહ માયાની મુખ્ય શક્તિ છે. પરમાત્માએ મોહનું સર્જન એક વિશેષ ઉદ્દેશ્યના માટે કર્યું છે. માયાનો સહારો લઈને જ પરમાત્મા સૃષ્ટિની રચના કરે છે તેને જ અવિદ્યામાયા કહેવામાં આવે છે. જે સત્યની ઉપર એવું આવરણ લાવી દે છે કે જેથી મનુષ્ય સત્યનું વાસ્તવિક સ્વરૂપ જોઈ શકતો નથી. માયાનું આ બીજું રૂપ મોહ છે તેના કારણે જ મનુષ્ય પોતાનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી જાય છે. તે ભૂલી ગયો છે કે તે દેહ નથી પરંતુ આત્મા છે. વાસ્તવમાં જીવ એ પરમાત્માનો અંશ છે. ભ્રમવશ તે દેહને જ પોતાનું વાસ્તવિક સ્વરૂપ માનીને અનેક પ્રકારના કષ્ટ ભોગવે છે.

‘જેઓ માન અને મોહથી રહિત થઈ ગયા છે, જેઓએ આસક્તિથી થવાવાળા દોષને જીતી લીધા છે, જેઓ નિત્ય નિરંતર પરમાત્મામાં જ લાગેલા છે, જેઓ પોતાની દૃષ્ટિએ તમામ કામનાઓથી રહિત થઈ ગયા છે તેઓ સુખ-દુ:ખરૂપી દ્વંદ્વોથી મુક્ત થઈ ગયા છે એવા (ઊંચી સ્થિતિવાળા) મોહરહિત ભક્તો તે અવિનાશી પરમપદ (પરમાત્મા)ને પ્રાપ્ત થાય છે.

‘(ગીતા:૧૫/૫)’

મૂઢતા છવાઈ જવાથી સ્મૃતિ નષ્ટ થઈ જાય છે એટલે કે શાસ્ત્રો અને સદ્વિચારોથી જે નિશ્ચય કરવામાં આવ્યો હતો કે આપણે તો આવું કામ કરવું છે, આવું સાધન કરવું છે, પોતાનો ઉદ્ધાર કરવો છે. તેની સ્મૃતિ નષ્ટ થઈ જાય છે. સ્મૃતિ નષ્ટ થઈ જવાથી બુદ્ધિમાં પ્રગટ થવાવાળો વિવેક લુપ્ત થઈ જાય છે, એટલે કે મનુષ્યમાં નવો વિચાર કરવાની શક્તિ રહેતી નથી. વિવેક લુપ્ત થઈ જવાથી મનુષ્ય પોતાની સ્થિતિથી નીચે પડી જાય છે તેથી આ પતનથી બચવા ભગવાનને પરાયણ થવાની આવશ્યકતા છે. વિષયોનું ફક્ત ચિંતન થવાથી રાગ, રાગથી ક્રોધ, ક્રોધથી સંમોહ, સંમોહથી સ્મૃતિનાશ, સ્મૃતિનાશથી બુદ્ધિનાશ અને બુદ્ધિનાશથી પતન.. આ જે ક્રમ બતાવ્યો છે તેનું વિવેચન કરવામાં સમય લાગે છે પરંતુ આ બધી વૃત્તિઓ પેદા થવામાં અને તેનાથી મનુષ્યનું પતન થવામાં સમય લાગતો નથી. વિજળીના પ્રવાહની જેમ આ તમામ વૃત્તિઓ તત્કાળ પેદા થઈને મનુષ્ય પતન કરાવી દે છે.

વિષયોમાં દોષદર્શન જ્ઞાનમાર્ગની સાધનાથી સંભવ બને છે. જ્ઞાની અસતનો ત્યાગ કરીને સતને ગ્રહણ કરે છે. સંસાર અને તેના તમામ પદાર્થો અસત્ અને અનિત્ય છે એવું માનીને જ્ઞાની પોતાના મનને વિષયોન્મુખ થવા દેતા નથી. તમામ વિષયોમાં વિતરાગ છે તે જ સંત છે. તે મોહરહિત બ્રહ્મતત્વમાં નિષ્ઠાવાન છે.

### FIRમાં પાર્થ પવારના બિઝનેસ પાર્ટનરનું નામ

# પૂણે જમીન કૌભાંડની FIRમાં અજિત પવારના દીકરાનું નામ જ નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પૂણે, તા.૦૮**

પૂણેના મુંધવામાં ૩૦૦ એકરની સરકારી જમીનની ખરીદીના મામલે ખળભળાટ મચી ગયો છે. આ મામલે નાયબ મુખ્યમંત્રી અજિત પવારનો દીકરા પાર્થ પ્રશ્નોના ઘેરામાં છે. નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, કોઈપણ ગુનેગારને છોડવામાં નહીં આવે. જોકે, આ મામલે દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં ક્યાંય પાર્થ પવારનું નામ જ નથી.

ફડણવીસે નાગપુરમાં કહ્યું કે, જે લોકોને જાણ નથી કે, FIR શું હોય છે તે ફક્ત નિરાધાર આરોપ લગાવી રહ્યા છે. જ્યારે FIR ફાઈલ થઈ ગઈ તો હવે એ સ્પષ્ટ છે કે, બધા લોકોના નામ બહાર આવશે. આ કિસ્સામાં જમીન ખરીદનાર કંપની અને તેના જવાબદાર વ્યક્તિઓ સામે કેસ દાખલ કરવામાં આવ્યા છે.

શિવસેના અને કોંગ્રેસનું કહેવું છે કે, અમાડિયા એન્ટરપ્રાઈસ એલએલપી કંપનીને ૧૮૦૦ કરોડની જમીન ફક્ત ૩૦૦ કરોડમાં વેચી દેવામાં આવી. આ સિવાય જમીન વેચવા માટે સ્ટેમ્પ ડ્યૂટી પણ વસુલવામાં નહતી આવી. આ જમીનની સ્ટેમ્પ ડ્યુટી ૨૧ કરોડ રૂપિયાની હોવી જોઈતી હતી. નાયબ મુખ્યમંત્રી અજિત પવારના દીકરા પાર્થ પવારે પણ અમાડિયા એન્ટરપ્રાઈસ એલએલપીમાં ભાગીદાર હતા.

મુંધવામાં ભૂમિના વેચાણનું કાર્ય ૨૦ મેના દિવસે કરવામાં આવ્યું હતું અને છાવા કામગાર યુનિયનના ૬૦ વર્ષીય સંસ્થાપક-અધ્યક્ષ દિનકર કોટકરે ૫ જૂને આઈજીઆર કાર્યાલયને પત્ર પણ લખ્યો હતો કે, ૨૧ કરોડ રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટી માફ કરી દેવામાં આવી છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે, આ છૂટ ખોટી રીતે આપવામાં આવી હતી. આ મામલે ફરિયાદી સંયુક્ત જિલ્લા રજિસ્ટ્રાર (જેડીઆર) સંતોષ હિંગાનેએ FIRમાં કોટકર પાસેથી એક પત્ર મળ્યો હોવાની પુષ્ટિ કરી. તેમણે કહ્યું કે, ફરિયાદની તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, મુંધવા જમીન માટે વેચાણ દસ્તાવેજ સત્તાવાર રેકોર્ડમાં ફેરફાર કરીને કરવામાં આવ્યો હતો. FIRમાં પાર્થ પવારના બિઝનેસ પાર્ટનર દિગ્વિજય પાટિલનું નામ છે, જેની પાસે કંપનીમાં માત્ર ૧% હિસ્સો છે. જ્યારે પાર્થ પાસે ૯૯% હિસ્સો છે. તેમના પર આ ગેરકાયદે કરારને સરળ બનાવવાનો આરોપ છે. આ ઉપરાંત, જમીનના પાવર ઓફ એટર્ની ધારક શીતલ દેજવાનીનું નામ પણ FIRમાં સામેલ છે. તેમજ, ૨૭૨ અન્ય લોકો અને બે સસ્પેન્ડ કરાયેલા મહેસૂલ અધિકારીઓના નામ પણ FIRમાં છે. સબ-રજિસ્ટ્રાર રવિન્દ્ર તારુ પર સ્ટેમ્પ ડ્યુટી ચૂકવ્યા વિના વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવવાનો આરોપ છે. આ ઉપરાંત, પૂણે શહેરના મામલતદાર સૂર્યકાંત યેવલે પર તેમના પદનો દુરુપયોગ કરવાનો આરોપ છે.

અજિત પવારે જણાવ્યું હતું કે કરાર કરનારા અને નોંધણી કાગળો પર સહી કરનારાઓના નામ FIRમાં નોંધાયેલા છે. પાર્થને ખબર નહોતી કે જમીન ગેરકાયદે વેચાઈ રહી છે. આ જમીનનો કુલ વિસ્તાર ૪૦ એકર છે, જે ૨૭૨ નાના પ્લોટમાં વહેંચાયેલો છે. આ જમીન મહાર સમુદાયને ફાળવવામાં આવી હતી. આઝાદી પછી, જમીન સરકારના નિયંત્રણ હેઠળ આવી. તેથી, સરકારી પરવાનગી વિના તેને ખરીદી કે વેચી શકાતી નહોતી.

### રાહુલ ગાંધીના આરોપ બાદ અજિત પવારે સ્વીકાર્યું

# દીકરાને ખબર નહોતી કે જમીન સરકારી છે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૮:** મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના દીકરા પાર્થ પવારની કંપની સાથે જોડાયેલા ૩૦૦ કરોડના કથિત જમીનના કરારમાં થયેલા કૌભાંડમાં શુક્રવારે (૭ નવેમ્બર) વધુ એક FIR દાખલ કરવામાં આવી છે. રાજ્ય સરકારે આ મામલે તપાસના આદેશ આપી દીધા છે.

મહારાષ્ટ્રના જોઈન્ટ ઈન્સ્પેક્ટર જનરલ ઑફ રજિસ્ટ્રેશન રાજેન્દ્ર મુથેએ શુક્રવારે સ્પષ્ટતા કરી હતી કે, પુણેની આ ૪૦ એકર જમીન રાજ્ય સરકારની માલિકીની છે અને તેને કોઈ પણ સંજોગોમાં વેચી શકાતી નથી. આ જમીનના વેચાણમાં કથિત ગેરરીતિઓની તપાસ ચાલી રહી છે. મુથેએ જણાવ્યું કે, “૭/૧૨ દસ્તાવેજમાં મુંબઈ સરકાર (પૂર્વની બોમ્બે સરકાર)ને માલિક દર્શાવવામાં આવ્યા છે. પાવર ઑફ એટર્ની ધરાવનાર વ્યક્તિ કોઈપણ કિંમતે જમીન વેચી શકે નહીં. અમે તમામ બાબતોની તપાસ કરી રહ્યા છીએ અને સાત દિવસમાં રાજ્ય સરકારને રિપોર્ટ સોંપીશું.” આ જમીન મુંધવા વિસ્તારની ૪૦ એકર સરકારી જમીન છે. આ કરાર પાર્થ પવાર અને દિગ્વિજય પાટીલની માલિકીની અમાડિયા એન્ટરપ્રાઈઝેસ LLP અને પાવર ઑફ એટર્ની ધારક શીતલ તેજવાની વચ્ચે થયો હતો. શુક્રવારે પોલીસમાં પાર્થ પવારના વ્યવસાયિક ભાગીદાર દિગ્વિજય પાટીલ, શીતલ તેજવાની અને સસ્પેન્ડ થયેલા મામલતદાર સૂર્યકાંત યેવાલે વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ પહેલા ગુરુવારે મહાનિરીક્ષક રજિસ્ટ્રાર કાર્યાલય દ્વારા દિગ્વિજય પાટીલ, શીતલ તેજવાની અને સબ-રજિસ્ટ્રાર આર. બી. તારૂ વિરુદ્ધ ગબન અને છેતરપિંડીનો કેસ નોંધાયો હતો. જિલ્લા કલેક્ટર જિતેન્દ્ર ડૂડીએ આ મામલો આર્થિક ગુના શાખા (EOW)ને સોંપ્યો છે. અજિત પવારે શુક્રવારે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે મુલાકાત કર્યા બાદ કહ્યું કે, તેમના પુત્ર પાર્થ અને તેમના વ્યવસાયિક ભાગીદારને જાણ નહોતી કે તેમની કંપની દ્વારા ખરીદવામાં આવેલી જમીન સરકારી છે. હવે જાણ થતા જ તેમણે આ કરાર રદ કરી દીધો છે. આ મામલે તપાસ માટે રચાયેલી સમિતિ એક મહિનાની અંદર પોતાનો રિપોર્ટ સોંપશે.

# સ્પોર્ટ્સ ન્યૂઝ

### અભિષેકે સૌથી ઝડપી ૧૦૦૦ ટી૨૦ રન પૂરા કર્યા

## વરસાદને કારણે પાંચમી T20 રદ, ભારતે ૨-૧ થી સીરિઝ જીતી

**ભારતની એક પણ વિકેટ પડી નથી : જોકે વીજળીના જોરદાર કડાકા થતાં મેચ અટકાવવાનો નિર્ણય લેવાયો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાબા, તા.૦૮ :** ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી પાંચમી અને છેલ્લી ટી૨૦ મેચ વરસાદના કારણે રદ થઈ ગઈ છે. ભારતે ૫ મેચની સીરિઝ ૨-૧થી જીતી લીધી છે. બ્રિસ્બેનના ગાબામાં બંને ટીમો નિર્ણાયક ટી૨૦ મેચ રમી રહી હતી. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને ભારતને પહેલા બેટિંગ માટે આમંત્રણ આપ્યું હતુ. ભારતે ૪.૫ ઓવરમાં ૫૨ રન બનાવી લીધા હતા. ત્યાર બાદ વરસાદ શરૂ થતા મેચ અટકાવવી પડી અને અંતે રદ કરવી પડી.

પાંચમી ટી૨૦ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પહેલા બોલિંગનો નિર્ણય કર્યો હતો. ભારતીય ટીમ તરફથી વાઈસ કેપ્ટન શુભમન ગિલ અને સ્ટાર બેટ્સમેન અભિષેક શર્મા ઓપનિંગ કરવા આવ્યાં હતા. ભારતના બંને ઓપનિંગ બેટ્સમેનોએ ઓસ્ટ્રેલિયા સામે આક્રમક શરૂઆત કરી મેચમાં વરસાદ ખલેલ પહોંચાડે એ પહેલા ભારતે ૪.૫ ઓવરમાં ભારતીય બેટ્સમેનોએ ૫૨ રન પણ બનાવી દીધા હતા.

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ગાબામાં રમાય રહેલી આ પાંચમી ટી૨૦ મેચ રદ થઈ ગઈ છે. આ સીરિઝની પહેલી મેચ પણ વરસાદના કારણે રદ થઈ ગઈ હતી. બીજી ટી૨૦ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ૪ વિકેટે જીત મેળવી હતી. જ્યારે ત્રીજી ટી૨૦ મેચમાં ટીમ ઈન્ડિયાએ વાપસી કરતા ૫ વિકેટે જીત મેળવી હતી. ચોથી ટી૨૦ મેચમાં પણ ભારતે જ જીત નોંધાવી અને સીરિઝમાં ૨-૧થી લીડ બનાવી હતી. આમ ટીમ ઈન્ડિયા ૨-૧થી આ ટી૨૦ સીરિઝ જીતી લીધી છે. ટીમ ઈન્ડિયાના ઓપનિંગ બેટ્સમેન અભિષેક શર્માએ ઓસ્ટ્રેલિયા સામેની ૫મી T20Iમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. શુભમન ગિલ સાથે ઈનિંગની શરૂઆત કરતા અભિષેકે T20Iમાં સૂર્યકુમાર યાદવનો મોટો રેકોર્ડ તોડ્યો છે. અભિષેક શર્મા બોલની દ્રષ્ટિએ આ ફોર્મેટમાં ૧૦૦૦ રન બનાવનાર સૌથી ઝડપી બેટ્સમેન બન્યો તેની સાથે તેણે અનેક દિગ્ગજોને પાછળ છોડ્યા છે. અભિષેક શર્માએ માત્ર ૫૨૮ બોલ રમીને T20Iમાં ૧૦૦૦ રનનો આંકડો પાર કર્યો છે. અભિષેક પહેલાં, સૂર્યકુમાર યાદવે ભારત માટે આ સિદ્ધિ મેળવી હતી. સૂર્યકુમાર યાદવે ૫૭૩ ઈનિંગ્સમાં T20 ઈન્ટરનેશનલમાં ૧૦૦૦ રન પૂરા કર્યા હતા. ઈંગ્લેન્ડનો ફિલ સોલ્ટ હવે ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. ફિલ સોલ્ટે ૫૯૯ બોલ રમીને આ ફોર્મેટમાં ૧૦૦૦ રન પૂરા કર્યા હતા.

### બંનેએ એશિયા કપની ટ્રોફી વિશે ચર્ચા કરી હતી

## BCCI સેક્રેટરીએ મોહસીન નકવીની સાથે કરી મુલાકાત



(સંપૂર્ણ સમાચાર સેવા)

**દુબઈ, તા.૦૮ :** એશિયા કપની ટ્રોફીને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે BCCI સેક્રેટરી દેવજીત સૈકિયાએ કહ્યું કે, તેઓ દુબઈમાં PCB ચેરમેન મોહસીન નકવી સાથે મળ્યા હતા. સૈકિયા દુબઈમાં ICC મીટિંગની બહાર નકવી સાથે મળવા આવ્યા હતા, જ્યાં બંનેએ એશિયા કપ ટ્રોફી અંગે ચર્ચા કરી હતી.

બંને સંમત થયા હતા કે, તેઓ એશિયા કપ ટ્રોફી વિવાદને શક્ય તેટલી વહેલી તકે ઉકેલવા માંગે છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અનુસાર, સંજોગ ગુપ્તા અને ઈમરાન ખ્વાજાએ BCCI અને PCB પ્રતિનિધિઓ વચ્ચેની આ મીટિંગમાં મધ્યસ્થી કરી હતી.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, BCCI સેક્રેટરી દેવજીત સૈકિયાએ જણાવ્યું હતું કે, "અમે PCB ચીફ મોહસીન નકવી સાથે મુલાકાત કરી હતી. આ (એશિયા કપ ટ્રોફી) સત્તાવાર બેઠકના એજન્ડામાં ન હોવાથી, ICC એ નકવી સાથે એક અલગ બેઠકનું આયોજન કર્યું હતું. આ વિવાદને ઉકેલવા માટે ICC ના પ્રયાસો બદલ અમે તેમનો આભાર માનવા માંગીએ છીએ. બંને પક્ષો વચ્ચેની વાતચીત સૌહાર્દપૂર્ણ રહી અને બંને પક્ષો આ મુદ્દાનો શક્ય તેટલી વહેલી તકે ઉકેલ ઈચ્છે છે."

દેબોજીત સૈકિયાએ એમ પણ કહ્યું કે, આ વિવાદ અંગે તાજેતરમાં ઘણી બેઠકો યોજાઈ છે, અને ઘણા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા થઈ છે. દેવજીત સૈકિયાએ બોર્ડ મીટિંગમાં BCCIનું પ્રતિનિધિત્વ કર્યું હતું, જ્યારે અરુણ સિંહ ધુમલે CEC મીટિંગમાં BCCIનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

જણાવી દઈએ કે, ૨૮ સપ્ટેમ્બરના રોજ, ભારતે પાકિસ્તાનને ૫ વિકેટથી હરાવીને એશિયા કપ ફાઈનલ જીતી હતી, પરંતુ એક મહિના પછી પણ ટીમ ઈન્ડિયાને એશિયા કપ ટ્રોફી મળી નથી. તાજેતરમાં એવા અહેવાલો આવ્યા હતા કે, મોહસીન નકવી ICC મીટિંગમાં હાજરી આપી શકશે નહીં, પરંતુ PCB ચીફ આ મીટિંગનો ભાગ બન્યા અને BCCI ના પ્રતિનિધિઓ સાથે પણ વાત કરી હતી.

### સ્પેસએક્સ દ્વારા બનાવવામાં આવ્યો લોન્ચિંગ રેકોર્ડ

## ૨૦૨૫માં ૧૪૬ મિશન લોન્ચ કરીને સ્પેસએક્સ દ્વારા લોન્ચિંગ રેકોર્ડ

**તેમના છેલ્લા મિશનમાં સ્પેસએક્સના ફાલ્કન ૯ રોકેટને ફ્લોરિડાના કેપ કેનાવેરલમાંથી લોન્ચ કરવામાં આવ્યું હતું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૦૮**

ઈલોન મસ્કના સ્પેસએક્સ દ્વારા એક નવો રેકોર્ડ બનાવવામાં આવ્યો છે. સ્પેસએક્સ દ્વારા ૨૦૨૫માં ૧૪૬ મિશન લોન્ચ કરવામાં આવ્યાં છે. તેમના છેલ્લા મિશનમાં સ્પેસએક્સના ફાલ્કન ૯ રોકેટને ફ્લોરિડાના કેપ કેનાવેરલમાંથી લોન્ચ કરવામાં આવ્યું હતું. એ વખતે ૨૯ સ્ટારલિંક સેટેલાઈટ્સને લો-અર્થ ઓરબિટમાં લોન્ચ કરવામાં આવી હતી. ગયા વર્ષ કરતાં આ વર્ષે સ્પેસએક્સ દ્વારા ખૂબ જ સારું પરફોર્મન્સ આપ્યું છે.

સ્પેસએક્સ દ્વારા ૨૦૧૯માં ફક્ત ૧૩ ઓરબિટલ લોન્ચ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ સ્પેસએક્સ દ્વારા ઘણાં મિશન અને ઘણી સેટેલાઈટ્સ લોન્ચ કરવામાં આવી હતી. સ્પેસએક્સ દ્વારા ૨૦૨૪માં કુલ ૧૩૮ લોન્ચ કરવામાં આવ્યા હતા. જોકે આ વર્ષે સ્પેસએક્સ દ્વારા પોતાનો જ રેકોર્ડ તોડવામાં આવ્યો છે. ઈલોન મસ્કની કંપની દ્વારા આ વર્ષે ૧૪૬ મિશન લોન્ચ કરવામાં આવ્યાં છે અને હજી આ વર્ષ પૂરું થવામાં ઘણાં દિવસ બાકી છે. સ્પેસએક્સ દ્વારા આ વર્ષે જેટલાં પણ મિશન લોન્ચ કરવામાં આવ્યાં છે, એમાં ૧૦૦થી વધુ મિશન સ્ટારલિંક સેટેલાઈટ ઈન્ટરનેટ સર્વિસ માટે લોન્ચ કરવામાં આવ્યા છે. છેલ્લા મિશનમાં સ્પેસએક્સ દ્વારા ૨૯ સેટેલાઈટ મોકલવામાં આવી છે. સ્પેસએક્સ દ્વારા હવે બહુ જલદી તેમના નેટવર્કમાં વધારો કરવામાં આવી રહ્યો છે. તેમની પાસે હવે ૮,૮૦૦ એક્ટિવ સેટેલાઈટ્સ છે, જે વિવિધ દેશોમાં ઈન્ટરનેટ પૂરો પાડે છે. ફાલ્કન ૯ ફર્સ્ટ-સ્ટેજ બૂસ્ટરની આ પાંચમી ફ્લાઈટ હતી. આ બૂસ્ટરનો ઉપયોગ અગાઉ બે વાર અંતરિક્ષયાત્રીઓને સ્પેસમાં લઈ જવા માટે અને સ્પેસ સ્ટેશનમાં સપ્લાય લઈ જવા માટે પણ કરવામાં આવ્યો હતો. લોન્ચ થયાની ૮.૫ મિનિટ બાદ સ્ટેજ સેપરેશન પછી એ દરિયામાં લેન્ડ થઈ ગયું હતું અને બીજો ભાગ ઓરબિટમાં ગયો હતો અને સેટેલાઈટને સફળતાપૂર્વક લોન્ચ કરી હતી.

### પ્રધાનમંત્રી મોદીએ કાશીથી દેશને આપી મોટી ભેટ

# પીએમ મોદીએ વારાણસી રેલ્વે સ્ટેશનથી ચાર નવી વંદે ભારત ટ્રેનોનું ઉદ્ઘાટન કર્યું

**પીએમ મોદીએ વારાણસી રેલ્વે સ્ટેશનથી ચાર નવી વંદે ભારત ટ્રેનોનું ઉદ્ઘાટન કર્યું ત્યારે ત્યાં હાજર લોકોએ "હર હર મહાદેવ!" ના નારા લગાવ્યા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વારાણસી, તા.૦૮**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને ચાર નવી વંદે ભારત ટ્રેનોની ભેટ આપી. વારાણસી-ખજુરાહો, લખનૌ-સહારનપુર, ફિરોઝપુર-દિલ્હી અને એર્નાકુલમ-બેંગલુરુ રૂટ પર દોડતી આ ટ્રેનોનું ઉદ્ઘાટન પીએમ મોદીએ પોતે લીલી ઝંડી આપીને કર્યું. તેમણે ઝંડી લહેરાવતા જ સ્ટેશન પર મુસાફરોએ "હર હર મહાદેવ" ના નારા સાથે ઉત્સવનો માહોલ સર્જી દીધો.



પ્રધાનમંત્રી મોદી વારાણસી રેલ્વે સ્ટેશન પર પહોંચ્યા ત્યારે ભાજપના કાર્યકરો અને સામાન્ય જનતા દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. સ્ટેશન પરિસર "હર હર મહાદેવ" ના નારાઓથી ગુંજી ઉઠ્યું.

રેલ્વે સ્ટાફ અને સુરક્ષા કર્મચારીઓએ પણ સુગમ વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણ સહયોગ આપ્યો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, "વિશ્વભરના વિકસિત દેશોમાં માળખાગત સુવિધાઓ આર્થિક વિકાસનો મુખ્ય ચાલક રહ્યો છે. જે દેશોમાં ખૂબ પ્રગતિ અને વિકાસ થયો છે, ત્યાં માળખાગત સુવિધાઓનો વિકાસ તેમની પ્રગતિ પાછળ એક મુખ્ય પરિબળ રહ્યો છે. બનેલા એરપોર્ટની સંખ્યા, દોડતી વંદે ભારત ટ્રેનોની સંખ્યા - આ બધી બાબતો વિકાસ સાથે જોડાયેલી છે." તેમણે ઉમેર્યું કે, વિદેશી પ્રવાસીઓ પણ હવે વંદે ભારત જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા છે. આ ટ્રેનો સીમાચિહ્નરૂપ સાબિત થશે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, "આજે, ભારત પણ આ માર્ગ પર ખૂબ જ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. આ ક્રમમાં, આજે દેશના વિવિધ ભાગોમાં નવી વંદે ભારત ટ્રેનો શરૂ કરવામાં આવી રહી છે."

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, મોટાભાગના દેશોના વિકાસમાં માળખાગત સુવિધાઓએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. કોઈ શહેરને સારી કનેક્ટિવિટી મળતાં જ તેનો વિકાસ આપમેળે ઝડપી બને છે. માળખાગત સુવિધાઓ ફક્ત મોટા પુલ અને હાઈવે સુધી મર્યાદિત નથી. પીએમ મોદીએ નોંધ્યું કે, કાશીથી ખજુરાહો વંદે ભારત ઉપરાંત, ફિરોઝપુર-દિલ્હી વંદે ભારત, લખનૌ-સહારનપુર વંદે ભારત અને એર્નાકુલમ-બેંગલુરુ વંદે ભારતને લીલી ઝંડી આપવામાં આવી છે. આ ચાર નવી વંદે ભારત ટ્રેનો સાથે, દેશમાં હવે ૧૬૦ થી વધુ નવી વંદે ભારત ટ્રેનો કાર્યરત છે.

ચાર નવી ટ્રેનમાં બનારસ–ખજુરાહો વંદે ભારત એક્સપ્રેસ સૌથી મહત્ત્વપૂર્ણ છે, જે કાશી અને સમગ્ર પૂર્વાંચલ માટે મોટી ભેટ ગણાય છે. આ ટ્રેન બનારસ, પ્રયાગરાજ, ચિત્રકૂટ અને ખજુરાહો જેવા ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થળોને જોડીને ધાર્મિક પર્યટનને નવી ગતિ આપશે. આ નવી વંદે ભારત સેવા મુસાફરોને વર્તમાન સ્પેશિયલ ટ્રેનોની તુલનામાં લગભગ ૨ કલાક ૪૦ મિનિટનો સમય બચાવીને ઝડપી, આરામદાયક અને આધુનિક યાત્રાનો અનુભવ આપશે.

કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે વારાણસી સ્ટેશનનું નિરીક્ષણ કર્યું અને કહ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વારાણસી સ્ટેશનથી ચાર વંદે ભારત સેવાઓને લીલી ઝંડી બતાવી.

આ તમામ સેવાઓ મુસાફરોને સુવિધા પ્રદાન કરશે. ભલે તે અમૃત ભારત ટ્રેન હોય, નમો ભારત હોય કે વંદે ભારત, મુસાફરોની સુવિધા પર ધ્યાન કેન્દ્રિત કરીને નવી પેઢીની ટ્રેનો સતત શરૂ કરવામાં આવી રહી છે. આ સાથે જ, દેશભરના ૧૩૦૦ સ્ટેશનો પર પણ પુનર્વિકાસનું કામ ચાલી રહ્યું છે.'

### આયોધ્યા રામ મંદિરને લઈને તુષાર મહેતાનો ખુલાસો

## વકીલોનો બહિષ્કાર, ચુકાદામાં વિલંબ કરવાનો પ્રયાસ કરાયા

**સુપ્રીમ કોર્ટમાં રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ જમીન વિવાદ કેસની સુનાવણીને રોકવાના પ્રયાસો કરાયા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૮**

રામ મંદિર જમીન વિવાદમાં ચુકાદાના ૬ વર્ષ બાદ, એક મોટો ખુલાસો સામે આવ્યો છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટમાં રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ જમીન વિવાદ કેસની સુનાવણી અટકાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. તેમણે ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે "કેસ ફોર રામ - ધ અનટોલ્ડ ઈનસાઈડર્સ સ્ટોરી" પુસ્તકના વિમોચન પ્રસંગે આ નિવેદન આપ્યું હતું. આ ખુલાસાએ ફરી એકવાર રામ મંદિર વિવાદને ચર્ચામાં લાવ્યો છે.

૨૦૧૯ના એક ઐતિહાસિક નિર્ણયમાં, તત્કાલીન મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈની આગેવાની હેઠળની પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે અયોધ્યામાં વિવાદિત સ્થળ પર રામ મંદિર બનાવવાને મંજૂરી આપી હતી.

આ નિર્ણયમાં મંદિર માટે સંપૂર્ણ ૨.૭૭ એકરનો પ્લોટ અને મસ્જિદના નિર્માણ માટે અલગથી ૫ એકરનો પ્લોટ ફાળવવામાં આવ્યો હતો.

તેમણે કહ્યું કે, "એક ઘટના જેણે મારા પર ખૂબ જ ખરાબ છાપ છોડી છે, તે એ છે કે જ્યારે તેને રોકવાના તમામ પ્રયાસો નિષ્ફળ ગયા, ત્યારે બે પ્રખ્યાત વકીલોએ કોર્ટનો બહિષ્કાર કર્યો હતો." તેમણે વધુમાં કહ્યું કે, અમે સંસદમાં આવી વાત ફક્ત સાંભળી છે, પરંતુ રામ મંદિર કેસમાં પણ આવું બન્યું હતું.

જણાવી દઈએ કે, ૨૦૧૯માં, રંજન ગોગોઈની આગેવાની હેઠળની પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે વિવાદિત જમીન પર રામ મંદિર બનાવવાનો આદેશ આપ્યો હતો. મસ્જિદ માટે અલગથી ૫ એકરનો પ્લોટ પણ ફાળવવામાં આવ્યો હતો. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ ઉત્તર પ્રદેશના અયોધ્યામાં, જે હિન્દુ દેવતા રામનું જન્મસ્થળ માનવામાં આવે છે, એક ભવ્ય સમારોહમાં રામ મંદિરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

### હિટ લિસ્ટમાં દાઉદ ઈબ્રાહીમના અનેક નામ

## ભારતીય એજન્સીઓના ટોપ ૨૦ આતંકીઓની હિટ લિસ્ટ

**ભારતીય સુરક્ષા એજન્સીઓની આ યાદીમાં પહેલું નામ મસૂદ અઝહરનું છે, જેના પણ ત્રણ નામ છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૮**

મુંબઈ બોમ્બ વિસ્ફોટ બાદ દાઉદ ઈબ્રાહીમ પાકિસ્તાન ભાગી ગયો હતો. જોકે, અનેકવાર ભારતીય સુરક્ષા એજન્સીઓના હાથમાં આવતા-આવતા તે છટકી ગયો છે. ભારતીય એજન્સીઓને ચકમો આપવા માટે તે પોતાનું નામ સતત બદલતો રહે છે અને હાલમાં તે પાકિસ્તાનમાં ISI અને સેનાની દેખરેખ હેઠળ છે. આતંકવાદીઓની યાદીમાં ભારતીય એજન્સીઓએ તેને ચોથા ક્રમે રાખ્યો છે.

ભારતીય એજન્સીઓના જણાવ્યા મુજબ, દાઉદ સતત પોતાનું નામ બદલતો રહે છે. આ કારણોસર, તેના ઘણા નામો આતંકવાદીઓની યાદીમાં સામેલ છે. જેમ કે: દાઉદ ઈબ્રાહીમ કાસકર, દાઉદ હસન શેખ કાસકર, દાઉદ ભાઈ, દાઉદ સબરી, ઈકબાલ શેઠ, બાબા પટેલ, દાઉદ ઈબ્રાહીમ, શેખ દાઉદ હસન, અબ્દુલ હમીદ અબ્દુલ અઝીઝ, અનીસ ઈબ્રાહીમ, અઝીઝ દિલીપ, દાઉદ હસન શેખ ઈબ્રાહીમ કાસકર, દાઉદ ઈબ્રાહીમ મેમણ કાસકર, દાઉદ હસન ઈબ્રાહીમ કાસકર, દાઉદ ઈબ્રાહીમ મેમણ, કાસકર દાઉદ હસન, શેખ મોહમ્મદ ઈસ્માઈલ અબ્દુલ રહેમાન, દાઉદ હસન શેખ ઈબ્રાહીમ, દાઉદ ભાઈ લો ક્વોલિટી, ઈબ્રાહીમ શેખ મોહમ્મદ અનીસ, શેખ ઈસ્માઈલ અબ્દુલ, શેખ ફારૂકી, અને ઈકબાલ ભાઈ.

ભારતીય સુરક્ષા એજન્સીઓની આ યાદીમાં પહેલું નામ મસૂદ અઝહરનું છે, જેના પણ ત્રણ નામ છે. બીજા નંબર પર હાફિઝ સઈદ છે, જેના પણ અનેક નામ છે. આ પછી, ત્રીજા ક્રમે લખવી, ચોથા પર દાઉદ, પાંચમા પર વાધવા સિંહ બબ્બર, છઠ્ઠા પર લખબીર સિંહ, સાતમા પર રણજીત સિંહ, આઠમા પર પરમજીત સિંહ, નવમા પર ભૂપિન્દર સિંહ ભિંડા અને દસમા પર ગુરમીત સિંહ બગ્ગા છે. જ્યારે ગુરપતવંત સિંહ પન્નૂ ૧૧મા અને નિજ્જર ૧૨મા નંબર પર છે.

પાકિસ્તાન એક એવો દેશ છે જ્યાં સરકાર અને સેના આતંકવાદીઓને ખુલ્લેઆમ મદદ કરે છે, જેમાં તેમના માટે અનેક પાસપોર્ટ બનાવવામાં આવે છે અને ખુદ પાકિસ્તાની સેના તેમજ ISI તેમની સુરક્ષામાં વ્યસ્ત રહે છે જેથી ભારત તેમને નિશાન ન બનાવે.

આ આતંકવાદીઓને સુરક્ષિત રાખવા અને આંતરરાષ્ટ્રીય સમુદાયને ગેરમાર્ગે દોરવા માટે, પાકિસ્તાન તેમના જોખમને ધ્યાનમાં રાખીને અલગ-અલગ નામથી નકલી સરકારી દસ્તાવેજો બનાવે છે. આ રીતે, તે દાવા કરે છે કે દાઉદ જેવા આતંકવાદીઓ અઝીઝ દિલીપ જેવા અન્ય નામો હેઠળ છુપાયેલા છે. આ જ કારણોસર, ભારતે હવે પાકિસ્તાનમાં રહેલા આ આતંકવાદીઓ પર સર્જિકલ સ્ટ્રાઈક કરે છે, જેનું એક ઉદાહરણ ઓપરેશન સિંદૂર છે.

### જમ્મુ-કાશ્મીરના કુપવાડામાં સુરક્ષાદળોનું ઓપરેશન, બે આતંકી ઠાર



(સંપૂર્ણ સમાચાર સેવા)

**શ્રીનગર, તા.૦૮**

જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. સુરક્ષાદળોએ શનિવારે સવારે જમ્મુ-કાશ્મીરના કુપવાડામાં ઓપરેશન પિંપલ હેઠળ બે આતંકીઓને ઠાર કર્યા છે. કુપવાડાના કેરન સેક્ટરમાં આતંકીઓની હાજરીની ગુપ્ત જાણકારી મળ્યા બાદ સુરક્ષાદળોએ શુક્રવારે એક સંયુક્ત અભિયાન શરૂ કર્યું હતું. ભારતીય સેનાની ચિનાર કોરે પોતાના એક્સ એકાઉન્ટ પર લખ્યું કે, ૭ નવેમ્બર ૨૦૨૫ના અહીં ઘૂષણખોરીના પ્રયાસના સંબંધમાં એજન્સીઓને જાણકારી મળી હતી.

આ માહિતીના આધારે, કુપવાડાના કેરન સેક્ટરમાં સંયુક્ત ઓપરેશન શરૂ કરવામાં આવ્યું. સતર્ક સૈનિકોએ શંકાસ્પદ ગતિવિધિઓ જોઈ અને આતંકવાદીઓને પડકાર ફેંક્યો. આતંકવાદીઓએ સૈનિકો પર અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો. આતંકવાદીઓએ સુરક્ષા કર્મચારીઓ પર વળતો ગોળીબાર કર્યા પછી એન્કાઉન્ટર શરૂ થયું. સુરક્ષા દળોએ વળતો જવાબ આપ્યો, જેમાં બે આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા. ગોળીબાર હજુ પણ ચાલુ છે. માર્યા ગયેલા આતંકીઓની ઓળખ હજુ થઈ શકી નથી. ચિનાર કોરે એક અન્ય પોસ્ટમાં કહ્યું કે, ચાલી રહેલા અભિયાનમાં સુરક્ષા દળોએ બે આતંકીઓને ઠાર કર્યા છે. આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

અધિકારીઓ પ્રમાણે આતંકીઓની હાજરીની ગુપ્ત જાણકારી મળ્યા બાદ ભારતીય સેનાની સહાયતાથી જમ્મુ-કાશ્મીર પોલીસે છત્રૂ વિસ્તારમાં એક સંયુક્ત અભિયાન શરૂ કર્યું હતું. ત્યારબાદ અથડામણ શરૂ થઈ હતી. આ સર્ચ અભિયાન વહેલી સવારે શરૂ કરવામાં આવ્યું હતું. સર્ચ અભિયાન દરમિયાન સુરક્ષા દળો પર ગોળીબારી શરૂ થઈ હતી.

## ઉત્તર પ્રદેશમાં ભાજપ નેતાની ગોળી મારી હત્યાઃ બદમાશોએ ઘરમાં ઘૂસીને મોતને ઘાટ ઉતાર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લખનૌ, તા.૦૮**

ભાજપના અંબેહટા મંડલ ઉપાધ્યક્ષની શુક્રવારે (૭ નવેમ્બર) મોડી રાત્રે ગોળી મારીને હત્યા કરવામાં આવી હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. આ ઘટના બાદ વિસ્તારમાં ચકચારી મચી ગઈ છે. મૃતકની ઓળખ ૬૫ વર્ષીય ધરમ સિંહ કોરી તરીકે થઈ છે, જેઓ ભાજપના અનુસૂચિત મોરચાના મંડળ અધ્યક્ષ પણ હતા.

મૃતકના દીકરા અને ભાજપના અનુસૂચિત મોરચાના મંડળ અધ્યક્ષ સુશીલ કોરીએ જણાવ્યું કે, તેમના પિતા ધરમ સિંહ કોરી રાત્રે સમયે ગામ ટિડૌલી સ્થિત પોતાના ઘરે સૂતા હતા. સવારે જ્યારે તેમની પત્ની સુનીતાબેને ઘરમાં જોયું તો ખાટલા પાસે લોહી વહેતું હતું. તેમણે બૂમાબૂમ કરતાં પરિવારના અન્ય સભ્યો ત્યાં દોડી આવ્યા અને જોયું તો ધરમ સિંહ કોરીના માથામાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

મૃતકના મોટા દીકરાએ જણાવ્યું કે, રાત્રે લગભગ ૨:૦૦ વાગ્યે તેમને શ્વાનના ભસવાનો અવાજ અને ફટાકડા જેવો અવાજ આવ્યો હતો. ગામમાં તે સમયે બે લગ્ન હોવાથી આતિશબાજી થઈ રહી હશે એમ સમજીને પરિવારજનો ઘરમાં જ સૂતા રહ્યા હતા. સવારે ઘરે પહોંચ્યા બાદ હત્યાની ઘટનાની જાણ થઈ.

ઘટનાની જાણ થતાં જ પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈને તેને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. અજાણ્યા હુમલાખોરો વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

સિસ્ટમને હેક કરવા માટે સરકારી ઓફિશિયલના ઈમેલને હેક કરવાની કોશિશ

# ટ્રાન્સપરન્ટ ટ્રાઈબનો સાઇબર વોરઃ પાકિસ્તાની સપોર્ટેડ હેકર્સે ભારતને નિશાન બનાવ્યું

**ભારતની સિસ્ટમને હેક કરીને લદ્દાખમાં આવેલી બોર્ડર પર ટેન્શન વધારવાની કોશિશ કરવામાં આવી રહી છે, આ ગ્રુપ દ્વારા ચીનની મિલિટરી મૂવમેન્ટ પર પણ નજર રાખવામાં આવી રહી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૮**

ઈન્ડિયાની ઈન્ટેલિજન્સ એજન્સી દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી છે કે પાકિસ્તાન દ્વારા મદદ કરવામાં આવતાં હેકર્સના ગ્રુપ દ્વારા ભારતની સરકારી સિસ્ટમ પર સ્પાયવેર અટેક કરવામાં આવ્યો છે. આ ગ્રુપ પોતાને ટ્રાન્સપરન્ટ ટ્રાઈબ તરીકે ઓળખાવે છે. આ ગ્રુપ સતત સરકારી અને મિલિટરી સિસ્ટમને એડવાન્સ સ્પાયવેર દ્વારા અટેક કરી રહ્યું છે.

આ સ્પાયવેરને DeskRAT તરીકે ઓળખવામાં આવે છે. ઈન્ટેલિજન્સના એક સોર્સને જણાવવામાં આવ્યું હતું કે, આ ગ્રુપ દ્વારા તેમની ક્ષમતાને અપગ્રેડ કરવામાં આવી છે. તેઓ હવે ક્લાઉડ આધારિત સિસ્ટમ જેવી કે ગૂગલ ડ્રાઈવની જગ્યાએ પ્રાઈવેટ સર્વરનો ઉપયોગ કરી રહ્યાં છે. ભારતની સિસ્ટમને હેક કરીને લદ્દાખમાં આવેલી બોર્ડર પર ટેન્શન વધારવાની કોશિશ કરવામાં આવી રહી છે. આ ગ્રુપ દ્વારા ચીનની મિલિટરી મૂવમેન્ટ પર પણ નજર રાખવામાં આવી રહી છે. આ માટે તેઓ સરકારી ઓફિસરના ઈમેલ હેક કરી રહ્યાં છે અને તેમના જેવા અન્ય ઈમેલ એડ્રેસ, ZIP આર્કાઈવ અને ડોક્યુમેન્ટનો ઉપયોગ સરકારી નોટિસ અથવા તો ઈન્ટેલિજન્સ બ્રીફિંગ મોકલી રહ્યાં છે. આ દ્વારા તેઓ મેલિશિયસ સોફ્ટવેરને ઈન્સ્ટોલ કરવા માટેની કોશિશ કરી રહ્યાં છે. આ અટેક્સ પ્રોટેસ્ટ, સિક્યોરિટી એલર્ટ અને બોર્ડર પર કોઈ ઘટના થઈ હોય એ આધારે કરવામાં આવી રહ્યાં છે. આથી સત્તાધિકારીઓ આ અટેચમેન્ટને ઓપન કરે જેનાથી નવી અપડેટ્સ મળી શકે. આ અપડેટ્સ માટે તેઓ જ્યારે ઈમેલ ઓપન કરે ત્યારે સોફ્ટવેર ઈન્સ્ટોલ થઈ જાય છે.

DeskRAT એક વાર ઈન્સ્ટોલ થઈ ગયા બાદ હેકર્સ દ્વારા ડેટાની ચોરી કરવામાં આવી રહી છે. આ મેલિશિયસ સોફ્ટવેર ખૂબ જ પાવરફુલ છે. એનાથી BOSS Linux સિસ્ટમ દ્વારા રિમોટ એક્સેસ કરવામાં આવે છે. આ દ્વારા તેઓ ચૂપકેથી ફાઈલ્સ જોઈ શકે છે, ડોક્યુમેન્ટની કોપી કરાવી શકે છે અને તમામ એક્ટિવિટીને મોનિટર પણ કરી શકે છે. કોઈને ખબર પણ ન પડે એ રીતે તેઓ ઈન્ટેલિજન્સની ચોરી કરી શકે છે. આ મેલવેર સિસ્ટમ ક્રેશ નથી કરતું, પરંતુ ફક્ત ડેટા ચોરી કરે છે, સ્ટ્રેટેજિક પ્લાન બનાવે છે અને પાસવર્ડની ચોરી કરે છે. આ ડેટા ચોરી મહિનાઓ સુધી કરવામાં આવે છે.

ઈન્ટેલિજન્સ ઓફિસર દ્વારા કહેવામાં આવી રહ્યું છે કે, ટ્રાન્સપરન્ટ ટ્રાઈબના અટેક પહેલાં કરતા વધુ ઝડપી અને ઘાતકી બની ગયા છે અને તેમને ઓળખવા પણ મુશ્કેલ છે. આ ગ્રુપ દ્વારા AI નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. એના દ્વારા મેલવેરને સિસ્ટમમાં દાખલ કરવામાં આવે છે. એના કારણે તેમનો સમય ખૂબ જ બચી રહ્યો છે અને તેઓ ઝડપથી અટેક કરી રહ્યાં છે. આ કારણસર તેઓ ખૂબ જ ઝડપથી નવા-નવા મેલવેર બનાવી રહ્યાં છે જેના દ્વારા તેઓ વધુ ખતરનાક બની રહ્યાં છે. આ પ્રકારના અટેકનો સામનો કરવા માટે ટ્રેડિશનલ સાઈબરસિક્યોરિટી પણ કામ નથી આવતી. આ પ્રકારના અટેકની સામે રક્ષણ માટે ઓટોમેટિક ડિટેક્ટ કરી પ્રોટેક્ટ કરવામાં આવે એવા ટૂલની જરૂર છે. ટ્રાન્સપરન્ટ ટ્રાઈબ પહેલાં ફિશિંગ અટેક્સ સાથે સંડોવાયેલા હતા. તેઓ Crimson RAT મેલવેર ડિસ્ટ્રિબ્યુટ કરવા માટે જાણીતા હતા. પાવરપોઈન્ટ અને PDF ફાઈલ દ્વારા તેઓ સિક્યોરિટી સાથે છેડછાડ કરતાં હતા. તેઓ ખોટા સરકારી મેસેજ ફેરવી રહ્યાં હતાં અને ત્યાર બાદ સરકારી ઓફિસરને ભેરવી રહ્યાં હતાં. DeskRAT ભારત માટે ખૂબ જ મોટી ચેલેન્જ છે જે છેલ્લા ઘણાં વર્ષોથી જોવા નહોતી મળી.

# ૫.આફ્રિકન દેશ માલીમાં પાંચ ભારતીયોના અપહરણથી પરિવારમાં ચિંતાનો માહોલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૮**

પશ્ચિમી આફ્રિકન દેશ માલીમાં અજાણ્યા બંદૂકધારીઓએ વીજળીકરણ પ્રોજેક્ટ પર કામ કરી રહેલા પાંચ ભારતીય નાગરિકોનું અપહરણ કરતાં આફ્રિકામાં ભારતીયોની સુરક્ષા અંગે વધુ એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. કંપની અને સુરક્ષા સૂત્રોએ આ ઘટનાની પુષ્ટિ કરી છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર સુરક્ષા અધિકારીએ જણાવ્યું કે, ગુરુવારે કોબ્રી વિસ્તાર પાસે તેમનું અપહરણ કરવામાં આવ્યું હતું અને તેઓ માલીના ગ્રામ્ય વિસ્તારોમાં વીજળી પુરવઠા પ્રોજેક્ટ ચલાવતી કંપનીના કર્મચારી હતા. કંપનીના પ્રતિનિધિએ પાંચ ભારતીય નાગરિકોના અપહરણની પુષ્ટિ કરી હતી અને જણાવ્યું હતું કે બાકીના કર્મચારીઓને રાજધાની બમાકો સુરક્ષિત પહોંચાડી દેવાયા છે. હાલમાં, કોઈ પણ જૂથે આ અપહરણની જવાબદારી લીધી નથી. માલીમાં હાલમાં સૈન્ય જુન્ટાની સત્તા છે, પરંતુ દેશ આતંકી હિંસા અને અશાંતિથી પીડાઈ રહ્યો છે. અહીં ઈસ્લામિક સ્ટેટ, અલ કાયદા, અને ‘ગ્રુપ ફોર ધ સપોર્ટ ઓફ ઈસ્લામ એન્ડ મુસ્લિમ્સ’ જેવા જિહાદી જૂથોનો પ્રભાવ છે, જેમાં JNIM લોકોને પરેશાન કરી રહ્યું છે.

માલીની ઘટના બાદ, આફ્રિકામાં ભારતીય કામદારોની સુરક્ષા અંગે ચિંતા વધી છે, કારણ કે થોડા સમય પહેલાં જ સુદાનમાં ઓડિશાના આદર્શ બેહેરાનું અપહરણ થયું હતું. તેમને રેપિડ સપોર્ટ ફોર્સ મિલિશિયાએ બંધક બનાવ્યા છે. એક વીડિયોમાં આદર્શ બે હથિયારબંધ સૈનિકો સાથે દેખાય છે, જેમાંથી એકે તેમને ‘શાહરૂખ ખાનને જાણો છો?’ તેવું પૂછ્યું હતું અને બીજાએ તેમને RSF પ્રમુખ ‘મોહમ્મદ હામદાન ડગાલો (હેમેતી)’ના નામ પરથી ‘ડગાલો ગુડ’ કહેવા જણાવ્યું હતું. 36 વર્ષીય આદર્શ, જે 2022થી સુદાનની સુક્રાતી પ્લાસ્ટિક ફેક્ટરીમાં કામ કરતા હતા, તેમનું અપહરણ અલ-ફશીર શહેરમાંથી થયું હતું અને માનવામાં આવે છે કે તેમને RSFના ગઢ ન્યાલા લઈ જવામાં આવ્યા છે. તેમની પત્ની અને બે પુત્રો ઓડિશામાં રહે છે.

# ટ્રમ્પનો વધુ એક મોટો નિર્ણય : ડાયાબિટીસ, હાર્ટની તકલીફ ધરાવતાં લોકોને નહીં મળે વિઝા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન ડીસી, તા.૦૮**

અમેરિકન સત્તા પર આવ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ એક બાદ એક આકરા નિર્ણયો લઈ રહ્યા છે. તેમણે વિઝાના નિયમોમાં પણ ઘણી વખત ફેરફાર કર્યા. જેનાથી અમેરિકા જવાની ઈચ્છા રાખતા લોકોની મુશ્કેલીઓ વધી હતી. ત્યારે ફરી એક વખત અમેરિકા જવાનું સપનું જોતા લાખો લોકોને ટ્રમ્પ વહીવટીતંત્રે મોટો ઝટકો આપ્યો છે.

નવા નિયમો પ્રમાણે જે વ્યક્તિને ડાયાબિટીસ, હૃદયરોગ કે કેન્સર જેવી લાંબા સમયની બીમારી હશે તેને વીઝા કે ગ્રીનકાર્ડ મળવું લગભગ અશક્ય બની જશે. સ્ટેટ ડિપાર્ટમેન્ટે વિશ્વભરની અમેરિકી એમ્બેસીઓને નવી સૂચના મોકલી દીધી છે. નવા નિયમ પ્રમાણે હૃદયરોગ, શ્વાસની તકલીફ, કેન્સર, ડાયાબિટીસ, મેટાબોલિક ડિસીઝ, ન્યુરોલોજિકલ સમસ્યાઓ અને માનસિક બીમારીઓને “જાહેર બોજ” ગણવામાં આવશે. ખાસ વાત એ છે કે મેદસ્વીતા (ઓબેસિટી)ને પણ વિઝા આપવાનો ઈનકાર કરી દેવામાં આવશે. કારણ કે તેનાથી અસ્થમા, સ્લીપ એપ્નિયા અને હાઈ બ્લડપ્રેશર જેવી તકલીફો થઈ શકે છે. જો કોઈ પણ વ્યક્તિ લાંબા સમયની બીમારીથી પિડાઈ રહ્યો હોય અને તેને આ બીમારીના ઈલાજ માટે કોઈ સહાયની જરૂર પડતી હોય તેવા લોકો માટે અમેરિકા હવે વિઝા નહીં આપે. વીઝા અધિકારીઓને હવે સીધું પૂછવાનું કહેવાયું છે કે “શું તમે જીવનભરની સારવારનો ખર્ચ ઉઠાવી શકશો, બિનજરૂરી સરકારી મદદ વગર?” જો જવાબ ના હોય તો વીઝા રદ. સૌથી મોટી ચિંતા એ છે કે આ અધિકારીઓ ડૉક્ટર નથી, તેમ છતાં તેઓ કોઈના આખા જીવનના આરોગ્યનો અંદાજ લગાવી રહ્યા છે. આ નિર્ણયનો સિધ્ધો અસર વૃદ્ધ લોકો, મધ્યમ વર્ગના પરિવારો અને સામાન્ય બીમારીઓ ધરાવતા લોકો પર પડશે. આ લોકો હવે અમેરિકા જવા માટે વધુ મુશ્કેલીનો સામનો કરવો પડશે. ફક્ત અમીર અને સંપૂર્ણ તંદુરસ્ત લોકોને જ વીઝા મળશે. પર્યટક વીઝા અને સ્ટુડન્ટ વીઝાને લઈ હજુ કોઈ પણ સ્પષ્ટતા કરવામાં આવી નથી, પણ કાયમી રહેઠાણ માંગતા લોકો પર સીધો પ્રહાર છે.

# ઈન્ડોનેશિયાની એક મસ્જિદમાં શ્રેણીબદ્ધ ધડાકાઃ ૫૫ લોકો ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**જકાર્તા, તા.૦૮**

ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તામાં શુક્રવારની નમાજ દરમિયાન એક હાઈસ્કૂલની મસ્જિદમાં અનેક વિસ્ફોટો થયા હતા. જેમાં ૫૫ લોકો ઘાયલ થયા હતા. આ વિસ્ફોટમાં મોટાભાગના વિદ્યાર્થીઓ હતા. આ વિસ્ફોટો આતંકવાદી હુમલો હોવાની અટકળોને ફગાવી દેતા પોલીસે તપાસ ચાલી રહી હોવાનું જણાવ્યું હતું.

પ્રત્યક્ષદર્શીઓએ સ્થાનિક ટેલિવિઝન સ્ટેશનનોને જણાવ્યું કે, તેમણે બપોરના સમયે મસ્જિદની અંદર અને બહાર ઓછામાં ઓછા બે જોરદાર વિસ્ફોટો સાંભળ્યા હતા. જ્યારે જકાર્તાના ઉત્તર કેલાપા ગેડિંગ વિસ્તારમાં આવેલા એક નૌકાદળના પરિસરમાં આવેલી સરકારી હાઈસ્કૂલ એસએમએ ૨૭ ખાતે આવેલી મસ્જિદમાં ઉપદેશ શરૂ થયો હતો. મસ્જિદમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતાં વિદ્યાર્થીઓ અને અન્ય લોકો ભયના માર્યા બહાર દોડી આવ્યા હતા. મોટા ભાગના પીડિતોને કાચના ટુકડા અને દાઝી જવાથી નાની-મોટી ઈજાઓ થઈ હતી. જકાર્તા પોલીસ વડા એસેપ એડી સુહેરીના જણાવ્યા અનુસાર વિસ્ફોટોનું તાત્કાલિક કારણ જાણી શકાયું નથી. પરંતુ ધડાકાના અવાજ મસ્જિદના લાઉડસ્પીકર નજીકથી આવ્યા હતા.



પોલીસ વડાએ જણાવ્યું કે, ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં કેટલાકને પ્રાથમિક સારવાર આપ્યા બાદ રજા આપવામાં આવી હતી. પરંતુ ૨૦ વિદ્યાર્થીઓ હજુ પણ દાઝી જવાને કારણે હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જેમાંથી ત્રણ ગંભીર રીતે ઘાયલ થયા છે. વિદ્યાર્થીઓના પરિવારજનો તેમના પ્રિયજનો વિશે માહિતી મેળવવા માટે યારસી અને સેમ્પાકા પુતિહ હોસ્પિટલોમાં સ્થાપિત કેન્દ્રો પર એકત્ર થયા હતા. માતા-પિતાએ ટેલિવિઝન સ્ટેશનોને જણાવ્યું કે, તેમના બાળકોને માથા, પગ અને હાથના ભાગે તીક્ષ્ણ ખીલીઓ અને વિસ્ફોટકોના ટુકડાથી ઈજાઓ પહોંચી હતી.



તેલુગુ ફિલ્મ સાઈન કરી

# મહાકુંભની વાયરલ ગર્લ મોનાલિસાની હવે સાઉથ સિનેમામાં એન્ટ્રી








(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૮**

પ્રયાગરાજના મહાકુંભ મેળામાં સૌથી વધુ હેડલાઈન્સ મેળવનાર ચહેરો મોનાલિસા હતો. મહાકુંભમાં માળા વેચતા ફરતી મોનાલિસાને ખબર નહોતી કે તેનું જીવન કેવી રીતે બદલાઈ જશે. ઈન્દોરની મોનાલિસા ભોંસલે તેની સુંદર આંખો અને સુંદર ચહેરાઓથી ભીડમાં ધ્યાનનું કેન્દ્ર બની ગઈ. તેના ઘેરા રંગ, માંજરી આંખો અને આકર્ષક લક્ષણોએ તેને સોશિયલ મીડિયા પર રાતોરાત સેન્સેશન બનાવી દીધી. હવે મોનાલિસાએ વધુ એક છલાંગ લગાવી છે. હવે ગીતો ઉપરાંત તેણીને ફિલ્મોમાં તકો પણ મળી છે.

એવું કહેવાય છે કે મોનાલિસાએ સનોજ મિશ્રા દ્વારા દિગ્દર્શિત “ધ ડાયરી ઓફ મણિપુર” થી બોલિવૂડમાં પ્રવેશ કર્યો છે. આ ફિલ્મમાં મોનાલિસાએ એક આર્મી ઓફિસરની પુત્રીની ભૂમિકા ભજવી છે. આ સાથે મોનાલિસાએ હવે દક્ષિણ ભારતીય સિનેમામાં પ્રવેશ કર્યો છે.

અહેવાલ અનુસાર મોનાલિસા તેલુગુ ફિલ્મમાં અભિનય કરવા જઈ રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે તેલુગુ ફિલ્મ “લાઈફ” માં અભિનય કરતી જોવા મળશે. તેણી આ ફિલ્મ વિશે મીડિયાને પણ મળી હતી અને વાત કરી હતી, જેનો એક વીડિયો સામે આવ્યો છે. આ ફિલ્મને લાગતા ફોટા અને વીડિયો હવે સોશિયલ મીડિયા પર સામે આવી રહ્યા છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે આ એક પેન-ઈન્ડિયા ફિલ્મ હશે જેમાં મોનાલિસા “ક્રશ” અને “ઈટ્સ ઓકે ગુરુ” જેવી ફિલ્મો માટે જાણીતા ચરણ સાઈ સાથે જોવા મળશે. આ ફિલ્મનું નિર્માણ શ્રી વેંગમમ્બા મૂવીઝના બેનર હેઠળ અંજૈયા ઉદ્દીને અને ઉષા ઉદ્દીનીને કરી રહ્યા છે.

૭૧ વર્ષની વયે દુનિયાને કહી અલવિદા

# દિગ્ગજ અભિનેત્રી-સિંગર સુલક્ષણા પંડિતનું નિધન

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૮**

અભિનય સાથે ગાયકીમાં પોતાની ઓળખ ઊભી કરનાર ગત સદીની સાતમા અને આઠમા દાયકાના દિગ્ગજ અભિનેત્રી સુલક્ષણા પંડિતનું ગુરુવારે નિધન થઈ ગયું. તે ૭૧ વર્ષના હતા. તેમના ભાઈ અને સંગીતકાર લલિત પંડિતે તેમના નિધનની પુષ્ટી કરતાં કહ્યું કે, કાર્ડિયાક અરેસ્ટને કારણે સુલક્ષણાનું નિધન થયું.



એક્ટ્રેસના ભાઈ અને સંગીતકાર લલિત પંડિતે તેમના નિધનની પુષ્ટિ કરતા કહ્યું કે, ‘તેમને કાર્ડિક અરેસ્ટ આવ્યો હતો. ૧૨ જુલાઈ, ૧૯૫૪ના દિવસે જન્મેલી સુલક્ષણા સંગીત-પરિવારમાંથી આવે છે. મહાન શાસ્ત્રીય ગાયક પંડિત જસરાજ તેમના કાકા હતા. તેમણે ત્રણ બહેનો અને ત્રણ ભાઈઓ છે, જેમાંથી જતીન અને લલિત પ્રખ્યાત સંગીતકાર બન્યા. સુલક્ષણાએ નવ વર્ષની ઉંમરે સંગીત શીખવાનું શરૂ કર્યું હતું. તેમણે ચલતે-ચલતે, ઉલઝાન અને અપનાપન સહિતની ઘણી ફિલ્મોમાં ગીતો ગાયા હતા.

૧૯૭૫ માં, તેમણે ફિલ્મ “સંકલ્પ” ના ગીત “તુ હી સાગર હૈ તુ હી કિનારા” માટે શ્રેષ્ઠ મહિલા પ્લેબેક સિંગરનો ફિલ્મફેર એવોર્ડ મળ્યો હતો. તેમણે ઉલઝાન, સંકલ્પ, રાજા, હેરા ફેરી, સંકોચ, અપનાપન, ખાનદાન અને વક્ત સહિતની ઘણી ફિલ્મોમાં પણ અભિનય કર્યો હતો. તેનું પહેલું ગીત “તકદીર” (૧૯૬૭) માં લતા મંગેશકર સાથેનું “સાત સમુંદર પાર સે...” હતું.


જ્હોન અબ્રાહમ સાથે સ્ક્રીન શેર કરશે

# રોમાન્ટિક હિરો હર્ષવર્ધન રાણે હવે એક્શન ફિલ્મ ફોર્સ થ્રીમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૦૮**

‘એક દિવાને કી દિવાનિયત’ની અપેક્ષા કરતાં પણ અનેકગણી સફળતાથી ચર્ચામાં આવી ગયેલા હિરો હર્ષવર્ધન રાણેને હવે એક એક્શન ફિલ્મ ‘ફોર્સ થ્રી’ મળી છે. આ ફિલ્મ માટે હર્ષવર્ધનને ૧૫ કરોડની ફી ઓફર થયાનું કહેવાય છે. તેની હાલની ફિલ્મ ‘એક દિવાને કી દિવાનિયત’ માટે તેને આશરે બેથી ત્રણ કરોડ રૂપિયા જ મળ્યા હતા. પરંતુ, હવે તે એક સફળ હિરો તરીકે એસ્ટાબ્લીશ થઈ જતાં તેને અનેકગગણી વધુ ફી ઓફર થી રહી છે.

‘ફોર્સ થ્રી’નું શૂટિંગ આગામી વર્ષે શરૂ થશે. આ ફ્રેન્ચાઈઝી ફિલ્મનો પહેલો ભાગ ૨૦૧૧માં અને બીજો ૨૦૧૬માં રીલિઝ થયો હતો. ત્રીજા ભાગ માટે દિગ્દર્શન ભાવ ધુલિયાનું છે.




અદા શર્માએ ઈન્ટરવ્યુમાં પોતાના લાઈફ પાર્ટનરની કલ્પના વિશે વાત કરી

# ‘કોઈ એવાની શોધમાં છું, જે મારું મૌન, કટાક્ષ અને થોડો ઈગો સંભાળી શકે’

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૮**

અદા શર્માની છાપ એક એવી છોકરીની છે, જેણે ક્યારેય કોઈ નિયમનું પાલન કર્યું નથી. તે ક્યારેય કોઈ ચોકઠાંમાં બંધાઈ નથી. ૧૯૨૦થી ડેબ્યુ કરનાર અદાએ પોતાનો રસ્તો પોતે બનાવ્યો છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેણે સફલતા અને નિષ્ફળતાઓ અંગે વાત કરી છે. સાથે જ તેણે પ્રેમ, સંબંધો અને તેને વિનમ્ર રાખતી ઈન્ડસ્ટ્રીની અનિશ્ચિતતાઓ વિશે પણ વાત કરી છે.



અનિશ્ચિતતાઓભરી ઈન્ડસ્ટ્રીમાં કોઈ ગોડફાધર વિના સફળ થવા વિશે અદાએ કહ્યું, “હા, અસંખ્ય વખતે મને છેલ્લી ઘડીએ રીપ્લેસ કરી દેવાઈ છે અને રીજેક્ટ કરી દેવાઈ છે. હવે તો હું ગણવાનું પણ ભુલી ગઈ છું. પણ હું જ્યારે ઈન્ડસ્ટ્રીમાં આવી તો હું કોઈ દિવાલો તોડવા આવી નહોતી, મારે તો આકાશમાં કિલ્લા બાંધવા હતા. મેં તો સપના જોવામાં અને કાલ્પનિક અને અશક્ય બાબતો વિશે વિચારો કરવામાં પીએચડી કર્યું છે, પણ શક્ય નથી.”

કેરાલા સ્ટોરીની સફળતા પછી અદાને સારું કામ મળતું થયું છે, આ અંગે તેણે કહ્યું, “ભારતીય સિનેમાની હિરોઈન લીડ રોલમાં હોય એવી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ કર્યા પછી પણ જો મને સ્વીકૃતિ ન મળે તો મારામાં ચોક્કસ કોઈ ખામી છે. પરંતુ હું માત્ર સપનામાં જ કલ્પી શકતી એવું કામ મને મળી રહી છે. મહિના પહેલાં હું એક ગ્લેમરસ મ્યુઝિક વીડિયો શૂટ કરતી હતી એની પહેલાં હું એવું કશુંક કરતી હતી, જેનાથી મારા નખમાં મેલ ભરાઈ ગયો હતો. એ પહેલાં હું ચાર કલાક સુધી પ્રોસ્થેટિક મેકઅપમાં હતી. હું મારી જાતને નસીબદાર સમજું છું. હું જોહ્ની ડેપને જોઈને વિચારતી કે, વાહ મારે આવા રોલ કરવા છે અને આવી અલગ અલગ પ્રકારની ફિલ્મ કરવી છે.”

પોતાના જીવનમાં પ્રેમના મહત્વ અને તેની કલ્પનાના સાથી અંગે વાત કરતા અદાએ કહ્યું, “પ્રેમ, હું તેને એક સસ્પેન્સ થ્રિલર તરીકે જોઉં છું જે ક્યારેક આવતા હોરર થ્રિલર જેવું છે. તમને એ જોઈએ અને તમે તેના સપના જુઓ, પરંતુ એ તમને કલ્પના હોય ત્યારે મળી જાય છે અને તમને અચાનક ડરાવી દે છે. હું એક્ટિંગ, ડાન્સ, મ્યુઝિક, માર્શલ આર્ટ્સ અને પેઈન્ટિંગ બધું કતાં કરતાં પતિ ન શોધી શકું. તો એ જાતે આવી જાય અથવા તો કોઈ મને શોધી આપે. હું એવા વ્યક્તિની શોધમાં છું જે હું છોડ કે રોપા સાથે વાત કરું કે કિચનમાં ફાઈટ સીનનું રિહર્સલ કરું તો ગભરાઈ ન જાય, કોઈ એવું જે મારું મૌન, કટાક્ષ અને ખાસ તો મારો ઘણો, ઘણો, ઘણો નાનો ઈગો સંભાળી શકે.”

### ગોપાલ ઈટાલિયાનો સરકાર પર વાર

# ખેડૂતોના ખેતરે મંત્રીઓએ ફોટા પડાવ્યા બાદ કોથળામાંથી બિલાડું કાઢ્યું

## આમ આદમી પાર્ટીના ધારાસભ્યએ સરકારે જાહેર કરેલ ખેડૂતોના સહાય પેકેજને મજાક પેકેજ ગણાવ્યું હતું



(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ, તા.૦૮**

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ગુજરાત સરકારે જાહેર કરેલ ખેડૂતોના સહાય પેકેજને 'મજાક' પેકેજ ગણાવ્યું. સરકારે જાહેર કરેલા પેકેજ અંગે નિવેદન આપતા કહ્યું કે, સહાય પેકેજમાંથી ખેડૂતોને આત્મહત્યા કરવા ઝેરી દવા ખરીદી શકાય. સરકારે એવી જાહેરાત કરી કે ખેડૂતોના ઘરે હેલિકોપ્ટર આવી જાય.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અસરગ્રસ્ત ખેડૂતોની સહાયતા માટે અત્યાર સુધીનું સૌથી મોટું આશરે ૧૦ હજાર કરોડનું ઐતિહાસિક સહાય પેકેજ જાહેર કર્યુ છે. જેને ગોપાલ ઈટાલિયાએ મજાક પેકેજ ગણાવ્યું છે. સરકારે જાહેર કરેલ ખેડૂત સહાય પેકેજ મામલે ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ કહ્યું કે, સરકારે જાહેર કરેલ પેકેજમાંથી ખેડૂતોને માત્ર આત્મહત્યા કરવાની ઝેરી દવા ખરીદી શકાય.

ગોપાલ ઈટાલિયાએ આ પેકેજને કૃષિ મજાક પેકેજ ગણાવ્યું. તેમણે કહ્યું કે, સરકારે જાહેરાત એટલી મોટી કરી જાણે ખેડૂતોના ઘરમાં હેલિકોપ્ટર આવી જાય. અઠવાડિયા સુધી ખેડૂતોના ખેતરે મંત્રીઓએ ફોટા પડાવ્યા બાદ કોથળામાંથી બિલાડું કાઢ્યું. એક હેક્ટર દીઠ ૫૦,૦૦૦ ની સહાય ખેડૂતોને મળવી જોઈએ. માત્ર ૨ હેક્ટર નહિ, ખેડૂતોની તમામ નુકસાની આપવી જોઈએ. સરકારે ખેડૂતોના સંપૂર્ણ દેવા માફ કરવા જોઈએ.

ગાંધીધામમાં થયેલ જાહેર સભામાં ગોપાલ ઈટાલિયાને વિસાવદરમાં શું કામ કર્યા તે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. ગાંધીધામની સભામાં પ્રશ્નો પૂછવા મામલે ગોપાલ ઈટાલિયાએ કહ્યું કે, જ્યાં આમ આદમી પાર્ટીની સભા હોય ત્યાં ભાજપના કાર્યકરો આ રીતે ડિસ્ટર્બ કરવાનું કાર્ય કરે છે. ભાજપ પાસે હજુ સમય છે સત્તા છે, તો કામ કરો આવું કરવાથી ભાજપનું ભલું નહીં થાય.

સભામાં પૂછાયેલ પ્રશ્ન મામલે પણ ગોપાલ ઈટાલિયાએ જવાબ આપ્યો કે, મને વિસાવદરની જનતાએ ગુજરાતના લોકોની આંખ ઉઘડવા અને ભાજપ ભગાડવા ચૂંટાયો છે જે કામ હું કરી રહ્યું છું.

કોંગ્રેસ નેતા દૂધાતના નિવેદનને લઈને વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ કહ્યું કે, ગુજરાતના ૫૪ લાખ ખેડૂત અમારા મા-બાપ છે. કોઈ એક બે ખેડૂત નહીં, આખા ગુજરાતના ખેડૂત માતા-પિતા અમારા માઈ બાપ છે. અમે ખેડૂતના મુદે લડાઈ લડવા માટે નીકળ્યા છીએ. કોંગ્રેસ અને ભાજપ પણ ખેડૂતના મુદ્દે લડાઈ લડે. તેને બદલે ચાર મહિનાથી હું ધારાસભ્ય બન્યો છું તો મારી સામે આખું ગુજરાત કોંગ્રેસ લડે છે. આવું કરવા કરતા ખેડૂતોના મૂળે લડાઈ લડવી જોઈએ. રઘવાયા થવાની જરૂર નથી.

### નુકસાની થઈ છે, તેની સામે સરકારની રકમ કંઈ નથી

# ગુજરાત સરકારે જાહેર કરેલા કૃષિ રાહત પેકેજથી કિસાન સંઘ નારાજ

## રાહત પેકેજ જાહેર કર્યું તે અંગે કિસાન સંઘે કહ્યું કે, સરકારે કોઇ માપદંડ જાહેર કર્યા વગર જ રાહત પેકેજ જાહેર કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાંધીનગર, તા.૦૮**

ગુજરાત સરકારે જાહેર કરેલા કૃષિ રાહત પેકેજથી ભારતીય કિસાન સંઘ પણ નારાજ છે. કૃષિ નુકસાની સામે સરકારે જાહેર કરેલ રાહત પેકેજ ખૂબ ઓછું ગણાવ્યું.

રાજ્ય સરકારના કૃષિ પેકેજ ઉપર ભારતીય કિસાન સંઘ પ્રદેશ મહામંત્રી આર. કે. પટેલે જણાવ્યું કે, સરકારે કયા માપદંડના આધારે ગણતરી કરી તે સમજાતું નથી. નુકસાની ખરેખર જેને થઈ છે, તેની સામે સરકારની રકમ કંઈ જ નથી. આગામી સમયમા ખેડૂતો આક્રોશિત થશે તો કિસાન સંઘ તેમાં જોડાશે. સરકારે કોઇ માપદંડ જાહેર કર્યા વગર જ રાહત પેકેજ જાહેર કરી દીધું છે.

તેમણે આગળ કહ્યું કે, ખેડૂતોના માસ સમૂહમાં મદદ કરી છે તે આવકારદાયક છે. સરકારે રાહત પેકેજ અંગે પુનઃ વિચારણા કરવાની જરૂરું છે. ૧૦૦ ટકા નુકસાની અને ૨૫ ટકા નુકસાની બંનેને સરખું વળતર કેમ હોય શકે. ૧૦,૦૦૦ કરોડના ઐતિહાસિક પેકેજની વાતો સરકાર કરતી હોય તો, ખેડૂતોના ભાગે શું આપ્યું એ મોટો પ્રશ્ન છે. ખેડૂતોનો ખર્ચાની વાત કરીએ તો, ૫ર વીઘે ૧૮૦૦૦ થી ૨૮૦૦૦ જેટલો ખર્ચ છે. આજે પ્રકારનું ખેડૂતોને નુકસાન થયું છે તે ખર્ચ પહેલા નુકસાનને બહાર કાઢવાનું પણ નથી.

કિસાન સંઘે કહ્યું કે, સરકાર અને સમાજ જેને ખરેખર નુકસાન થયું છે એના માટે કશું નથી. સમાજના સૃષ્ટિઓ સમાજના ઉદ્યોગપતિઓએ આગળ આવવું જોઈએ. સરકારે પોતાની મર્યાદા બતાવી દીધી કે બે હેક્ટર પૈસા આપી શકીશું. સમાજે હવે આગળ આવવું પડશે. ખેડૂતોમાં સરકારના પેકેજથી અસંતોષ છે. ખેડૂતોમાં આક્રોશ છે. જો ખેડૂતો આગળ આવશે તો ભારતીય કિસાન સંઘ પણ ખેડૂતોના પડખે રહેશે.

આર.કે પટેલે કહ્યું કે, સરકારે જે આધારે આ પેકેજ જાહેર કર્યું છે તેનો આધાર મૂકવુ જોઈએ. ખેડૂતો માટે ઘાસચારો પણ ન આવે એ પ્રકારનું પેકેજ છે. સરકારે પુનઃ વિચાર કરવાની અમારી માંગ છે. સરકારે પિયત અને બિન પીયતની બાબત કાઢી નાંખી એ આવકારદાયક છે.

તો બીજી તરફ, ખેડૂતોને સરકારે આપેલી સહાય સામે અમિત ચાવડાએ આકરા પ્રહાર કરતા કહ્યું કે, રાજ્યના દરેક ખેડૂતના માથે ૫૬ હજારનું દેવું છે. ખેડૂતોની વહારે આવવાને બદલે ખેડૂતોને સરકાર પડીકું આપી રહી છે. આજે જગતનો તાત તમામ રીતે હેરાન છે અને આર્થિક રીતે પાયમાલ છે. રાજ્યમાં ત્રણ દાયકાથી ભાજપનું શાસન છે. એક તરફ રૂઠી છે અને સરકાર દયાહીન દેખાઈ રહી છે. સરકાર કહે છે ઐતિહાસિક પેકેજ જાહેર કર્યું છે. પરંતુ ખેડૂતો કહે છે આ પેકેજ નહીં પડીકું છે. ખેડૂત દેવામાં ડૂબી જશે તો આત્મહત્યાનો દોર ગુજરાતમાં વધારે ચાલશે. દ્વારકામાં ખેડૂતે આત્મહત્યા કરી.



સાચા અર્થમાં સરકાર ખેડૂત વિરોધી છે. ખેડૂતોના સંપૂર્ણ દેવા માફ કરવા કોંગ્રેસની માંગ છે. જો દેવા માફી નહી આપવામાં આવે તો આગામી સમયે કોંગ્રેસ ખેડૂતો સાથે રહી આંદોલન કરશે. પાક વીમો નથી જેના કારણે સરકાર સામે ખેડૂતોએ ભીખ માંગાવી પડે છે. ગુજરાતમાં પાક વીમા લાગુ કરવામાં આવે.

# સુરતમાં આત્મહત્યાની બે ઘટનામાં મહિલા ફાર્માસિસ્ટ સહિત બેનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત, તા.૦૮**

સચિન જીઆઈડીસીમાં ડાઈંગ મિલ કામદારે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવકે વતનમાં રહેતી પત્ની સાથે થતા ઝઘડાથી કંટાળી આપઘાતનું પગલું ભર્યુ હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ સચિન જીઆઈડીસી ક્રિષ્ના નગર સોસાયટીમાં રહેતા ૩૨ વર્ષીય સોહનલાલ મુરલીયા નિશાદ ડાઈંગ મિલમાં કામ કરતા હતા. સોહનલાલનો વતનમાં રહેતી પત્ની સાથે મોબાઈલ પર અવારનવાર ઝઘડા થતા હતા. ઝઘડાથી કંટાળી સોહનલાલે ઘરે પંખા સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બીજી ઘટનામાં મહીધરપુરા હિન્દુ મેઘવાળ કોલોનીમાં રહેતા ૩૪ વર્ષીય દક્ષાબેન એક મેડિકલમાં ફાર્મસી તરીકે નોકરી કરતા હતા. ગઈકાલે પતિ-પત્ની વચ્ચે કોઈક વાતને લઈ ઝઘડો થયો હતો. જે વાતનું માઠું લાગી આવતા દક્ષાબેને રાત્રે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

# પંચાયતોને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવા માટે સરકારે અત્યંત કડક વલણ અપનાવ્યું

## આરોપ સાબિત થતા જ પ્રમુખોને DDO ઘરભેગા કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાંધીનગર, તા.૦૮**

રાજયમાં પંચાયતોને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવા માટે સરકારે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. પંચાયતી રાજમાં ચૂંટાયેલા હોદ્દેદારો દ્વારા થતા ભ્રષ્ટાચારને ડામવા માટે રાજ્ય સરકારે એક નવું રાજપત્ર જાહેર કર્યું છે. જે અંતર્ગત અધિકારીઓને અભૂતપૂર્વ સત્તાઓ આપવામાં આવી છે. નવી જોગવાઈ મુજબ હવેથી ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતના પ્રમુખ સહિતના કોઈપણ હોદ્દેદાર સામે ભ્રષ્ટાચારનો આરોપ સિદ્ધ થશે, તો જિલ્લા વિકાસ અધિકારી તેમને તાત્કાલિક અસરથી 'ઘરભેગા' કરી શકશે, એટલે કે પદ પરથી હટાવી શકશે. મહત્ત્વની વાત એ છે કે, ભ્રષ્ટાચારની તપાસ અને પગલાં લેવાની સંપૂર્ણ સત્તા ડ્ઢઙ્ઘ અને તેમનાથી ઉપરના અધિકારીઓને સોંપવામાં આવી છે. આનાથી તાલુકા અને જિલ્લા પંચાયતના પ્રમુખો જેવા ઉચ્ચ હોદ્દા પર બેઠેલા પ્રતિનિધિઓ સામે પણ નિષ્પક્ષ તપાસ કરી કડક કાર્યવાહી કરી શકાશે.

આ નિર્ણયની સૌથી મોટી અસર એ થશે કે હવે ભ્રષ્ટાચારની ફરિયાદ કરવા માટે જટિલ પ્રક્રિયાની જરૂર રહેશે નહીં. અધિકારીઓ માત્ર સાદી અરજી કે પછી મળેલી મૌખિક બાતમીના આધારે પણ ભ્રષ્ટાચારની તપાસ શરૂ કરી શકશે. પંચાયતી રાજના ઈતિહાસમાં પ્રથમ વખત ચૂંટાયેલા હોદ્દેદારો સામે કાર્યવાહી કરવાની સીધી સત્તા અધિકારીઓને આપતું આ રાજપત્ર ભ્રષ્ટાચાર વિરુદ્ધની નીતિ સ્પષ્ટ કરે છે.

### કમોસમી વરસાદથી મગફળીના પાથરા સળી ગયા

# ખાંભામાં ખેડૂતોએ રાહત પેકેજને સામાન્ય ગણાવ્યું



## બગસરાના ખેડૂતોએ સૂત્રોચ્ચાર સાથે નોંધાવ્યો વિરોધ અને સહાય પેકેજ સામે ખેડૂતોએ નારાજગી વ્યક્ત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમરેલી, તા.૦૮**

સરકારના રાહત પેકેજથી ખેડૂતોમાં ભારે નારાજગી જોવા મળી છે, અમરેલીના ખાંભામાં ખેડૂતોએ પેકેજને સામાન્ય ગણાવ્યું છે અને ખેડૂતોને વીઘા દીઠ ૨૦ હજારનો ખર્ચ થયો છે તેવું ખેડૂતોનું કહેવું છે, સરકારે વીઘા દીઠ રુ. ૩૫૦૦ આપ્યા અને ખેડૂતોની સરકાર પાસે દેવા માફીની માગ ઉઠી હોવાની વાત સામે આવી છે.

સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ પડવાથી ખેડૂતોને નુકસાન ગયું છે, ખેડૂતોનો સંપૂર્ણ ૧૦૦ ટકા પાક નિષ્ફળ ગયો હતો ત્યારે ગઈકાલે રાજ્ય સરકાર દ્વારા ૧૦ હજાર કરોડનું રાહત પેકેટ જાહેર કરવામાં આવ્યું છે ત્યારે અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ખેડૂતોએ આ રાહત પેકેજને સામાન્ય પેકેજ જણાવ્યું હતું અને ખેડૂતોએ એક વિઘે ૧૮ થી ૨૦ હજાર નો ખર્ચો કર્યો હતો

તેની સામે સરકાર દ્વારા એક વીઘે ૩૫૦૦ રૂપિયા એક ખેડૂત દીઠ આપ્યા છે ત્યારે ખાંભા ગીર ના ખેડૂતોમાં આ રાહત પેકેજને લઈ નારાજગી જોવા મળી હતી અને ખેડૂતો દ્વારા સંપૂર્ણ દેવા માફી કરવામાં આવે તેવી માગ સરકાર પાસે કરી હતી.

# નાઘેડી ગામમાં વહેલી સવારે માલધારી પરિવાર વચ્ચે ધિંગાણું સર્જાયું



(સંપૂર્ણ સમાચાર સેવા)

**જામનગર, તા.૦૮**

જામનગર નજીક નાઘેડી ગામમાં વહેલી સવારે માલધારીના બે પરિવારો વચ્ચે ભેંસને દોહવા બાબતે તકરાર થઈ હતી. જેમાં એક પરિવાર પર આઠ જેટલા પાડોશીઓ તીક્ષણ હથિયારો વડે તૂટી પડ્યા હતા, જેમાં ત્રણ ભાઈઓ સહિત ચાર વ્યક્તિ ઘાયલ થઈ હોવાથી તમામને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં પહોંચાડ્યા છે. આ બનાવ બાદ પોલીસ તંત્ર દોડતું થયું છે.

જામનગરના નાઘેડી ગામે ભેંસ દોહવા બાબતે બે પાડોશી માલધારી પરિવારો વચ્ચે તકરાર થયા બાદ એક પરિવારના ઘરે પાડોશમાં સાતથી આઠ શખ્સો તિક્ષણ હથીયારો સાથે ઘસી ગયા હતા, અને ત્રણ ભાઈઓ સહિત ચાર વ્યક્તિ પર હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ઈજાગ્રસ્ત બનેલા માલધારી પરિવારના પુના ખેતાભાઈ બાંભવા, ડાયાભાઈ ખેતાભાઈ બાંભવા, કારાભાઈ ખેતાભાઈ બાંભવા અને કમલેશ જગાભાઈ જુંજાને માથા તેમજ વાસાના ભાગે ગંભીર ઈજા થઇ હોવાથી ચારેયને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા, અને તમામની સઘન સારવાર ચાલી રહી છે.

આ ઘટનાની જાણ થતાં પંચકોશી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનની ટુકડી તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને હોસ્પિટલે પણ પહોંચી હતી, અને ઈજાગ્રસ્ત પરિવારના નિવેદનો નોંધવાની કાર્યવાહી હાથ ધરીને પોલીસ ફરિયાદ નોંધવા કાર્યવાહી હાથ ધરાઈ છે.




મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના ૭૪મા દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા સહિતના મહાનુભાવો દ્વારા કુલ ૩૫૪ સુવર્ણપદકો એનાયત કરવામાં આવ્યા હતા. ૨૨૯ સુવર્ણપદક મેળવનારાઓમાં ૧૬૩ વિદ્યાર્થિનીઓ અને ૬૬ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

### રાતના અંધારામાં પ્રવાસીઓના જીવ તાળવે ચોંટ્યા

# મધદરિયે સુરત-ઘોઘા રો-રો ફેરીનું એન્જિન ઠપ થયું

## સ્થિતિ વણસતી જોઇને ફેરીના પાયલટે કેબિન અંદરથી બંધ કરી દીધી હતી. કેટલોક સ્ટાફ તો બોટમાં લોડ કરાયેલા ટ્રકોની પાછળ છુપાઇ ગયો હતો



(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત, તા.૦૮**

સુરતથી ઘોઘા તરફ જતી રો-રો ફેરી માં મોટો ટેક્નિકલ ફોલ્ટ સર્જાતા પ્રવાસીઓમાં ભારે ગભરાટ ફેલાયો હતો. શુક્રવારે રાતના અંધારામાં મધદરિયે અચાનક ફેરીનું એન્જિન ઠપ થઈ જતાં બોટ ખોટવાઈ ગઈ હતી, જેના કારણે તેમાં સવાર પ્રવાસીઓના જીવ તાળવે ચોંટી ગયા હતા. રો-રો ફેરી એકાએક બંધ થઈ જવાની ઘટનાને પગલે પ્રવાસીઓમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. મુસાફરોએ સ્ટાફની બેદરકારી સામે રોષ વ્યક્ત કરતાં વાતાવરણ તંગ બની ગયું હતું.

આક્રોશ સામે સ્ટાફ લાચારઃ પ્રવાસીઓનો ગુસ્સો જોઈને ફેરીના સ્ટાફની હાલત કફોડી બની હતી. ગુસ્સે ભરાયેલા પ્રવાસીઓથી બચવા માટે રો-રો ફેરીનો સ્ટાફ જુદી જુદી જગ્યાએ છુપાઈ ગયો હતો.

સ્થિતિ વણસતી જોઈને ફેરીના પાયલટે કેબિન અંદરથી બંધ કરી દીધી હતી. કેટલોક સ્ટાફ તો બોટમાં લોડ કરાયેલા ટ્રકોની પાછળ છુપાઈ ગયો હતો. સુરત અને ઘોઘા વચ્ચેનો દરિયાઈ માર્ગ ટૂંકો હોવા છતાં, મધદરિયે એન્જિન બંધ પડવાથી રાત્રિના સમયે પ્રવાસીઓને સુરક્ષા અને સંચાલન વ્યવસ્થા અંગે ગંભીર સવાલો ઊભા થયા છે. આ ઘટનાને કારણે ફેરીસર્વિસની ટેક્નિકલ જાળવણી અને ઈમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમની વિશ્વસનીયતા પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકાયું છે.

### સહાય પેકેજથી ખેડૂતોમાં નારજગી

# ઉપલેટા તાલુકાના તેલંગણા ગામમાં કમોસમી વરસાદથી પાકને ભારે નુકસાન



(સંપૂર્ણ સમાચાર સેવા)

**રાજકોટ , તા.૦૮**

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના તેલંગણા ગામમાં કમોસમી વરસાદથી થયેલા પાકોનેં ભારે નુકસાનીનું સરકાર દ્વારા સહાય પેકેજથી તલંગણા ગામનાં ખેડૂતો અસંતોષ જોવા મળ્યો. ખેડૂતોએ સહાય પેકેજને લોલીપોપ ગણાવી.

આ પેકેજથી તેમને કોઈ પણ પ્રકારનો ફાયદો નથી થવાનો તેમ ખેડૂતોએ જણાવ્યું. ખેડૂતોને પાકો માં નુકસાન થયું છે તેનાં માટે સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું પણ માલધારીઓ પશુ પાલનો માટે કોઈ સહાય પેકેજ જાહેર કર્યું નથી.

સૌરાષ્ટ્ર ગુજરાત માં કમોસમી વરસાદથી પાકોનેં ભારે નુકસાની વેઠવાનો વારો આવ્યો હતો અને ખેડૂતોને પાકોમાં નુકસાન થતાં રાતાં પાણી રોવાનો વારો આવ્યો હતો

અને સરકાર દ્વારા તાત્કાલિક સહાય ચુકવવામાં આવે તેવી માંગ ઉઠી હતી ત્યાર બાદ રાજ્ય સરકાર દ્વારા દસ હજાર કરોડ ની સહાય પેકેજની જાહેરાત કરવામાં આવી હતી ઉપલેટા તાલુકાના તેલંગણા ગામના ખેડૂતોનું કહેવું છે કે કમોસમી વરસાદથી પાકને મોટું નુકસાન થયું છે. આ નુકસાની પેટે સરકાર દ્વારા જે સહાય પેકેજની જાહર કરાયું છે તેમાંથી તેમને કોઈ ફાયદો નહીં થાય. આ સહાય પેકેજ થી ખેડૂતોના હાથમાં કંઈ નહી આવે.

ખેડૂતો આ સહાય પેકેજને લોલીપોપ સમાન ગણાવ્યું હતું અને કોઈ પણ પ્રકારનો ફાયદો ના થતા કેટલાક ખેડૂતો આત્મહત્યા કરવા માટે મજબૂર બન્યા છે તેવું જણાવ્યું. ઘાસચારો માલધારી અને પશુપાલનો પણ ચિંતિત છે આ રાજ્ય સરકાર દ્વારા સહાય પેકેજ જાહેર થી ખેડૂતો અસંતોષ જોવા મળ્યા હતા અને પોતાની વ્યથા વ્યક્ત કરી હતી

# મોઢવાણા ગામે ડમ્પરના કહેરથી ૪ વીજપોલ ધરાશાયી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરેન્દ્રનગર, તા.૦૮**

સુરેન્દ્રનગર જિલ્લાના લખતર નજીક આવેલા મોઢવાણા ગામે એક મોટી દુર્ઘટના ટળી છે. અહીં એક બેકાબૂ ડમ્પર ચાલકે વીજપોલને જોરદાર ટક્કર મારતા એકસાથે ચાર વીજપોલ ધરાશાયી થઈ ગયા હતા, જેના કારણે ગામમાં વીજળી ગુલ થઈ ગઈ હતી.

ડમ્પર દ્વારા વીજપોલને ટક્કર મારવામાં આવતા પાછળ આવી રહેલી એક કાર પર વીજપોલ પડ્યો હતો. થાંભલો સીધો કાર પર પડવા છતાં, સદભાગ્યે કારના ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હતો અને કોઈ જાનહાનિ થઈ નહોતી. સ્થાનિક ગ્રામજનોએ તાત્કાલિક એકઠા થઈને વીજપોલને ઊંચો કરીને કારને બહાર કાઢી હતી. ચાર વીજપોલ પટકાયા બાદ તુરંત જ મોઢવાણા ગામનો વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો, જેથી મોટી દુર્ઘટના ટળી હતી. જોકે, આ ઘટનામાં બીજું પણ નુકસાન થયું છે. વીજપોલ ધરાશાયી થવાને કારણે પંચાયત દ્વારા સુરક્ષા માટે નાખવામાં આવેલા ૮થી વધુ સીસીટીવી કેમેરાને મોટું નુકસાન થયું છે. ઘટનાની જાણ થતાં જ ઘટનાસ્થળ પર લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા. મોઢવાણા ગામે આ પ્રકારની ઘટના બનતા ગ્રામજનોમાં ભય ફેલાયો છે. ગ્રામજનોએ સ્થાનિક વહીવટી તંત્ર પાસે ભારે વાહનોને ગામના માર્ગો પરથી અન્ય જગ્યાએ ડાયવર્ટ કરવાની તાત્કાલિક માંગ કરી છે.

વર્તમાન પ્રવાહ

વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના હસ્તે વલસાડ-ડાંગ સાંસદ ધવલભાઈ પટેલના ખેલ મહોત્સવનો ભવ્ય શુભારંભ કરાયો

**નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ, રમતગમતના રાજ્યકક્ષા મંત્રી જયરામભાઈ ગામીત, જિલ્લા ભાજપ પ્રમુખ સહિત ધારાસભ્યો રહ્યા ઉપસ્થિત**







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૮**

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત કેન્દ્ર સરકાર દ્વારા ફીટ ઈન્ડિયા અભિયાનને સમગ્ર દેશમાં જબરજસ્ત લોક પ્રતિસાદ મળી રહ્યો છે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં 'ફિટ ઈન્ડિયા અભિયાન' અંતર્ગત સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫ (ફિટ યુવા ફોર વિકસિત ભારત)નું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત લોકસભાના દંડક, વલસાડ-ડાંગના સાંસદ શ્રી ધવલભાઈ પટેલ દ્વારા સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે.

વલસાડ જિલ્લાના ઉમરગામ ખાતે ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશના યશસ્વી અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, ગુજરાત સરકારના નાણાં, શહેરી વિકાસ, શહેરી ગૃહનું નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, આદિજાતી વિકાસના કેબિનેટ અને વલસાડ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, ગુજરાત સરકારના રમત-ગમત વિભાગના રાજ્યકક્ષાના મંત્રી શ્રી જયરામભાઈ ગામીત, વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારા, વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી, તેમજ જિલ્લાના તમામ ધારાસભ્યશ્રીઓની વિશેષ ઉપસ્થિતિમાં સાંસદ ખેલ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, વલસાડ-ડાંગ સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫માં અંદાજિત બે લાખ જેટલા રમતવીરોએ ઓનલાઈન નોંધણી કરાવી છે. શ્રી ધવલભાઈ પટેલ દ્વારા આયોજિત સાંસદ ખેલ મહોત્સવ દેશમાં સૌથી વધારે ઓનલાઈન નોંધણી કરાવનાર રમતવીરોના પગલે પ્રથમ હરોળમાં સ્થાન મળવા પામ્યો છે. આગામી તારીખ ૨૫મી ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સાંસદ ખેલ મહોત્સવના સમાપન સમયે દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી વર્ચુઅલી ઉપસ્થિત રહેનાર છે. જેને લઈ લોકોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

# વાપી નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બનતા વાપી શહેર એકતા સમિતિની રચના કરાઈ

**વલસાડ જિલ્લા મેજિસ્ટ્રેટ ભવ્ય વર્માએ સમિતિમાં ૬ અધિકારી અને ૧૩ બિનસરકારી સભ્ય મળી કુલ ૧૯ સભ્યોનો સમાવેશ કર્યો**

**કોમી એકતા અને એખલાસભર્યું વાતાવરણ જાળવી રાખવા, કોમી બનાવોને નિવારવા માટે તેમજ કોમી તંગદિલી નિવારવા સમિતિ ઉપયોગી બનશે**

**સમિતિમાં મેયર, ડેપ્યુટી મેયર, મ્યુ.કમિશનર, જિલ્લા મેજિસ્ટ્રેટ, પોલીસ અધિક્ષક અને ત્રણ ધારાસભ્યોનો પણ સમાવેશ કરાયો**




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૮**

દેશની રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા જળવાઈ રહે તે માટે માર્ગદર્શક સૂચનો કરવા અને કોમવાદ, જ્ઞાતિવાદ અને પ્રાદેશિકતાવાદ જેવા અનિષ્ટોને નાબૂદ કરવાના ઉપાયો સૂચવવા ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય એકતા પરિષદની રચના કરવામાં આવી છે. આ જ પ્રમાણે રાજ્ય કક્ષાએ પણ આ જ હેતુઓ માટે એટલે કે રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા સંવર્ધન, સમગ્ર રાજ્યમાં શાંતિ, એકતા અને સદ્ભાવનાને વધુ બળવત્તર બનાવવા માટે આમુખ-૧ થી વિવિધ એકતા સમિતિ અંગે બંધારણ નક્કી કરવામાં આવ્યું છે. જે મુજબ વાપી નગરપાલિકાનો મહાનગરપાલિકામાં સમાવેશ થતા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભવ્ય વર્મા દ્વારા વાપી શહેર એકતા સમિતિની રચના કરવામાં આવી છે.

વાપી મહાનગરપાલિકામાં કોમી એકતા અને એખલાસભર્યું વાતાવરણ જાળવી રાખવા, કોમી બનાવોને નિવારવા માટે તેમજ કોમી તંગદિલી નિવારવામાં ઉપયોગી થાય તે માટે વાપી શહેર એકતા સમિતિ (જિલ્લા કક્ષા)ની રચના કરવામાં આવી છે, જેમાં અધિકારીશ્રીઓમાં અધ્યક્ષ તરીકે મેયરશ્રી, વાપી મહાનગરપાલિકા, નાયબ અધ્યક્ષશ્રી ડેપ્યુટી મેયરશ્રી, વાપી મહાનગરપાલિકા, સભ્યશ્રી મ્યુનિસિપલ કમિશનરશ્રી, વાપી મહાનગરપાલિકા, સભ્યશ્રી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સભ્યશ્રી પોલીસ અધિક્ષકશ્રી, વલસાડ અને સભ્ય સચિવશ્રી તરીકે નાયબ પોલીસ અધિક્ષકશ્રી, વલસાડ (મુખ્ય મથક)નો સમાવેશ કરવામાં આવ્યો છે.

જ્યારે બિનસરકારી સભ્યશ્રીમાં કપરાડાના ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરી, વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ, ઉમરગામના ધારાસભ્યશ્રી રમણલાલ પાટકર, દિનેશ શિવાજીભાઈ ગુંડ, સની ગોવિંદભાઈ પટેલ, અજીત મહેતા, રાકેશ નારણભાઈ પટેલ, ગીતા પ્રવિણચંદ્ર પટેલ, યોગેશ રામુભાઈ પટેલ, મોહમદઈશા મકસુદઅલી શેખ, મનોજ ભંડારી, શ્રીપાદ પ્રભાકર સોની અને સંદિપ અમ્રતલાલ પટેલનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉપરોક્ત બિન સરકારી સભ્યોની મુદત હુકમની તારીખથી બે વર્ષ સુધી રહેશે. મેયરશ્રી તથા ડેપ્યુટી મેયરશ્રીની નિમણૂક ન થાય ત્યાં સુધી વહીવટદાર અધ્યક્ષશ્રીનો હોદ્દા ધારણ કરશે.

# વલસાડના પારડી સાંઢપોર અને વાપીના લવાછાના આયુષ્યમાન આરોગ્ય મંદિર એનક્યુએએસ પ્રમાણપત્રથી સન્માનિત





**રાષ્ટ્રીય ટીમની ચકાસણીમાં પારડી સાંઢપોર પેટા કેન્દ્ર ૯૦.૬૭ ટકા અને લવાછા પેટા કેન્દ્ર ૯૧.૩૯ ટકા સાથે ઉત્તિર્ણ થતા ખુશીની લહેર**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૮**

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા વલસાડ જિલ્લાના વલસાડ, ઉમરગામ, ધરમપુર અને કપરાડા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હસ્તકના કુલ ૨૨ પેટા આરોગ્ય કેન્દ્રો (આયુષ્યમાન આરોગ્ય મંદિરો)ને નેશનલ ક્વોલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ (એનક્યુએએસ) એટલે કે, રાષ્ટ્રીય ગુણવત્તાની ખાતરી ધોરણોનું રાષ્ટ્રીય કક્ષાનું સ્થળ મુલ્યાંકન કરવામાં આવ્યું હતું.

ગત સપ્ટેમ્બર માસ દરમિયાન રાષ્ટ્રીય સ્તરની ટીમ આરોગ્ય ક્ષેત્રે વિવિધ માપદંડોના મૂલ્યાંકન માટે વલસાડ જિલ્લામાં આવી હતી. જેમાં વલસાડ તાલુકાના પારડી સાંઢપોર અને વાપી તાલુકાના લવાછા ગામના આયુષ્યમાન આરોગ્ય મંદિર (સબ સેન્ટર)માં વિવિધ સર્વિસ પેકેજ જેવા કે, સગર્ભા માતાની પ્રસુતિ, પ્રસુતિ પછીની સારસંભાળ, નવજાત શિશુ અને ૧ વર્ષથી નાના બાળકના આરોગ્યની સંભાળ, રસીકરણ સહિત બાળ સંભાળ અને કિશોર કિશોરીઓને લગતી પુરતી આરોગ્ય સેવા, કુટુંબ કલ્યાણને લગતી સેવાઓ તેમજ તેને સંલગ્ન આરોગ્ય સેવાઓ, સામાન્ય બિમારીઓના ઉપચાર, રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમોનું સઘન સંચાલન જેમાં સંચારી રોગચાળા સંબંધિત પ્રોગ્રામ અમલીકરણ, ડાયાબીટીસ, હાયપર ટેન્શન, કેન્સર જેવા નોન કોમ્યુનિકેબલ રોગોનું નિદાન અને સારવાર, આંખ, કાન, નાક તથા ગળાને લગતી બિમારી અને રોગોનું સ્ક્રીનીંગ નિદાન તેમજ સારવાર, દાંતના આરોગ્યને સંબંધિત સેવાઓ, માનસિક આરોગ્યને લગતી બિમારીઓનું નિદાન તેમજ સારવાર, વધુ વય ધરાવતા વ્યક્તિઓ માટે ઉંમર સંલગ્ન સારવાર તેમજ ઈમરજન્સી સેવાઓ સાથે સાથે કાર્યક્રમો તથા જનરલ એડમિનિસ્ટ્રેશન, ફાઈનાન્સને લગતી વિવિધ બાબતો તથા આરોગ્યને લગતી વિવિધ સુવિધાઓનું ચેકિંગ રાષ્ટ્રીય કક્ષાના નિષ્ણાંતો દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ દર્દીને કેવી રીતે સારવાર આપવામાં આવે છે, દર્દીને સરકારી સેવાથી સંતોષ છે કે કેમ, અધિકારી અને કર્મચારીઓનું આરોગ્યલક્ષી જ્ઞાન, સરકારના નિયમ મુજબ રેકર્ડ ચકાસણી કરવામાં આવી હતી. ટીમ દ્વારા ચકાસણી બાદ પરિણામ જાહેર કરાતા પારડી સાંઢપોર આયુષ્યમાન આરોગ્ય મંદિરને ૯૦.૬૭ ટકા અને લવાછા ગામના આયુષ્યામાન આરોગ્ય મંદિરને ૯૧.૩૯ ટકા સાથે એનક્યુએએસ પ્રમાણપત્ર મળતા જિલ્લા આરોગ્ય તંત્રમાં ખુશીની લહેર ફરી વળી હતી.

વલસાડ જિલ્લા ક્વોલિટી એન્સ્યોરન્સ મેડિકલ ઓફિસર ડો. દિવ્યેશ પટેલે જણાવ્યું કે, આગામી સમયમાં જિલ્લાના તમામ આ.આ.મં.માં રાષ્ટ્રીય કક્ષાની ટીમ દ્વારા તપાસ કરી મૂલ્યાંકન કરવામાં આવશે. જેથી છેવાડાના દર્દીઓને પણ વધુમાં વધુ સારી સેવાઓ ઘર આંગણે ઉપલબ્ધ કરી શકાય છે, જેથી સરકારનો હેતુ સિધ્ધ થશે. જિલ્લામાં કુલ ૩૦૯ આયુષ્યમાન આરોગ્ય મંદિર (સબ સેન્ટર) જેમાંથી અત્યાર સુધીમાં કુલ ૩૦ ફુલ્લી પાસ થયા છે જ્યારે ૧૮ સબ સેન્ટરો શરતોને આધિન પાસ થયા છે. જિલ્લાના તમામ સબ સેન્ટરોને એનક્યુએએસ પ્રમાણપત્ર મળે તે માટે ગુણવત્તાલક્ષી તબીબી સેવા ગ્રામ્ય વિસ્તારમાં ઉપલબ્ધ કરાવવા માટે જિલ્લા આરોગ્ય તંત્ર કટિબધ્ધ છે.

# વલસાડમાં કેમિકલ માફિયાના કારસ્તાન ઉજાગર થઈ રહ્યા છે, વધુ એક માદક પાવડર બનાવવાની ફેક્ટરી ઝડપાઈ

**કુંડી ઓવરબ્રિજ નજીક કંપનીમાં એસઓજીએ રેડ કરીઃ ૧૧ લાખનો માદક પાવડર ઝડપાયો તો કલવાડા કારમાંથી પણ જથ્થો મળી આવ્યો**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૮**

વલસાડ જિલ્લામાં બુટલેગરોની સાથે સાથે હવે કેમીકલ માફિયા પણ સક્રિય થઈ ગયા છે. છેલ્લા ત્રણ દિવસથી એક પછી એક કૌભાંડ ઝડપાઈ રહ્યા છે તેવું વધુ એક કૌભાંડ કુંડી ઓવરબ્રિજ નજીક એસ.ઓ.જી.એ ઝડપી પાડ્યું. માદક પાવડર બનાવતી ધપધપતી ફેક્ટરી ઝડપી પાડીને ૧૧લાખનો માદક પાવડરનો જથ્થો જપ્ત કરીને પોલીસે એફ.એસ.એલ.ને મોકલી આપી કંપની સીલ કરવામાં આવી છે.

વલસાડમાં બે દિવસ પહેલા પીઠા ગામે ડી.આર.આઈ.એ રેડ કરીને માદક કેમીકલ બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ કર્યા હતા.



૨૨ કરોડનો માદક કેમીકલનો જથ્થો ઝડપી પાડી બે માલિક અને બે કર્મચારી સહિત ચારની ધરપકડ કરવામાં આવી હતી. ત્યાં ગત રોજ વધુ એક માદક પાવડર બનાવવાનું કૌભાંડ ઝડપાયું છે. એસ.ઓ.જી.એ વલસાડ કુંડી ફાટક નજીક એક ફેક્ટરીમાં રેડ પાડી હતી. રેડ કામગીરીમાં ૧૧ લાખનો માદક પાવડર મળી આવ્યો હતો. જેની વધુ તપાસ માટે એફ.એસ.એલ.ને મોકલી અપાયેલ છે. તો ડી.આર.આઈ.નો તપાસનો રેલો વધુ લંબાયો છે. વલસાડ નજીક કલવાડામાં વાડીમાં આવેલ કોલ્ડ સ્ટોરેજમાં તૈયાર માદક પાવડર કેમીકલનો તૈયાર જથ્થો અને રોમટીરીયલ મળી આવ્યા છે. પીઠા પ્રકરણમાં ઝડપાયેલા બે સંચાલક અશોક પીઠડીયા(વાપી) અને ચંદ્રકાન્ત છેડા (વલસાડ)ની ધરપકડ બાદ કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસના રિમાન્ડ મળ્યા છે. ડી.આર.આઈ.ની ટીમે રિમાન્ડ દરમિયાન કરેલી સઘન પૂછપરછમાં બન્ને આરોપીઓએ કલવાડા કોલ્ડ સ્ટોરેજમાં રોમટીરીયલ અને કેમીકલ છુપાવ્યાની કબૂલાત કરી હતી.

# સાહેબ આવી રહ્યા છે... વાપી નાનાપોંઢા ખખડધજ રોડનું નવીનીકરણ યુદ્ધના ધોરણે તંત્રએ આરંભી દીધું



**પ્રધાનો, ધારાસભ્યો, સાંસદોએ નિયમિત પ્રવાસો કરવા જોઈએ... તો જ તંત્રની આળસ ઓછી થશે**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૦૮:** વાપી શામળાજી નેશનલ હાઈવે ૫૬ રોડની ખખડધજ હાડકા તોડ જેવી સ્થિતિ સર્જાઈ ચૂકેલી હતી. વ્યાપક ફરિયાદો હોવા છતાં રોડ મરામતની કામગીરી થતી નહોતી. પરંતુ ગઈકાલથી વાપી નાનાપોંઢા રોડની નવિનીકરણની કામગીરી ચમત્કારિક રીતે શરૂ થઈ ચૂકી છે. કારણ કે સાહેબ આવે છે.

વાપી નાનાપોંઢા શામળાજી જતો રોડ ચોમાસામાં એટલે હદે બિસ્માર થઈ ચૂક્યો હતો કે વાહન ચાલકો, ખાડાઓ વચ્ચે રોડ શોધતા હતા. હજારો વાહનો, ખાડાઓ વચ્ચે રોડ શોધતા હતા. હજારો વાહનો, નોકરીયાત, સ્થાનિક લોકો માટે આ રોડ હાર્ટ લાઈન સમાન છે. પરંતુ ચોમાસામાં રોડની બદ હાલત થઈ ચૂકી હતી. લોકોની ધારાસભ્યથી લઈ મુખ્યમંત્રી સુધીની રજૂઆતો પણ એળે ગઈ હતી. પરંતુ ગઈકાલે ચમત્કારિક રીતે યુદ્ધના ધોરણે આ રોડની નવિનીકરણની કામગીરી તાબડતોબ શરૂ થઈ ગઈ હતી. કારણ કે સાહેબ આવે છે, જેમાં બન્યું એવું છે કે હાલમાં ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી હેતુ ઉમરગામથી જનજાતિય ગૌરવ યાત્રાનો પ્રારંભ કરાયો હતો. આ યાત્રા ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્મા, સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈ સહિત તમામ ધારાસભ્યો આ યાત્રામાં જોડાયા છે. યાત્રા નાનાપોંઢા રોડથી પસાર થવાની હોવાથી જાહેર બાંધકામ વિભાગે યુદ્ધના ધોરણે રોડ બનાવવાની કામગીરી શરૂ કરી દીધી હતી. ત્યારે સ્પષ્ટપણે લાગી રહ્યું હતું. સાંસદ, ધારાસભ્યો, પ્રધાનોએ રોજે રોજ તમામ રોડ ઉપરથી પસાર થાય તો જવા રોડ બની જાય.

# મરોલી ખાતે શ્રી કાલભૈરવ મંદિર શિખર પ્રતિષ્ઠા તેમજ પ્રસાદ વાસ્તુ મહોત્સવ યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૮**

મરોલી ખાતે સવંત ૨૦૮૨ કારતક વદ સાતમને મંગળવાર તા.૧૧/૧૧/૨૦૨૫ના રોજ સ્વયંભૂ શ્રી કાલભૈરવ મંદિર ટ્રસ્ટના પ્રમુખ શ્રી ભદ્રેશભાઈ ઉકડભાઈ ટંડેલ દ્વારા સ્વયંભૂ શ્રી કાલભૈરવ મંદિર શિખર પ્રતિમ તેમજ પ્રાસાદ વાસ્તુ પૂજાનું તેમજ યજ્ઞ અનુષ્ઠાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મરોલીના જ્યોતિષાચાર્ય શ્રી પંકજકુમાર જોષી દ્વારા મંત્રોચ્ચાર દ્વારા વિધીઓ કરવામાં આવશે.

જેમાં પ્રથમ દિન કારતક વદ છઠ્ઠને સોમવાર તા. ૧૦/૧૧/૨૦૨૫ના રોજ સવારે ૬:૦૦ થી ૭:૦૦ દેહ શુદ્ધિ પ્રાયશ્ચિત કર્મ, સવારે ૯:૦૦ કલાકે પંચાગ કર્મ દેવતા સ્થાપન પૂજન, સવારે ૧૨:૦૦ કલાકે અગ્નિ સ્થાપના, બ્રહ્મા, ગ્રહ રૂદ્ર, યોગીની, ક્ષેત્રપાલ તેમજ પ્રધાન દેવહોમાદિ કર્મ, કર્મ કુટીર પૂજા હોમ તેમજ સાંજે ૫:૩૦ કલાકે શોભાયાત્રાં આયોજન કરવામાં આવ્યું છે જે સ્વયંભૂ કાલ ભૈરવ મંદિરથી નિકળશે. અને ૭:૦૦ કલાકે આરતીનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમના બીજા દિવસ કારતક વદ સાતને મંગળવાર તા. ૧૧/૧૧/૨૦૨૫ના રોજ સવારે ૭:૦૦ કલાકે પ્રાતઃ દેવતા પૂજન સ્થાપિત દેવા સ્વયંભૂ શ્રી કાલ ભૈરવ દેવતા અભિષેક કર્મ કરાશે. ત્યારબાદ સાંજે ૪:૦૦ વાગ્યાથી ૫:૦૦ વાગ્યા સુધી શિખર પ્રતિષ્ઠાન ધ્વજ દંડ પૂજા સ્થાપિત દેવતા ઉતરાંગ કર્મ, સાંજે ૫:૦૦થી ૬:૦૦ કલાકે સ્થાપિત દેવતા બલિદાન, ૬:૦૦થી ૭:૦૦ કલાકે સમગ્ર કાર્યક્રમની પૂર્ણાહૂતી બાદ રાત્રે ૭:૦૦ વાગ્યે મહાઆરતીનું આયોજન કરવામાં આવશે.

કાર્યક્રમના ત્રીજા દિવસ કારતક વદ આઠને બુધવાર ૧૨/૧૧/૨૦૨૫ના રોજ સવારે ૭:૦૦ કલાકે સ્વયંભૂ શ્રી કાલભૈરવ જયંતિ, સવારે ૮:૦૦ કલાકે શ્રી ગણેશપૂજા અને પ્રધાન સ્વયંભૂ શ્રી કાલભૈરવ અભિષેક પૂજા અને હોમનું બપોરે ૧૨:૦૦ કલાકે પૂર્ણાહૂતી બાદ બપોરે ૧૨:૩૦ કલાકે મહાઆરપી અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે આયોજક દ્વારા વધુમાં વધુ ભાવિક ભક્તોને સ્વયંભૂ શ્રી કાલ ભૈરવ મંદિર ટ્રસ્ટ, મરોલી ભૈરવ પેટ્રોલપંપની સામે મરોલી, તા. ઉમરગામ ખાતે ઉપસ્થિત રહી પૂજા વિધી અને મહાપ્રસાદનો લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# વાપીની શ્રી એલ. જી. હરિઆ મલ્ટિપર્પઝ શાળાના સ્થાપકની ૮૫મા જન્મદિવસ નિમિત્તે ઉજવણી કરાઈ






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૮**

વાપીની શ્રી એલ. જી. હરિઆ મલ્ટિપર્પઝ શાળાના સ્થાપક શ્રી કાન્તીલાલ લખમશી હરિયાની ૮૫મા જન્મદિવસ નિમિત્તે શાળામાં ઉજવણી કરવામાં આવી હતી.

આજે વાપીની શ્રી એલ. જી. હરિઆ મલ્ટિપર્પઝ શાળામાં સંસ્થાના કર્મવીર અને દાનવીર સ્થાપક શ્રી કાન્તીલાલ લખમશી હરિયાની યાદમાં એમના ૮૫મા જન્મદિવસની ઊજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના ટ્રસ્ટી શ્રીમતી હર્ષિદાબેન રમેશભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. જેમના વરદ હસ્તે શાળાના બાળકોને સ્તૃતિ ભેટ આપવામાં આવી હતી. બાળકો ભેટ પ્રાપ્ત કરી ખૂબજ ખુશ થઈ ગયા હતા.